# નવગુજરાત ટાઈમ્સ

Early Morning Daily of South Gujarat

■ તંત્રી - મુદ્રક - -કાશક : ગણેશ પી.સાવંત

૧૪-૦૨-૨૦૨૫ શુક્રવાર પાનાં ૮ કિંમત રૂા ૨.૦૦

■ માલિક, મુદ્રણ અને પ્રકાશન સ્થળ : શ્રી સાંઈ પ્રકાશન, એફ ૧ થી ૬, સંકલ્પ શોપીંગ સેન્ટર, ભટાર ટેનામેન્ટ સામે, ભટાર રોડ, સુરત. ફેક્સ નં.(૦૨૬૧) ૨૨૬૪૮૪૯ ■ ઈમેલ :- navgujarat2002@ yahoo.co.in

■ સળંગ વર્ષ : ૩૩ ‡ અંક : ૬૭ ‡ વિક્રમ સંવત ૨૦૮૦ મહા વદ બીજ

■ REGD. NO.: SRT-182 / 2006-2008 ■ RNI NO. - 54951 / 93


### કરદાતાઓને થશે મોટો ફાયદો

# નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કર્યું નવું આવકવેરા બિલ

**નવા બિલમાં ૫૩૬ કલમો, ૨૩ પ્રકરણો અને ૧૬ અનુસૂચિઓ છે. તે ફક્ત ૬૨૨ પાના પર ચિહ્નિત થયેલ છે. આમાં કોઈ નવો કર લાદવાનો ઉલ્લેખ નથી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,૧૩

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ રજૂ કર્યું છે. હવે આ બિલને વધુ ચર્ચા માટે સંસદીય સ્થાયી સમિતિમાં મોકલવામાં આવશે. નવું આવકવેરા બિલ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવવાની અપેક્ષા છે. આ નવું બિલ આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ને બદલવાનો છે. હકીકતમાં, છેલ્લા ૬૦ વર્ષમાં કરવામાં આવેલા સુધારાઓને કારણે, હાલનો આવકવેરા કાયદો ખૂબ મોટો બની ગયો છે. નવા બિલમાં ફ્રિન્જ બેનિફિટ ટેક્સ સંબંધિત બિનજરૂરી કલમો દૂર કરવામાં આવી છે. આ બિલ 'સમજૂતીઓ અથવા જોગવાઈઓ'થી મુક્ત છે,

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. આ નવો કાયદો ૬ દાયકા જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે અને કર પ્રણાલીને સરળ, પારદર્શક અને વધુ અસરકારક બનાવશે. નવા બિલમાં ૫૩૬ કલમો, ૨૩ પ્રકરણો અને ૧૬ અનુસૂચિઓ છે. તે ફક્ત ૬૨૨ પાના પર ચિહ્નિત થયેલ છે. આમાં કોઈ નવો કર લાદવાનો ઉલ્લેખ નથી. આ બિલ હાલના આવકવેરા કાયદા, ૧૯૬૧ ની ભાષાને સરળ બનાવે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. અગાઉ, ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ, કેન્દ્રીય મંત્રીમંડળે આ બિલને મંજૂરી આપી હતી. આ નવું બિલ લગભગ ૬૦ વર્ષ જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે અને કર પ્રણાલીને સરળ, પારદર્શક અને વધુ અસરકારક બનાવશે.

નવા બિલમાં 'એસેસમેન્ટ ઈયર' શબ્દને 'ટેક્સ ઈયર' શબ્દન ઉપયોગ કરવામાં આવશે, જે ૧ એપ્રિલથી ૩૧ માર્ચ સુધી ૧૨ મહિનાનો સમયગાળો હશે. જો કોઈ નવો ધંધો અથવા વ્યવસાય શરૂ કરવામાં આવે છે, તો તેનું કર વર્ષ તે દિવસથી શરૂ થશે અને તે જ નાણાકીય વર્ષના અંતે સમાપ્ત થશે. નવા બિલમાં કાનૂની શબ્દોને સરળ અને ટૂંકા કરવામાં આવ્યા છે, જેનાથી તે સમજવામાં સરળતા રહે છે. બિલમાં પ્રકરણોની સંખ્યા ૨૩ રહે છે, પરંતુ વિભાગોની સંખ્યા ૨૯૮ થી વધીને ૫૩૬ થઈ ગઈ છે. સમયપત્રકની સંખ્યા ૧૪ થી વધીને ૧૬ થઈ ગઈ છે.

જૂના કાયદામાં હાજર

અનુસંધાન પાના ૭ પર

### સુપ્રીમ કોર્ટે આપી રાહત

# હવે લોટરી વિતરકોને સર્વિસ ટેક્સ નહીં ચૂકવવો પડે



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં કહ્યું છે કે કેન્દ્ર સરકાર અને તેના મહેસૂલ વિભાગને લોટરી ટિકિટની જાહેરાત, પ્રમોશન અથવા વેચાણ પર સર્વિસ ટેક્સ લાદવાનો અધિકાર નથી અને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને તેના મહેસૂલ વિભાગ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓને ફગાવી દીધી છે. ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને એન.કે. સિંહની બેન્ચે કહ્યું કે ભારત સંઘ અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલમાં કોઈ યોગ્યતા નથી. તેથી આ અપીલો ફગાવવામાં આવે છે.સિક્કિમ હાઈકોર્ટના ચુકાદાને સમર્થન આપતો ૧૨૦ પાનાનો ચુકાદો આપતા જસ્ટિસ નાગરત્નાએ નાણા અધિનિયમ, તેના સુધારાઓ અને કેસના ઈતિહાસની ચર્ચા કરી. ન્યાયાધીશે કહ્યું કે અમને લાગે છે કે લોટરી ટિકિટના એકમાત્ર વિતરક/ખરીદનાર (પ્રતિવાદી-

અનુસંધાન પાના ૭ પર

### મ્યુનિક પોલીસે કરી ડ્રાઈવરની ધરપકડ

# જર્મનીમાં કાર ડ્રાઈવરે બાળકો સહિત ૨૦ લોકોને કચડ્યા

## ઘટના બાદ સુરક્ષા દળોએ તુરંત વિસ્તારનો ઘેરાવ કર્યો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

જર્મની,૧૩

જર્મનીના મ્યુનિક શહેરમાં એક શખસે ૨૦થી વધુ લોકોને કાર નીચે કચડી નાખ્યા છે, જેમાં બાળકો પણ સામેલ હોવાના અહેવાલ છે.

યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી અને અમેરિકન ઉપ પ્રમુખ જે.ડી. વેન્સની બેઠક પહેલા બનેલી આ ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. આ ઘટના મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સથી માંડ દોઢેક કિલોમીટર દૂર જ બની છે, જેના કારણે મ્યુનિકમાં અનેક ઉચ્ચ અધિકારીઓ અને આંતરરાષ્ટ્રીય પત્રકારો પહોંચી ચૂક્યા છે. પોલીસે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને કહ્યું છે કે,

અમે કાર ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે, જેની પૂછપરછ ચાલી રહી છે. આ હુમલાનો આરોપી એક સાઉદી ડૉક્ટર છે. જણાવી દઈએ કે, શુક્રવારે (૧૪ ફેબ્રુઆરી) મ્યુનિકમાં અમેરિકન ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ અને યુક્રેનના રાષ્ટ્ર પ્રમુખ ઝેલેન્સ્કી વચ્ચે એક બેઠક થવાની છે. આ પહેલાં ટ્રેડ યુનિયન તરફથી આયોજિત દેખાવ દરમિયાન મ્યુનિક સેન્ટ્રલ રેલવે સ્ટેશન પાસે દચાઉર સ્ટ્રાસે અને સીડલસ્ટ્રાસેના વિસ્તારમાં એક કારે ભીડને ટક્કર મારી દીધી, જેનાથી આ મોટો અકસ્માત થયો છે. અકસ્માત મુદ્દે યુનિયને કહ્યું કે, અમને આ ઘટના વિશે કોઈ જાણકારી નથી. ઘટના બાદ સુરક્ષા દળોએ તુરંત વિસ્તારનો ઘેરાવ કર્યો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે. હજુ સુધી સ્પષ્ટ નથી કે, આ હુમલો હતો કે દુર્ઘટના. જણાવવામાં આવી રહ્યું છે કે, ઈજાગ્રસ્ત લોકોમાંથી અનેકની સ્થિતિ ગંભીર છે. મ્યુનિક ફાયર ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ગેરહાર્ડ પેશ્કેના જણાવ્યા અનુસાર,

અનુસંધાન પાના ૭ પર

### કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના હસ્તે ઉદ્‌ઘાટન થયું

# ગાંધીનગરમાં પ્રથમ BIMSTEC યુવા સમિટનું ઉદ્‌ઘાટન કર્યું

**યુવા બાબતોના વિભાગે ગુજરાતના ગાંધીનગરમાં પ્રથમ BIMSTEC યુવા સમિટના ઉદ્‌ઘાટન સત્રનું આયોજન કર્યું હતુ**



(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર,૧૩

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના યુવા બાબતોના વિભાગે ગુજરાતના ગાંધીનગરમાં પ્રથમ BIMSTEC યુવા સમિટના ઉદ્‌ઘાટન સત્રનું આયોજન કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય સમગ્ર ક્ષેત્રમાં યુવા સહયોગને મજબૂત બનાવવા અને BIMSTEC સભ્ય દેશો વચ્ચે યુવા-નેતૃત્વ હેઠળની પહેલોના આદાન-પ્રદાનને સરળ બનાવવાનો હતો. આ સત્ર મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયું હતું અને તેની અધ્યક્ષતા કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કરી હતી.ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી શ્રીમતી રક્ષા ખડસે અને વિદેશ મંત્રાલયમાં સચિવ (પૂર્વ) શ્રી જયદીપ મઝુમદાર અને ભારતીય ડેલિગેશનનું નેતૃત્વ કરનારા વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોષી સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.

પોતાના સંબોધનમાં, ડૉ. માંડવિયાએ સ્થિતિસ્થાપક, સમૃદ્ધ અને એકબીજા સાથે જોડાયેલા BIMSTEC સમુદાયને આકાર આપવામાં યુવા નેતાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે BIMSTEC ની ૧.૮ અબજ વસ્તીના ૬૦% થી વધુ હિસ્સો ધરાવતા પ્રદેશના યુવાનોની અપાર સંભાવના પર પ્રકાશ પાડ્યો અને ઝડપથી વિકસતા વૈશ્વિક પરિદ્રશ્યમાં કૌશલ્ય વિકાસ અને તકોની જરૂરિયાત પર ભાર મૂક્યો. ડૉ. માંડવિયાએ યુવા સશક્તિકરણ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા પણ દર્શાવી, સ્કીલ ઈન્ડિયા મિશન, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને પીએમ ઈન્ટર્નશિપ યોજના જેવી પહેલો પર પ્રકાશ પાડ્યો, જેણે AI, રોબોટિક્સ અને ડિજિટલ ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં ૧૫ મિલિયનથી વધુ યુવાનોને તાલીમ આપી છે. તેમણે ભારતના સમૃદ્ધ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પર પણ પ્રકાશ પાડ્યો, જે હવે વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું છે, જેમાં ૧૫૭,૦૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સમાંથી લગભગ અડધા મહિલાઓ દ્વારા સંચાલિત છે.

તેમણે પ્રસ્તાવ મૂક્યો કે

અનુસંધાન પાના ૭ પર

### તોડફોડ બાદ દેખાવ કરવાનો આરોપ

# જામિયા યુનિવર્સિટીમાં ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત

**આ વિદ્યાર્થીઓ બે પીએચડી સ્કોલર સામે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી,૧૩

દિલ્હી પોલીસે આજે વહેલી સવારે ૬:૦૦ વાગ્યે જામિયા યુનિવર્સિટીના ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત કરી છે. યુનિવર્સિટી પ્રશાસનની ફરિયાદ પર પોલીસે આ મોટી કાર્યવાહી કરી છે. આ વિદ્યાર્થીઓ બે પીએચડી સ્કોલર સામે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ વિદ્યાર્થીઓને ગત વર્ષે કથિત રીતે એક પ્રદર્શનનું આયોજન કરવા બદલ કારણ બતાઓ નોટિસ ફટકારવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શન સોમવારથી શરૂ થયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ વહીવટીતંત્રના 'વિદ્યાર્થી ચળવળ પરના કડક પગલાં' ની નિંદા કરી હતી. યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે, સંપત્તિમાં તોડફોડ કરવામાં આવી છે, જેના પગલે સુરક્ષા વધારી દેવામાં આવી છે.

યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે, દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ કેન્ટીન સહિત યુનિવર્સિટીની સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હતું અને સુરક્ષા સલાહકારની ઓફિસનો દરવાજો તોડી નાખ્યો હતો, જેના કારણે વહીવટીતંત્રને કાર્યવાહી કરવાની ફરજ પડી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, 'કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને વિરોધ સ્થળ પરથી હટાવવા માટે પોલીસ હસ્તક્ષેપની વિનંતી કરી હતી. યુનિવર્સિટી વહીવટીતંત્ર તરફથી વિનંતી મળ્યા બાદ અમે સવારે ૪ વાગ્યાની આસપાસ ૧૦થી વધુ વિદ્યાર્થીઓને ત્યાંથી હટાવ્યા છે. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અમે કેમ્પસની બહાર ભારે પોલીસ સુરક્ષા તહેનાત કરી છે.'

યુનિવર્સિટીના નિવેદનને શેર કરતા અન્ય એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, '૧૦થી વધુ વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે. એક નિવેદનમાં યુનિવર્સિટીએ જણાવ્યું કે, ૧૦ ફેબ્રુઆરીની સાંજથી મુઠ્ઠીભર વિદ્યાર્થીઓએ શૈક્ષણિક બ્લોકમાં ગેરકાયદેસર રીતે એકઠા થઈને વિરોધ પ્રદર્શનનું આહવાન કર્યું હતું. ત્યારથી તેઓએ ન માત્ર વર્ગોના શાંતિપૂર્ણ સંચાલનમાં ખલેલ પહોંચાડી, પરંતુ મધ્ય-સેમેસ્ટર પરીક્ષાઓ શરૂ થવાની તૈયારીમાં છે ત્યારે અન્ય વિદ્યાર્થીઓને સેન્ટ્રલ લાઈબ્રેરીમાં પ્રવેશતા અને ક્લાસમાં જતા પણ અટકાવ્યા છે.'યુનિવર્સિટીનું કહેવું છે કે, 'વિરોધ કરી રહેલા

અનુસંધાન પાના ૭ પર

### બંને દેશો વચ્ચે વેપાર, સંરક્ષણ સહિતના ક્ષેત્રે ભાગીદારી વધારવા સહમતિ

# ફ્રાન્સે ભારતીય બનાવટના પિનાક રોકેટ લોન્ચર ખરીદવામાં રસ દાખવ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)

પેરિસ, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંએ બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ સંબંધો વધારવા હાકલ કરી હતી બેઠક દરમિયાન બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને વિવિધ વૈશ્વિક મંચો પર એકબીજાની મદદ અને પરસ્પર ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મોદીએ કહ્યું કે ભારત દ્વારા ફ્રાન્સ પાસેથી પિનાક રોકેટ લોન્ચરની ખરીદી બંને દેશો વચ્ચે સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવશે.પીએમ મોદી અને મેક્રોં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને સુરક્ષા પરિષદના મુદ્દાઓ સહિત વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર નજીકથી સંકલન કરવા સંમત થયા હતા. મેક્રોંએ યુએનએસસીમાં ભારતની કાયમી સભ્યપદ માટે ફ્રાન્સના મજબૂત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. ત્યારબાદ મોદી રઅને મેક્રોં સંરક્ષણ, નાગરિક પરમાણુ ઊર્જા અને અવકાશના રાજકીય ક્ષેત્રોમાં સહયોગની પણ સમીક્ષા કરી હતી. આ ઉપરાંત, ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં સહયોગને મજબૂત કરવાના માર્ગો પર પણ ચર્ચા કરવામાં આવી હતી.પ્રધાનમંત્રી મોદી ફ્રાન્સની મુલાકાત પૂર્ણ કરીને અમેરિકા જવા રવાના થયા હતા જ્યાં તેઓ ભારતીય સમયાનુસાર મોડી રાત્રે વોશિંગ્ટન પહોંચશે. ઈમેન્યુઅલ મેક્રોં સ્વયં પીએમ મોદીને વિદાય આપવા એરપોર્ટ પર પહોંચ્યા હતા. તેમણે પીએમ મોદીને ગળે લગાવીને વિદાય આપી હતી. ફ્રાંસ મુલાકાત બાદ મોદીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, 'આભાર ફ્રાન્સ! મારી મુલાકાત ફ્ફદાયી રહી, જ્યાં મેં છૈં, વાણિજ્ય, ઊર્જા અને સાંસ્કૃતિક સંબંધો સહિત વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને ફ્રાન્સના લોકોનો આભાર.' પીએમ મોદીની આજથી અમેરિકાની મુલાકાતે છે. અમેરિકાના

અનુસંધાન પાના ૭ પર

### ગ્રીનલેન્ડના જવાબમાં કેલિફોર્નિયા ખરીદવા તૈયાર

# ૬૦ લાખની વસતી ધરાવતા દેશે ટ્રમ્પની ઠેકડી ઉડાડી

## ડેન્માર્કના ૨ લાખથી વધુ નાગરિકોએ એક અરજી પર હસ્તાક્ષર કર્યા છે જેમાં તેમણે અમેરિકા પાસેથી કેલિફોર્નિયા ખરીદવાની વાત કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી,

ગત મહિને અમેરિકાના પ્રમુખ પદ પર પાછા ફર્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાને ૫૧મું અમેરિકન રાજ્ય બનાવવાની વાત કરી, પનામા કેનાલને પોતાના કબજામાં લેવાનું સૂચન કર્યું, ગાઝા પર અમેરિકાના નિયંત્રણની યોજના બનાવી અને ગ્રીનલેન્ડને ખરીદવાનો પ્રયાસ કર્યો. તેમના આ નિર્ણયોનો ઘણો વિરોધ પણ થયો. કેનેડા અને ચીને પણ ટ્રમ્પના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. પરંતુ હવે આ વચ્ચે ૬૦ લાખની વસતી ધરાવતો દેશ ડેન્માર્કે ટ્રમ્પની ઠેકડી ઉડાડી છે. ગ્રીનલેન્ડ ખરીદવાની ટ્રમ્પની ધમકી વચ્ચે ડેનમાર્કે અમેરિકાના રાજ્ય કેલિફોર્નિયાને ખરીદવાની ધમકી આપી છે. ડેન્માર્કના ૨ લાખથી વધુ નાગરિકોએ એક અરજી પર હસ્તાક્ષર કર્યા છે જેમાં તેમણે અમેરિકા પાસેથી કેલિફોર્નિયા ખરીદવાની વાત કરી છે. આ અરજીમાં લખ્યું છે કે, 'શું તમે ક્યારેય કોઈ નકશાને જોઈને વિચાર્યું છે, તમને ખબર છે, ડેનમાર્કને વધુ સૂર્યપ્રકાશ, પામ વૃક્ષો અને રોલર સ્કેટની જરૂર છે. આપણી પાસે આ સ્વપ્નને સાકાર કરવાની એક તક છે. ચાલો આપણે ડોનાલ્ડ ટ્રમ્પ પાસેથી કેલિફોર્નિયા ખરીદીએ!'આ અરજીની વેબસાઈટ ઉપર એક નારો લખ્યો છે- 'સ્ક્રી ઝક્રૈર્કહિંક યીક્રૈં ફ્ક્ષ્ક્રૈહ'. આ નારો ટ્રમ્પ પર એક કટાક્ષ છે. કારણ કે, તેઓ પોતાના પ્રચારમાં 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'નો દાવો કરતા રહ્યા છે. આ અરજીમાં આગળ કહેવામાં આવ્યું છે કે, આ લોકો કેલિફોર્નિયાને 'ન્યૂ ડેન્માર્ક' બનાવવા માગે છે.

અરજીમાં લખ્યું છે કે, 'અમે હોલિવૂડમાં આરામદાયક જીવન વિતાવીશું, બેવર્લી હિલ્સમાં સાઈકલ લેન બનાવીશું અને દરેક રસ્તાના ખૂણા પર ઓર્ગેનિક સ્મોર્સબ્રેડ લાવીશું. ડેન્માર્કના લોકોએ કહ્યું કે, 'ટ્રમ્પ હંમેશા કેલિફોર્નિયાની વિરુદ્ધ રહ્યા છે. પરંતુ આ રાજ્ય ખરીદ્યા પછી, અમે તેને એક નવી ઓળખ આપીશું.'

તાજેતરમાં ટ્રમ્પના ગ્રીનલેન્ડ ખરીદવાનાનિવેદન અંગે લોકમત યોજાયો હતો. તેમાં લગભગ ૮૫% લોકોએ અમેરિકા સાથે જવાનો ઈનકાર કરી દીધો હતો. આ સર્વે ડેન્માર્કના ન્યૂઝ પેપર બર્લિંગસ્ક દ્વારા પોલસ્ટર વેરિયને કર્યો હતો, જે દર્શાવે છે કે માત્ર ૬% લોકો એવા છે જે અમેરિકા સાથે જવા માગે છે. બીજી તરફ સર્વેમાં ૯% લોકોએ અમેરિકા સાથે જવા અંગે પોતાનો અભિપ્રાય આપવાનો ઈનકાર કરી દીધો. બરફથી ઢંકાયેલો નાનો દેશ ગ્રીનલેન્ડ ૧૯૫૩ સુધી ડેનમાર્કની વસાહત હતો. આ ટાપુ દેશ પર હજુ પણ ડેનમાર્કનું નિયંત્રણ છે પરંતુ ૨૦૦૯થી ત્યાં સેમી-ઓટોનોમસ સરકાર છે. સ્થાનિક નીતિઓથી લઈને અન્ય બાબતો પર ગ્રીનલેન્ડ સરકાર જ નિર્ણયો લે છે. પરંતુ સંરક્ષણ અને વિદેશી બાબતો પર નિર્ણય લેવાનો અધિકાર ડેન્માર્ક પાસે છે. ગ્રીનલેન્ડને તેની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે પણ સંઘર્ષ કરવો પડે છે. પરંતુ ગ્રીનલેન્ડના બહાને અમેરિકા સમગ્ર આર્કટિક ક્ષેત્રમાં પોતાનો હસ્તક્ષેપ વધારવા માંગે છે. આ હેતુ માટે તેમણે વારંવાર તેને અમેરિકામાં સમાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

### અમાનતુલ્લાહને છુપાવવામાં અમુક લોકો મદદ કરી રહ્યા છે

# પોલીસને ધમકી આપનારા આપના ધારાસભ્ય ખુદ ગાયબ થયા

## આરોપી ઓખલાના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનની ધરપકડ માટે દિલ્હી, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી

દિલ્હી પોલીસની ટીમ પર હુમલાનું નેતૃત્વ કરવાના આરોપી ઓખલાના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનની ધરપકડ માટે દિલ્હી, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ સેલની ટીમો તેને શોધવામાં લાગી ગઈ છે. પોલીસે દાવો કર્યો છે કે ટૂંક સમયમાં અમાનતુલ્લાહની ધરપકડ કરી લેવામાં આવશે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું છે કે, એફઆઈઆર નોંધાયા બાદથી આરોપી અમાનતુલ્લાહ ખાનનો મોબાઈલ ફોન બંધ છે. તેના કારણે તેનું લોકેશન ટ્રેસ થતું નથી. પોલીસને શંકા છે કે, અમાનતુલ્લાહને છુપાવવામાં અમુક લોકો મદદ કરી રહ્યા છે.

અહીં ઉલ્લેખનિય છે કે, ઓખલા સીટથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાન પર દિલ્હી પોલીસ ટીમ પર હુમલો કરવાની આગેવાની કરવા સહિત ધમકી આપવાના આરોપ છે. આ મામલામાં ભારતીય ન્યાય સંહિતાની તમામ કલમો અંતર્ગત ઓખલાના ધારાસભ્ય વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

હકીકતમાં જોઈએ તો, ક્રાઈમ બ્રાન્ચની ટીમ જામિયા વિસ્તારમાં વોન્ટેડ બદમાશ શાવેઝને પકડવા માટે ગઈ હતી. શાવેઝને ક્રાઈમ બ્રાન્ચે પકડી લીધો. પણ ક્ષેત્રિય ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાન પોતાના ૨૦-૨૫ સમર્થકો સાથે આવ્યા અને ક્રાઈમ બ્રાન્ચની ટીમને ધમકાવા લાગ્યા. કહ્યું હતું કે તમારી અહીં આવવાની હિમ્મત કેવી રીતે થઈ?

પોલીસની ટીમે આરોપીને પકડવા માટે કાયદાનો હવાલો આપ્યો તો અમાનતુલ્લાહ ખાને કહ્યું કે, હું આવી પોલીસ અને કોર્ટ એકેયને નથી માનતો.ત્યાર બાદ ક્ષેત્રિય ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાને પોલીસને ધમકી આપી, આ અમારો વિસ્તાર છે. અહીંથી નીકળી જાઓ, નહીંતર જીવતા નીકળવાનું ભારે થઈ જશે.

અમાનતુલ્લાહ ખાને આગળ ધમકીમાં કહ્યું હતું કે, અમારા એક અવાજ પર એટલા લોકો ભેગા થઈ જશે કે તમને ખબર પણ નહીં પડે કે તમે ક્યાં ગયા.અમાનતુલ્લાહ ખાને પોલીસકર્મીઓને ધમકી આપતા કહ્યું કે, હું તમારી વરદી ઉતરાવી દઈશ. મારા પર વધુ એક કેસ લગાવાથી કોઈ ફરક નહીં પડે. તમારુ અહીં જ કામ કરાવી નાખીશ અને કોઈ પુરાવા પણ નહીં મળે.

### રેગિંગની ભયાનક કીસ્સો સામે આવ્યો

# પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વરિષ્ઠ વિદ્યાર્થીઓ દ્વારા નગ્ન ઊભા રહેવાની ફરજ પાડવામાં આવી

કેરળ,

કેરળની એક મેડિકલ કોલેજમાંથી રેગિંગની એક ભયાનક ઘટના પ્રકાશમાં આવી છે જેમાં સિનિયર્સે પહેલા જુનિયર વિદ્યાર્થીઓને છીનવી લીધા અને તેમને નગ્ન કર્યા અને પછી તેમના પ્રાઈવેટ પાર્ટ પર ડમ્બેલ્સ લટકાવી દીધા. આટલું જ નહીં, તે પછી સિનિયરોએ તેના પર ભૂમિતિ બોક્સના કંપાસથી વારંવાર હુમલો કર્યો અને ત્રણ મહિના સુધી તેને ખરાબ રીતે માર્યો. કેરળની એક સરકારી કોલેજમાં બનેલી રેગિંગની ઘટનાએ લોકોને ચોંકાવી દીધા છે, જ્યાં નર્સિંગના ત્રીજા વર્ષના પાંચ વિદ્યાર્થીઓને તેમના જુનિયરોને મહિનાઓ સુધી ઘાતકી શારીરિક અને માનસિક શોષણ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના કોટ્ટયમની સરકારી નર્સિંગ કૉલેજમાં બની હતી, જ્યાં પ્રથમ વર્ષના ત્રણ વિદ્યાર્થીઓ, તમામ તિરુવનંતપુરમના, કોટ્ટયમ ગાંધીનગર પોલીસમાં ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી, જેમાં નવેમ્બર ૨૦૨૪ માં શરૂ થયેલા હિંસક કૃત્યો અને લગભગ ત્રણ મહિના સુધી ચાલુ રહેલા હિંસક કૃત્યોનો ખુલાસો થયો હતો. ફરિયાદના પગલે આરોપી વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને એન્ટી-રેગિંગ એક્ટ હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વરિષ્ઠ વિદ્યાર્થીઓ દ્વારા નગ્ન ઊભા રહેવાની ફરજ પાડવામાં આવી હતી જ્યારે તેમના વરિષ્ઠ વિદ્યાર્થીઓએ તેમના પ્રાઈવેટ પાર્ટમાંથી ડમ્બેલ લટકાવી દીધા હતા. પીડિતોને ભૂમિતિ બોક્સમાંથી હોકાયંત્ર સહિત તીક્ષ્ણ વસ્તુઓનો ઉપયોગ કરીને ઈજાઓ પણ કરવામાં આવી હતી. તેની ક્રૂરતા અહીં અટકી ન હતી. ઘાવ પર લોશન લગાવવામાં આવ્યું, જેનાથી દુખાવો થવા લાગ્યો. જ્યારે પીડિતોએ પીડાથી ચીસો પાડવાનું શરૂ કર્યું, ત્યારે તેમના મોંમાં લોશન બળજબરીથી ભરાઈ ગયું. વરિષ્ઠોએ કથિત રીતે આ કૃત્યોનું ફિલ્માંકન કર્યું અને જુનિયરોને ધમકી આપી કે જો તેઓ દુરુપયોગની જાણ કરવાની હિંમત કરશે તો તેમની કારકિર્દી સમાપ્ત થઈ જશે.

ફરિયાદમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સિનિયર્સ નિયમિતપણે જૂનિયર્સ પાસેથી રવિવારે દારૂ ખરીદવા માટે પૈસા એકઠા કરતા હતા. આ આદેશનું પાલન કરવાનો ઈનકાર કરનારાઓને માર મારવામાં આવ્યો હતો. એક વિદ્યાર્થી, જે હવે સતામણી સહન કરી શકતો ન હતો, તેણે તેના પિતાને બધું કહ્યું, જેણે તેને પોલીસનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કર્યા. પાંચેય આરોપી વિદ્યાર્થીઓ હાલમાં પોલીસ કસ્ટડીમાં છે અને બુધવારે બપોરે તેમને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે.

### ૨૦ દર્દીઓ વેન્ટિલેટર પર, ૫૦ ICUમાં

# પુણેમાં ગુઈલેન બેરી સિન્ડ્રોમનો કહેર યથાવત, અત્યાર સુધીમાં ૧૯૭ કેસ

## પુણેના પાંચ દર્દીઓમાં ૨ નવા કેસ અને ૩ અગાઉના કેસ સામેલ છે આ બીમારીને કારણે દેશમાં અત્યાર સુધીમાં કુલ સાત લોકોના મોત થયા છે.

(સંપૂર્ણ સમાચાર સેવા)
પુણે,

પુણે, મહારાષ્ટ્રમાં ગુઈલિયન-બેરી સિન્ડ્રોમ કેસોની સંખ્યામાં વધારો થયો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે પુણે વિસ્તારમાં ગુલિયન-બેરી સિન્ડ્રોમના શંકાસ્પદ અને પુષ્ટિ થયેલા કેસોની સંખ્યા ૧૯૭ પર પહોંચી ગઈ છે. આ નર્વ ડિસઓર્ડરના વધુ પાંચ દર્દીઓ મળી આવ્યા છે. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે પુણેના પાંચ દર્દીઓમાં ૨ નવા કેસ અને ૩ અગાઉના કેસ સામેલ છે. આ બીમારીને કારણે દેશમાં અત્યાર સુધીમાં કુલ સાત લોકોના મોત થયા છે.

આરોગ્ય વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે કે ૧૯૭ કેસમાંથી ૧૭૨ જીબીએસ સંબંધિત કેસોની સારવાર કરવામાં આવી છે. લગભગ ૪૦ દર્દીઓ પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના છે, ૯૨ પીએમસીમાં નવા ઉમેરાયેલા ગામોમાંથી, ૨૯ પિંપરી ચિંચવડ સિવિલ લિમિટના, ૨૮ પુણે ગ્રામીણ અને આઠ અન્ય જિલ્લાના છે. “૧૦૪ દર્દીઓને રજા આપવામાં આવી છે, ૫૦ ICUમાં છે અને ૨૦ વેન્ટિલેટર સપોર્ટ પર છે.”

તેમણે કહ્યું કે આ વિસ્તારમાં જીબીએસના કારણે શંકાસ્પદ મૃત્યુની સંખ્યા સાત છે. જીબીએસ એ એક દુર્લભ સ્થિતિ છે જેમાં વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ પેરિફેરલ ચેતા પર હુમલો કરે છે, પરિણામે સ્નાયુઓની નબળાઈ, પગ અને હાથોમાં સંવેદના ગુમાવવી, તેમજ ગળી જવા અથવા શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

ગુલિયન બેરી સિન્ડ્રોમ એક દુર્લભ ન્યુરોલોજીકલ રોગ છે. સામાન્ય રીતે તેના કિસ્સાઓ જોવા મળતા નથી. ડોક્ટરોના મતે આમાં પેરિફેરલ નર્વ્સને નુકસાન થાય છે. જેના કારણે હાથ-પગમાં નબળાઈ આવવા લાગે છે. આ એક ગંભીર ન્યુરોલોજીકલ રોગ છે. આવી સ્થિતિમાં, જો સમયસર તપાસ અને સારવાર કરવામાં આવે તો દર્દી સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ શકે છે.

ગુઈલેન બેરી સિન્ડ્રોમ સામાન્ય રીતે હાથ અને પગમાં કળતર અને નબળાઈ સાથે શરૂ થાય છે. આ લક્ષણો ઝડપથી ફેલાઈ શકે છે અને લકવોમાં ફેરવાઈ શકે છે. તેના પ્રારંભિક લક્ષણો હોઈ શકે છેપ

### મુંબઈ પોલીસને આવ્યો કૉલ

# અમેરિકાના પ્રવાસ પૂર્વે PM મોદીના વિમાન પર હુમલાની ધમકી

## આતંકવાદી વડાપ્રધાન મોદીના વિમાન પર હુમલો કરી શકે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે અન્ય એજન્સીઓને જાણ કરી અને તપાસ હાથ ધરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ફ્રાન્સના પ્રવાસે છે. ત્યારબાદ તેઓ અમેરિકા માટે રવાના થશે. ત્યારે હવે પીએમ મોદીના બે દિવસીય અમેરિકા પ્રવાસ પહેલા તેમના વિમાનને આતંકવાદી હુમલાની ધમકી મળી છે. 'મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં એક ધમકીભર્યો કૉલ આવ્યો હતો, તેમાં ચેતવણી આપવામાં આવી કે, આતંકવાદી વડાપ્રધાન મોદીના વિમાન પર હુમલો કરી શકે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે અન્ય એજન્સીઓને જાણ કરી અને તપાસ હાથ ધરી હતી. આ મામલે મુંબઈ પોલીસે જણાવ્યું કે, 'મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં ધમકીભર્યો કૉલ કરનાર વ્યક્તિની ચેમ્બુર વિસ્તારમાંથી અટકાયત કરી લેવામાં આવી છે. આ વ્યક્તિ માનસિક રીતે બીમાર છે.'

અગાઉ પણ પીએમ મોદીને મળી ચૂકી છે ધમકી

આ પહેલી વાર નથી જ્યારે પીએમ મોદીને આ પ્રકારની ધમકી મળી છે. આ પહેલા પણ પીએમ મોદીને ઘણી વાર જાનથી મારી નાખવાની ધમકી મળી ચૂકી છે.

- ૨૦૨૪: મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં એક ધમકીભર્યો કોલ આવ્યો હતો.

- ૨૦૨૩: હરિયાણાના એક વ્યક્તિએ વીડિયો વાયરલ કરીને મોદીને ગોળી મારવાની ધમકી આપી હતી.

- ૨૦૨૨: જેવિયર નામના વ્યક્તિએ પીએમ મોદીને ધમકી આપી હતી.

ફ્રાન્સ-અમેરિકાના પ્રવાસ પર પીએમ મોદી

પીએમ મોદી ૧૦ ફેબ્રુઆરીએ પેરિસ પહોંચ્યા હતા અને સાંજે તેમણે એલિસ પેલેસમાં પ્રમુખ મેક્રોન સાથે ડિનર કર્યું હતું. આ દરમિયાન ઘણી મોટી ટેકનિકલ કંપનીઓના CEO પણ હાજર રહ્યા હતા. ત્યારબાદ તેમણે ૧૧ ફેબ્રુઆરીએ છૈં એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરી. ત્યારપછી પીએમ મોદી બુધવારે અમેરિકા પહોંચશે. તેમનો અમેરિકા પ્રવાસ બે દિવસનો રહેશે, જ્યાં તેઓ ૧૨થી ૧૪ ફેબ્રુઆરી સુધી રહેશે.

### પીએમ મોદી સાથે એક વિચિત્ર ઘટના બની

# ફ્રાન્સ પ્રમુખ મેક્રોંએ પીએમ મોદીનું અપમાન કર્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી AI ઍક્શન સમિટમાં સામેલ થવા માટે ફ્રાન્સ પહોંચ્યા હતા. ત્યાં તેમણે સમિટને સંબોધી પણ હતી. જોકે આ દરમિયાન એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જે AI ઍક્શન સમિટ શરુ થઈ તે પહેલાંનો છે, જેમાં ફ્રાન્સના પ્રમુખ મેક્રોં વિવિધ દેશોના મહેમાનો અને દિગ્ગજો સાથે હાથ મિલાવીને તેમનું અભિવાદન કરી રહ્યા હતા. જોકે આ દરમિયાન પીએમ મોદી સાથે એક વિચિત્ર ઘટના બની જે કેમેરામાં કેદ થઈ ગઈ. આમ તો એવા અનેક વીડિયો છે જેમાં પીએમ મોદી અને ફ્રાન્સ પ્રમુખ મેક્રોં એકબીજાની સાથે દેખાઈ રહ્યા છે અને ગળે ભેટતાં પણ દેખાઈ રહ્યા છે. જોકે એક વીડિયો એવો સામે આવ્યો છે જેમાં મેક્રોં અન્ય કેટલાક દેશો અને યુએનના મહાસચિવ સાથે હાથ મિલાવતા દેખાય છે પણ આ દરમિયાન જ પીએમ મોદી જે તેમની તરફ હાથ મિલાવવા હાથ આગળ કરે છે ત્યારે તેમના પર મેક્રોં ધ્યાન જ નથી આપતા અને અન્ય લોકો સાથે હાથ મિલાવીને આગળ નીકળી જાય છે. આ ઘટનાને પીએમ મોદી અને ભારતીયોનું અપમાન માનવામાં આવી રહ્યું છે. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ અનેક લોકો આ મામલે પ્રતિક્રિયા આપીને તેને ભારતીયોનું પણ અપમાન ગણાવી ફ્રાન્સના પ્રમુખની ટીકા કરવા લાગ્યા છે.

**યુએનના મહાસચિવ સાથે હાથ મિલાવતા દેખાય છે પણ આ દરમિયાન જ પીએમ મોદી જે તેમની તરફ હાથ મિલાવવા હાથ આગળ કરે છે ત્યારે તેમના પર મેક્રોં ધ્યાન જ નથી આપતા**

### દિલ્હીમાં સરકાર બદલાતાં જ મોટી કાર્યવાહી

# પરિવહન વિભાગના ૬ અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી

## આ તમામને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચાર સામે એજન્સીને ફરિયાદો મળી રહી હતી.

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી

દિલ્હીમાં સરકાર બદલાતાંની સાથે જ પરિવહન વિભાગના ૬ અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. CBIએ ભ્રષ્ટાચાર અને લાંચના આરોપમાં દિલ્હી પરિવહન વિભાગના ૬ અધિકારીઓની ધરપકડ કરી છે. અધિકારીઓએ બુધવારે જણાવ્યું કે, તાજેતરની ચૂંટણીમાં સત્તારુઢ આમ આદમી પાર્ટીની હાર પછી રાજધાનીમાં આ પહેલી મોટી કાર્યવાહી છે. મંગળવારે સાંજે આ તમામને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચાર સામે એજન્સીને ફરિયાદો મળી રહી હતી.

આ મામલે CBI એ જણાવ્યું કે, ધરપકડ કરતાં પહેલા ફરિયાદોનું નિરીક્ષણ અને ચકાસણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ફરિયાદોની ચકાસણીમાં પ્રથમ દૃષ્ટિએ વિવિધ સ્તરે ભ્રષ્ટાચારના સંકેતો મળ્યા છે, જેના પગલે અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. હાલમાં આ તમામની પૂછપરછ ચાલી રહી છે.

એક અહેવાલ પ્રમાણે CBIના સૂત્રોએ જણાવ્યું કે, ગઈકાલે સાંજે દિલ્હી પરિવહન વિભાગના અધિકારીઓની અટકાયત કરવામાં આવી છે. આ તમામે ખાખી વર્દી પહેરી હતી. તેઓ વર્દીનો દુરુપયોગ કરી રહ્યા હતા. તેઓ રસ્તાઓ પર દોડતા વાહનો પાસેથી ચલણ વસૂલતા હતા. આ જ આરોપો પર CBIએ તેમની સામે તપાસ શરુ કરી હતી. CBIને જાણવા મળ્યું કે ૬ T૪ અને T૫ સ્તરના કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારના આરોપો પ્રથમ દૃષ્ટિએ સાચા હતા. ત્યારે હવે આજે સવારે તેમની ધરપકડ કરવામાં આવી હતી.

એજન્સીનું કહેવું છે કે, ભ્રષ્ટાચારના કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. પરિવહન વિભાગના અધિકારીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્યારબાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. એજન્સી તેમની કસ્ટડી માંગશે. તપાસ બાદ ખબર પડશે કે, તેઓ લાંચ પોતે લઈ રહ્યા હતા કે કોઈ ઉચ્ચ અધિકારીને આપી રહ્યા હતા. CBIનું કહેવું છે કે આ એક મોટી કાર્યવાહી છે.

### હવે નાણાકીય વર્ષના બધા ૧૨ મહિના ટેક્સ યર તરીકે ઓળખાશે

# ૧ એપ્રિલથી લાગુ થશે નવું આવકવેરા બિલ, ડ્રાફ્ટ તૈયાર

## નવા ટેક્સ બિલ ૨૦૨૫ માં નવી ટેક્સ સિસ્ટમ અંગે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને બજેટમાં જાહેર કરાયેલા દરો એ જ રહેશે

*(સંપૂર્ણ સમાચાર સેવા)*
*નવી દિલ્હી, તા.૧૩*

નવું આવકવેરા બિલ ૨૦૨૫ ટૂંક સમયમાં લોકસભામાં રજૂ કરવામાં આવી શકે છે અને આ પહેલા તેની ડ્રાફ્ટ કોપી સામે આવી ગઈ છે, જે ૬૦૦ થી વધુ પાના લાંબી છે. જેમ પહેલા અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું, તે જૂના આવકવેરા કાયદા કરતાં સરળ ભાષામાં હશે અને તેમાં સમાવિષ્ટ ઘણા શબ્દો બદલવામાં આવશે અથવા દૂર કરવામાં આવશે. આ ડ્રાફ્ટમાં પણ જોવા મળી રહ્યું છે.હવે નાણાકીય વર્ષના બધા ૧૨ મહિના ટેક્સ યર તરીકે ઓળખાશે, જ્યારે અસેસ્મેન્ટ યર શબ્દનો ઉપયોગ કરવામાં આવશે નહીં. આ ઉપરાંત, ડ્રાફ્ટમાં સ્ટાન્ડર્ડ ડિડક્શનથી લઈને કેપિટલ ગેઈન ટેક્સ સુધીની દરેક બાબત અંગે ચિત્ર સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ નવું ટેક્સ બિલ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવશે.૬૨૨ પાના અને ૫૩૬ વિભાગોના આ ડ્રાફ્ટ મુજબ, અસેસ્મેન્ટ યરનો ઉપયોગ પૂર્ણ થઈ ગયો છે અને તેને હવે ટેક્સ યર તરીકે ઓળખવામાં આવશે. ડ્રાફ્ટમાં શેરબજાર માટે ટૂંકા ગાળાના મૂડી લાભના સમયગાળામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કલમ ૧૦૧(બી) હેઠળ, ૧૨ મહિના સુધીના સમયગાળાને ટૂંકા ગાળાના મૂડી લાભ તરીકે ગણવામાં આવશે. આ ઉપરાંત, તેના દરો પણ સમાન રાખવામાં આવ્યા છે. ટૂંકા ગાળાનો મૂડી લાભ કર ૨૦ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે.નવા આવકવેરા બિલ ૨૦૨૫માં બીજો મોટો ફેરફાર જોવા મળ્યો છે. કે તેમાં પાનાઓની સંખ્યા ઓછી થઈ ગઈ છે. આ આવકવેરા કાયદા ૧૯૬૧ની સરખામણીમાં ઘણું ઓછું છે, જે ૬૩ વર્ષ પહેલા અમલમાં હતું. ટેક્સ એક્ટ ૧૯૬૧માં કુલ ૮૮૦ પાના હતા, જે હવે ઘટાડીને ૬૨૨ કરી દેવામાં આવ્યા છે. જોકે, પ્રકરણ નંબર ૨૩ પર યથાવત રાખવામાં આવ્યો છે.આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની તુલનામાં નવા કર બિલમાં આગામી મોટો ફેરફાર સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ એટલે કે સીબીડીટી સાથે સંબંધિત છે. બિલના ડ્રાફ્ટ મુજબ, અગાઉ આવકવેરા વિભાગને વિવિધ કર યોજનાઓ શરૂ કરવા માટે સંસદનો સંપર્ક કરવો પડતો હતો, પરંતુ નવા કર કાયદા ૨૦૨૫ મુજબ, હવે સીબીડીટી ને આવી યોજનાઓ સ્વતંત્ર રીતે શરૂ કરવાની સત્તા આપવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય અમલદારશાહી વિલંબની સમસ્યાને દૂર કરવાનો છે.આ સાથે, નવા ટેક્સ બિલ ૨૦૨૫ માં નવી ટેક્સ સિસ્ટમ અંગે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને બજેટમાં જાહેર કરાયેલા દરો એ જ રહેશે. નવી કર વ્યવસ્થામાં, સ્લેબમાં ફેરફાર કરવામાં આવ્યા છે અને ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ ઉપરાંત, નવી કર વ્યવસ્થા હેઠળ પ્રમાણભૂત કપાત ૭૫,૦૦૦ રૂપિયા અને જૂની કર વ્યવસ્થા હેઠળ તે ૫૦,૦૦૦ રૂપિયા હશે.

### સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સુરતમાં

# મફત નવજાત શિશુ શ્રવણ ચકાસણી શરૂ






સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ ફરી એક વખત નવજાત શિશુઓમાં શ્રવણ નુકસાન અટકાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. અને મફત નવજાત શ્રવણ ચકાસણી કાર્યક્રમ શરૂ કર્યો છે. આ પહેલ નવજાત શિશુઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે જન્મ પછીના ૨૪ થી ૪૮ કલાકની અંદર શ્રવણ પરીક્ષણ થવાથી અજાણ્યા શ્રવણ નુકસાનનો જોખમ ઘટે છે. નવજાત શ્રવણ ચકાસણી બાળકે સમયસર સાંભળવાની ક્ષમતા વિકસાવી શકે તે માટે આવશ્યક છે. આ દ્વારા પ્રારંભિક શોધ અને તત્કાળ સારવાર શક્ય બને છે. જે બાળકના ભાષા અને સંચાર વિકાસમાં વિલંબ અટકાવવામાં મદદરૂપ થાય છે. સંશોધનો દવિ છે કે નાનું પણ શ્રવણ નુકસાન બાળકની શીખવાની અને સંચાર કરવાની ક્ષમતાને અસર કરી શકે છે. આ કાર્યક્રમ દ્વારા સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ સુરતના બાળકોના ભવિષ્યને સુરક્ષિત બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. જેથી અગાઉથી શ્રવણ નુકસાનની ઓળખ કરી યોગ્ય ઉપચાર આપી શકાય. આ પહેલ સુરત શહેર માટે અત્યંત લાભદાયી છે.

કારણ કે શ્રવણ ક્ષતિના પ્રમાણમાં ઘટાડો કરી શકાય, આ પહેલ અગાઉ સુરતમાં સફળતાપૂર્વક અમલમાં મુકાઈ હતી. અને હવે તેના પુનઃ-રંભ સાથે શ્રવણ આરોગ્ય ક્ષેત્રે વધુ પ્રગતિ થઈ રહી છે. આ કાર્યક્રમ નવજાત શિશુઓ અને તેમના પરિવાર માટે જ નહિ, પરંતુ સમગ્ર સમાજ માટે શ્રવણ ક્ષતિને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે કાર્યરત છે. સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ સમુદાયના આરોગ્ય અને કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે અને સસ્તી અને અસરકારક આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરવા સતત પ્રયત્નશીલ છે. આ આગવી પહેલ દ્વારા દરેક બાળક શ્રવણ ક્ષતિ વિના એક સુખદ અને સ્વસ્થ ભવિષ્ય મેળવી શકે તે સુનિ?િત કરવામાં આવશે.

### કોહલીના આંકડા જ તેની મહાનતા સાબિત કરે છે

# કોહલીનું ફોર્મ જરૂરી નથી, તે વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી છે: ગેઈલ

## વિરાટ કોહલી હાલમાં તેની કારકિર્દીમાં નબળા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે, છેલ્લા કેટલાક સમયથી તે બેટથી રન કરી શક્યો નથી

*(સંપૂર્ણ સમાચાર સેવા)*
*નવી દિલ્હી, તા.૧૩*

વિરાટ કોહલી હાલમાં તેની કારકિર્દીમાં નબળા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી તે બેટથી રન કરી શક્યો નથી. વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ઝંઝાવાતી બેટ્સમેન ક્રિસ ગેઈલે આ અંગે જણાવ્યું કે, કોહલીનું ફોર્મ જરૂરી નથી, તે વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી છે. ઈંગ્લેન્ડ સામે કટકમાં બીજી વન-ડેમાં પણ કોહલી ખાસ મોટી ઈનિંગ્સ રમી શક્યો નહતો અને ફક્ત પાંચ રન કરીને આઉટ થયો હતો. આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સમાં સાથે રમી ચૂકેલો ક્રિસ ગેઈલ કોહલીના નબળા ફોર્મને લઈને ખાસ ચિંતિત નથી. ગેઈલે કોહલીનું સમર્થન કરતા જણાવ્યું કે, કોહલીનું ગમે તો ફોર્મ હોય પરંતુ તે દુનિયાના મહાન બેટ્સમેનોમાં સ્થાન ધરાવે છે. કોહલીના આંકડા અને તેણે તમામ ફોરમેટમાં ફટકારેલી સદી જ તેનો બોલતો પુરાવો છે. ક્રિકેટર તરીકે હું જાણું છું કે, દરેકના જીવનમાં આ તબક્કો આવે છે. કોહલીની કારકિર્દીના છેલ્લા ભાગમાં તેને આનો સામનો કરવો પડે છે પણ આ દરેક સાથે બનતું હોય છે. કોહલીએ ફક્ત પોતાના પર વિશ્વાસ જાળવી રાખતા ધમાકેદાર પુનરાગમન પર ધ્યાન આપવું જોઈએ. આંતરરાષ્ટ્રીય સ્તરે કોહલી ઘણા સમયથી રન કરવા સંઘર્ષ કરતો જોવાનું જોવા મળે છે. કોહલી વન-ડેમાં દબદબો ધરાવે છે અને ઈંગ્લેન્ડ સામેની ત્રણ વન-ડેની સિરીઝમાં તે ફોર્મ પરત મેળવશે તેવી અપેક્ષા હતી. ઘૂંટણની ઈજાને પગલે કોહલી ઈંગ્લેન્ડ સામે પ્રથમ વન-ડે રમ્યો નહતો. બીજી વન-ડેમાં તે આદિલ રશિદના બોલ પર વિકેટપાછળ કેચ આઉટ થયો હતો. શું કોહલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ગેઈલના સર્વાધિક રનનો રેકોર્ડ તોડશે તેવું પૂછતા કેરેબિયન ખેલાડીએ જણાવ્યું કે, તેના માટે વધુ ૨૦૦ રન કરીને આ રેકોર્ડ તોડવો સરળ છે. ભારતીય ટીમ કેટલી મેચ રમશે તે હું નથી જણાતો પરંતુ કોહલી વધુ ૨૦૦ રન નોંધાવી શકે છે અને તે સદી પણ ફટકારશે તેનો મને વિશ્વાસ છે. કોહલી લય મેળવી લેશે તો તેના માટે રેકોર્ડ તોડવો સરળ રહેશે.આ ઉપરાંત વન-ડેમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો ગેઈલનો રેકોર્ડ ભારતીય સુકાની રોહિત શર્માએ તોડતા ક્રિસ ગેઈલે તેને નવો કિંગ ગણાવ્યો હતો. રમત ક્ષેત્રને હંમેશા નવું મનોરંજન પુરું પાડનાર વ્યક્તિની જરૂર હોય છે અને રોહિત આટલા વર્ષોથી તે કરતો રહ્યો છે. હું પણ થોડંર ઘણું મનોરંજન કરી શક્યો. તે સિક્સરનો નવો કિંગ બન્યો છે અને તે બદલે તેને અભિનંદન આપું છું. યુવા ખેલાડી અભિષેક શર્મા વિશે ગેઈલે જણાવ્યું કે, ઈંગ્લેન્ડ સામેની ટી૨૦માં તેની આક્રમક સદી અંગે મે જાણ્યું અને યુવા ક્રિકેટર તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે આ સિદ્ધી મેળવવી કાબિલેદાદ છે. ગેઈલે ચેમ્પિયન્સ ટ્રોફીમાં વેસ્ટ ઈન્ડિઝની ગેરહાજરી અંગે નિરાશા વ્યક્ત કરી હતી.

### જિંદાલ (ઈન્ડિયા) લિ. સુરતમાં રિટેલર મીટ 'મિલાપ'નું આયોજન કર્યું




સુરત-

જિંદાલ (ઈન્ડિયા) લિમિટેડે ગુજરાતના સુરતમાં રિટેલર્સ મીટ 'મિલાપ'નું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. કંપનીના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ ઈવેન્ટ -દેશમાં અગ્રણી રિટેલર્સ સાથે જોડાવા અને તેમની સાથે વાતચીત કરવા માટે યોજાઈ હતી.'મિલાપ' પહેલ પ્રદેશમાં તેની હાજરી વધુ મજબૂત બનાવવા અને સમગ્ર ભારતમાં તેની ભૌગોલિક હાજરી વિસ્તારવાના જિંદાલ (ઈન્ડિયા) લિમિટેડના પ્રયાસોની સંલગ્ન છે. સુરતમાં યોજાયેલી આ મીટ કંપનીના ઓથોરાઈઝડ ડીલર વી. કે. સ્ટીલ સાથેના સહયોગમાં યોજાઈ હતી અને તેમાં લગભગ ૮૦ રિટેલર્સ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ભારતમાં પોતાની ભૌગોલિક હાજરી મજબૂત બનાવવાની જિંદાલ (ઈન્ડિયા) લિમિટેડની વ્યૂહરચનાને અનુરૂપ કંપનીએ આ ઈવેન્ટમાં તેની એડવાન્સ્ડ કોટેડ સ્ટીલ પ્રોડક્ટ્સની સમગ્ર રેન્જ દર્શાવી હતી જે દરેક ઉચ્ચ પર્ફોર્મન્સ અને ટકાઉપણું સુનિ?િત કરવા સાથે વિવિધ ઉદ્યોગોની વિશિષ્ટ માંગને પૂરી કરવા માટે તૈયાર કરાઈ છે. તેમાં જિંદાલ સબરંગ સમાવિષ્ટ હતી જે જિંદાલ (ઈન્ડિયા) લિમિટેડની ઓફરિંગ છે જે આઉટડોર એપ્લિકેશન્સમાં અદ્વિતીય કાટ અવરોધક સાથે વિવિધ શ્રેણીના કલર-કોટેડ વિકલ્પો રજૂ કરીને સ્ટીલની સુંદરતાને પુનઃવ્યાખ્યાયિત કરે છે.

આ ઉપરાંત, કંપનીએ રિટેલર્સને Jindal NeuColorŏવિશે માહિતગાર કર્યા હતા,જે સર્વોચ્ચ કક્ષાની પ્રીમિયમ કોટેડ સ્ટીલ પ્રોડક્ટ્સનું પ્રતિનિધિત્વ કરે છે,જે અદ્યતન ટેકનોલોજી,સૌંદર્યલક્ષી વર્સેટિલિટી અને લાંબા ગાળાના ટકાઉપણાનું મિશ્રણ પ્રદાન કરે છે. જેમાં મોટાપાયે સુરતમાં માંગ ધરાવતી કોટેડ શીટ્સનો સમાવેશ થાય છેĂ, એમજિંદાલ (ઈન્ડિયા) લિમિટેડના પ્રવક્તાએ જણાવ્યું હતું.

આ પહેલના ભાગ રૂપે,જિંદાલ (ઈન્ડિયા) લિમિટેડના પ્રતિનિધિઓએ પ્રદેશ માટે કંપનીની યોજનાઓ વિશે પણ ચર્ચા કરી હતી તથારિટેલરો પાસેથી પ્રત્યક્ષ પ્રતિસાદ મેળવીને તેમને નડતા પડકારોનું સમાધાન કર્યું હતું.

### 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' પર થયેલા વિવાદ બાદ

# સમય રૈનાએ 'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ'ના બધા એપિસોડ ડિલીટ કર્યા

## પોલીસે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' વિવાદ અંગે અત્યાર સુધીમાં ૬ લોકોના નિવેદનો નોંધ્યા છે

*મુંબઈ, તા.૧૩*

'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' પર થયેલા વિવાદ બાદ, હવે શોના આયોજક સમય રૈનાએ શોના બધા એપિસોડ ડિલીટ કરી દીધા છે. તેમણે ઠ પર પોસ્ટ કરીને આ હોબાળા પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે આ બધું સંભાળવું તેમના માટે મુશ્કેલ બની ગયું હતું. આ ઉપરાંત, સમયે એમ પણ કહ્યું છે કે તે આ સમગ્ર મામલામાં એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપશે.સમય રૈનાએ પોતાની પોસ્ટમાં લખ્યું - 'જે કંઈ થઈ રહ્યું છે તે મારા માટે ખૂબ વધારે છે. મેં મારી ચેનલ પરથી 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' ના બધા વિડીયો દૂર કરી દીધા છે. મારો એકમાત્ર ઉદ્દેશ્ય લોકોને હસાવવાનો અને તેમને સારો સમય આપવાનો હતો. હું બધી એજન્સીઓને સંપૂર્ણ સહકાર આપીશ જેથી ખાતરી કરી શકાય કે તેમની તપાસ નિષ્પક્ષ રીતે પૂર્ણ થાય. આભાર.રતમને જણાવી દઈએ કે ખાર પોલીસે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' વિવાદ અંગે અત્યાર સુધીમાં ૬ લોકોના નિવેદનો નોંધ્યા છે. પોલીસે આશિષ ચંચલાની અને અપૂર્વ માખીજાના પણ નિવેદન લીધા છે. અપૂર્વ માખીજા અને આશિષ ચંચલાનીએ પોતાના નિવેદનમાં આ શો વિશે કહ્યું હતું કે તે સ્ક્રિપ્ટેડ નથી. શોમાં જજ અને સહભાગીઓને ખુલીને વાત કરવાનું કહેવામાં આવે છે.

# શનાકાના જૂઠાણા સામે બોર્ડે તપાસનો આદેશ આપ્યો

*કોલંબો, તા.૧૩*

શ્રીલંકાના ઓલરાઉન્ડર દાસુન શનાકાએ દુબઈમાં ટી૨૦ ટુર્નામેન્ટમાં રમવા માટે રજૂ કરેલા બહાનાની પોલ છતી થઈ જતા શ્રીલંકા ક્રિકેટ બોર્ડ (એસએલસી)એ તેની સામે તપાસનો આદેશ આપ્યો છે. શ્રીલંકાનો પૂર્વ સુકાની શનાકાએ ડોમેસ્ટિક ક્રિકેટમાં સિંહાલીસ સ્પોટ્ર્સ ક્લબ તરફથી રમતા મૂર્સ સ્પોટ્ર્સ ક્લબ સામેની ત્રણ દિવસીય મેચને અધુરી છોડી હતી અને તે દુબઈ કેપિટલ્સ તરફથી આઈએલટી૨૦માં રમવા પહોંચી ગયો હતો. ડોમેસ્ટિકમાં નહીં રમવા માટે શનાકે કંકશનનું બહાનું રજૂ કર્યું હતું. ખોટું કારણ આપીને એક જ દિવસમાં બે જુદા જુદા સ્થળ મેચ રમવાની ઘટનાને શ્રીલંકા ક્રિકેટે ગંભીર નોંધ લીધી છે અને શનાકા વિરુદ્ધ તપાસ આદરી છે. સિંહાલીસ સ્પોટ્ર્સ ક્લબ તરફથી ત્રણ દિવસીય મેચમાં શનાકા બે દિવસ રમ્યો હતો. મૂર્સ વિરુદ્ધની મેચમાં પ્રથમ દાવમાં ૩૩ વર્ષીય શનાકાએ ૨૧ ઓવર બોલિંગ કરી હતી તથા બીજા દિવસના અંતે ૩૩ રને અણનમ હતો. ત્રીજા દિવસે તેણે ૮૭ બોલમાં ૧૨૩ રન ફટકાર્યા હતા. ત્યારબાદ મૂર્સના બીજા દાવમાં મીડિયમ પેસર બોલરે બોલિંગ કરી નહતી અને તે બાકીના દિવસ માટે ઉપલબ્ધ નહતો. શનાકાને કંકશન થયું હોવાનું મેચ રેફરી વેન્ડેલ લેબરોયને જણાવીને તેની ટીમે સબ્સ્ટિટ્યૂટની મંજૂરી લીધી હતી. શનાકા બાદમાં થોડા જ કલાકોમાં આઈએલટી૨૦માં દુબઈ કેપિટલ્સ તરફથી રમ્યો હતો અને તેણે ૧૨ બોલમાં ૩૪ રનની ઈનિંગ્સ રમી હતી.

### ખુશી કપૂર અને ઈબ્રાહીમ અલી ખાન કોલેજ કિડ્ઝના અવતારમાં દેખાશે

# ઈબ્રાહિમ અલી ખાન 'નાદાનિયાં'માં ખુશી કપૂરનો પૈસાદાર બોયફ્રેન્ડ બનશે

## ખુશી કપૂરે ઈબ્રાહિમનું સિનેમાની દુનિયામાં સ્વાગત કરીને બંનેની એક મિરર સેલ્ફી પણ શેર કરી

*મુંબઈ, તા.૧૩*

કરણ જોહરે થોડાં વખત પહેલાં ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર સાથે ફિલ્મની જાહેરાત કરી ત્યારથી જ યંગ ઓડિયન્સ આ ફિલ્મ અંગે ઘણું ઉત્સાહિત હતું. ખાસ તો જ્યારે ખુશી કપૂરે ઈબ્રાહિમનું સિનેમાની દુનિયામાં સ્વાગત કરીને બંનેની એક મિરર સેલ્ફી પણ શેર કરી હતી. ત્યાર બાદ તેમણે ફિલ્મ 'નાદાનિયાં'નું પોસ્ટર પણ શેર કર્યું હતું. જેમાં તેઓ કોલેજના વિદ્યાર્થીઓ જેવા લાગતાં હતાં. ફૂટબોલ પર આધારીત આ ફિલ્મનું પહેલું ગીત 'ઈશ્ક મેં' થોડાં દિવસો પહેલાં રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં બંનેની કેમિસ્ટ્રી પણ ઘણી સારી લાગતી હતી. આ ગીતમાં તેમની જોડીના ઘણા વખાણ થયાં છે.નેટફ્લિક્સ પર આ ફિલ્મ રિલીઝ થવાની છે, જેમાં અપાયેલાં ફિલ્મના સિનોપ્સીસ મુજબ તેમાં ખુશી પિઆનો રોલ કરે છે જે એક પૈસાદાર પરિવારની પ્રેમાળ છોકરી છે. એક ગેરસમજના કારણે તેના મિત્રો તેની વિરુદ્ધ થઈ જાય છે. ત્યારે તે કૅરિઅર પર જ ધ્યાન આપતા છોકરા અર્જુન એટલે કે ઈબ્રાહીમને તેના બોયફ્રેન્ડ તરીકે કામ પર રાખે છે. આમ આ સ્ટોરી વાંચીને તો ઘણી રસપ્રદ લાગી રહી છે. પરંતુ ફિલ્મમાં આ સ્ટોરી કેવી રીતે દર્શાવાઈ છે, તે તો ફિલ્મ રિલીઝ થાય ત્યારે જ ખબર પડશે. એક તરફ ઈબ્રાહિમ તેના ડેબ્યુની તૈયારી કરી રહ્યો છે અને બીજી તરફ ખુશીની 'લવયાપા' રિલીઝ થઈ ચૂકી છે, જેને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. આ રોમકોમમાં તે જુનૈદ સાથે જોવા મળી. તેમની ફિલ્મને વિકી કૌશલ જેવા વર્સેટાઈલ એક્ટરે પણ વખાણી છે.

### બુટલેગર ધવલ ટ્રકનું પાયલોટીંગ કરતો હતો

# ચંદીગઢથી રાજકોટ મોકલાવેલો ૨૭.૮૪ લાખનો દારૂ ઝડપાયો

## જસદણમાં જુના બસ સ્ટોપ પાસે ગેબનશા સોસાયટી નજીકથી એસએમસીની ટીમે દા ભરેલો ટ્રક ઝડપી લીધો હતો

જસદણમાં જુના બસ સ્ટોપ પાસે ગેબનશા સોસાયટી નજીકથી એસએમસીની ટીમે દા ભરેલો ટ્રક ઝડપી લીધો હતો. ટ્રકમાં દવા અને બ્લેડના બોક્સની આડમાં ૧૩,૦૮૧ બોટલ દાનો જથ્થો છુપાવ્યો હતો. પોલીસે દાના આ જથ્થા સાથે હિમાચલ પ્રદેશ અને સુરેન્દ્રનગરના શખસને ઝડપી લીધા હતાં. દાનો આ જથ્થો ટ્રક સહિત ૫૩.૩૩ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. દા રાજકોટના કુખ્યાત બુટલેગર ધવલ સાવલિયાએ મગાવ્યો હતો અને ચંદીગઢથી દાનો આ જથ્થો મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે બુટલેગર ધવલ તેના ભાઈ સહિત ચારને વોન્ટેડ જાહેર કર્યા છે.દાના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપી કે.ટી. કામરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.વી. ગળચર તથા તેમની ટીમે જસદણમાં જુના બસ સ્ટોપ પાસે બાયપાસ રોડ પર ગેબનશના સોસાયટી નજીકથી શંકાસ્પદ ટ્રક અટકાવ્યો હતો. પોલીસે આ ટ્રકની તલાશી લેતા તેમાં બ્લેડ અને દવાના બોક્સ રાખવામાં આવ્યા હોય જે હટાવીને જોતા નીચેથી દાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાંથી પિયા ૨૭,૮૪,૪૬૬ની કિંમતનો ૧૩૦૮૧ બોટલ દાનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે દાના આ જથ્થા સાથે હિમાચલ પ્રદેશનાં મંડી જિલ્લ ાના પ્રણવકુમાર દુર્ગાનંદ શર્મા અને સુરેન્દ્રનગરના વઢવાણના બકુલ દિનેશભાઈ નંદેશળીયાને ઝડપી લીધા હતાં. પોલીસે દાનો આ જથ્થો ટ્રક સહિત કુલ પિયા ૫૩,૩૩,૪૧૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો.વધુમાં જાણવા મળતી વિગતો મુજબ દાનો આ જથ્થો રાજકોટમાં રહેતા લીસ્ટેડ બુટલેગર ધવલ સાવલિયાએ ચંદીગઢથી મગાવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જેથી ધવલ તેના ભાઈ જયેશ, હાર્દિક જોગરાજીયા રહે.ત્રણેય રાજકોટ તથા ચંદીગઢથી દા મોકલનાર શખસને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.ચંદીગઢથી ૨૭.૮૪ લાખનો દાનો જથ્થો મગાવનાર રાજકોટનો કુખ્યાત બુટલેગર ધવલ સાવલિયા ચંદીગઢથી ટ્રકમાં દા ભરાયા બાદ તે અહીંથી ટ્રકનું પાયલોટીંગ કરતો હોવાનું જાણવા મળ્યું છે.

## જયમિત પટેલ મેન ઓફ ધ મેચ

# સૌરાષ્ટ્રને ઈનિંગ્સથી હરાવીને ગુજરાત રણજી સેમિફાઈનલમાં

### સેમિફાઈનલમાં ગુજરાતનો મુકાબલો કેરળ અને જમ્મુ-કાશ્મીરની ટીમ વચ્ચેની મેચના વિજેતા સામે થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૩

પ્રિયજિત જાડેજા અને અરઝાન નાગવાસવાલા સહિતના બોલર્સની વેધક બોલિંગ સામે સૌરાષ્ટ્રની બેટિંગનું પતન થતાં ગુજરાતની ટીમે રાજકોટમાં રમાયેલી રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલમાં એક ઈનિંગ્સ અને ૯૮ રનથી વિજય હાંસલ કરીને રણજી ટ્રોફીની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. ગુજરાત માટે સદી ફટકારનારા જયમિત પટેલને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાયેલી ક્વાર્ટર ફાઈનલમાં સૌરાષ્ટ્ર તેના બીજા દાવમાં ૧૯૭ રનમાં આઉટ થઈ ગયું હતું. આ મેચમાં સૌરાષ્ટ્રએ તેના પ્રથમ દાવમાં ૨૧૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં ગુજરાતે જયમિત પટેલ અને ઉર્વિલ પટેલની સદીની મદદથી ૫૧૧ રનનો વિશાળ સ્કોર રજૂ કર્યો હતો. આમ સૌરાષ્ટ્ર ઈનિંગ્સના પરાજયથી બચવા માટે ૨૯૬ રનના દેવા સામે રમી રહ્યું હતું. મંગળવારે મેચના ચોથા દિવસે તે ૧૯૭ રનમાં આઉટ થઈ ગયું હતું.સૌરાષ્ટ્રની ટીમે મંગળવારે ચોથા દિવસની રમતનો પ્રારંભ વિના વિકેટે ૩૩ રનના સ્કોરથી કર્યો ત્યારે એમ લાગતું હતું કે તેઓ લડત આપીને મેચને રસપ્રદ બનાવશે પરંતુ તેમ બન્યું ન હતું. ગુજરાતના ઝડપી બોલર અરઝાન નાગવાસવાલા અને પ્રિયજિત જાડેજાએ સુંદર બોલિંગ કરી હતી. ૨૮મી ઓવરમાં ૬૭ રનના સ્કોરે ગુજરાતને પ્રથમ સફળતા અપાવતાં પ્રિયજિતે ઓપનર ચિરાગ જાનીને આઉટ કર્યો હતો. જાનીએ ૨૬ રન કર્યા હતા. અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પૂજારા માત્ર બે રન કરી શક્યો હતો અને ૩૦મી ઓવરમાં જાડેજે તેને પણ આઉટ કરી દીધો હતો. આમ સૌરાષ્ટ્ર મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું.ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં પોતાની કારકિર્દીની અંતિમ મેચ રમી રહેલો શેલ્ડન જેક્સન ૨૭, વર્તમાન સિઝનમાં અગાઉની મેચોમાં શાનદાર પ્રદર્શન કરનારો અર્પિત વસાવડા ૧૧, પ્રેરક માંકડ આઠ અને સમર ગજ્જર સાત રનના અંગત સ્કોરે આઉટ થઈ જતાં પાંચ દિવસની આ મેચ ચોથા દિવસે જ પૂરી થઈ જશે તેની ખાતરી થઈ ગઈ હતી.

પ્રિયજિત અને નાગવાસવાલા વેધક બોલિંગ કરી રહ્યા હતા તો તેમને સામે છેડેથી આઈપીએલના સફળ બોલર રવિ બિશ્નોઈનો પણ સહકાર સાંપડ્યો હતો. બિશ્નોઈએ બે મહત્વના ખેલાડી શેલ્ડન જેક્સન અને સમર ગજ્જરને આઉટ કર્યા હતા. વર્તમાન સિઝનની અગાઉની મેચોમાં ઢગલાબંધ વિકેટો ખેરવનારા સ્પિનર સિદ્ધાર્થ દેસાઈને આ ઈનિંગ્સમાં વિકેટ મળી ન હતી. જાડેજાએ ચાર, નાગવાસવાલાએ ત્રણ, બિશ્નોઈએ બે અને કેપ્ટન ચિંતન ગજાએ એક વિકેટ લીધી હતી. સૌરાષ્ટ્ર માટે ઓપનર હાર્વિક દેસાઈએ સર્વોચ્ચ સ્કોર નોંધાવતાં ૧૦૩ બોલની મક્કમ ઈનિંગ્સમાં ૫૪ રન ફટકાર્યા હતા જેમાં નવ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. આ વિજય સાથે ગુજરાતની ટીમે રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫ની સિઝનની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. સેમિફાઈનલમાં તેનો મુકાબલો કેરળ અને જમ્મુ-કાશ્મીરની ટીમ વચ્ચેની મેચના વિજેતા સામે થશે.

## દીપડાએ પાડ્યું લગ્નમાં વિઘ્ન

# લખનઉમાં દીપડો લગ્ન મંડપમાં ઘુસી ગયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી

### વરરાજા લગ્ન મંડપની બારીમાંથી કૂદી ગયો લગ્નમાં ઘૂસેલા દીપડાથી વર-કન્યાએ કોઈક રીતે પોતાનો જીવ બચાવ્યો હતો.

(સંપૂર્ણ સમાચાર સેવા)
લખનઉ,૧૩

ઉત્તર પ્રદેશના લખનઉમાં એક દીપડો એક લગ્ન મંડપમાં ઘુસી ગયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વન્ય પ્રાણીઓના ભયથી લગ્ન પ્રસંગમાં અરાજકતા જોવા મળી હતી. પરિસ્થિતિ એવી હતી કે સુંદર પોશાક પહેરેલી દુલ્હન તેના ભારે લહેંગા લઈને તેના મિત્રો સાથે ભાગી ગઈ, જ્યારે વરરાજા લગ્ન મંડપની બારીમાંથી કૂદી ગયો. લગ્નમાં ઘૂસેલા દીપડાથી વર-કન્યાએ કોઈક રીતે પોતાનો જીવ બચાવ્યો હતો. વન્ય પ્રાણીએ તેને બચાવવા આવેલા વન અધિકારીને પણ ઈજા પહોંચાડી હતી. આખી રાત બચાવ કામગીરી બાદ ગુરુવારે સવારે ૪ વાગ્યે દીપડો પકડાયો હતો.

આ ઘટના લખનૌના પારા પોલીસ સ્ટેશન વિસ્તારના એમએમ મેરેજ લૉન ખાતે બની હતી, જ્યાં એક લગ્ન સમારોહ ચાલી રહ્યો હતો. બુધવારે રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ મહેમાન દીપકે બીજા માળે દીપડાને જોયો અને તે ડરી ગયો અને ઉપરથી કૂદી ગયો. જેના કારણે તે ઘાયલ થયો હતો અને ત્યાર બાદ લગ્નમંડપમાં હંગામો મચી ગયો હતો.

**તંત્રી લેખ**

લગ્નમાં ઉપસ્થિત મહેમાનો અને લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા, જ્યારે વન વિભાગને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ વન વિભાગના અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને દીપડાને બચાવવાની કામગીરી શરૂ કરી હતી. આ ટીમમાં ડીએફઓ સિતાંશુ પાંડે અને રેન્જ ઓફિસર મુકદ્દર અલી પણ સામેલ હતા. આ દરમિયાન દીપડાએ અધિકારીઓ પર હુમલો કરી મુકદ્દર અલીને ઈજા પહોંચાડી હતી. આખી રાત બચાવ કામગીરી બાદ આખરે ગુરુવારે સવારે ૪ વાગ્યે વન અધિકારીઓએ દીપડાને પકડી લીધો હતો. બીજી તરફ ઘાયલ વન અધિકારી મુકદ્દર અલી સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

અગાઉ, લખનૌના મલિહાબાદ વિસ્તારના રહેમાનખેડામાં છેલ્લા એક મહિનાથી વાઘ જોવા મળ્યો હતો અને છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઘણી ઘટનાઓ નોંધાઈ છે. વન વિભાગ તે વાઘને પકડવા પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ હજુ સુધી તે પકડાયો નથી. પરંતુ આ નવી ઘટનાએ આ વિસ્તારના સ્થાનિક લોકોની સુરક્ષાને લઈને ચિંતા ઊભી કરી છે.

## પક્ષપાતી, એકતરફી'

# વક્ફ બિલ પર JPC રિપોર્ટ વિપક્ષના હોબાળા વચ્ચે સંસદમાં રજૂ

નવીદિલ્હી,૧૩

વિપક્ષી સાંસદોએ આરોપ લગાવ્યો કે સભ્યો દ્વારા રજૂ કરાયેલા અસંમતિના સૂચનો પેનલના અહેવાલમાં સામેલ નથી. ખડગેએ કહ્યું- અમારા વાંધા કાઢી નાખવામાં આવ્યા; શાહે કહ્યું- તમે જે ઈચ્છો તે ઉમેરો, મારી પાર્ટીને કોઈ વાંધો નથી.

સંસદમાં ભારે હોબાળા વચ્ચે વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૪ પર સંયુક્ત સંસદ સમિતિ નો અહેવાલ રજૂ કરવામાં આવ્યો. વક્ફ (સુધારા) બિલ પરનો અહેવાલ રાજ્યસભામાં ભાજપના સભ્ય મેધા વિશ્રામ કુલકર્ણી, જે પેનલના સભ્ય હતા, દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. વિપક્ષના રિપોર્ટ વિરુદ્ધ સૂત્રોચ્ચાર વચ્ચે બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા બાદ JPCના અધ્યક્ષ અને ભાજપના સાંસદ જગદંબિકા પાલે લોકસભામાં બિલ રજૂ કર્યું.

રાજ્યસભામાં વિપક્ષના સાંસદોએ આરોપ લગાવ્યો કે વક્ફ બિલ પર JPC "પક્ષપાતી" અને "એકતરફી" છે, અને ઉમેર્યું કે પેનલના સભ્યો દ્વારા રજૂ કરાયેલા અસંમતિ નોંધો પેનલના અહેવાલમાં શામેલ નથી. જોકે, કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ આ આરોપને નકારી કાઢ્યો. રિપોર્ટ રજૂ થયા બાદ વિપક્ષી બેન્ચના સભ્યોએ હોબાળો મચાવ્યો, જેના કારણે અધ્યક્ષ જગદીપ ધનખડે ગૃહને થોડા સમય માટે સ્થગિત કરી દીધું.

જ્યારે ગૃહ ફરી શરૂ થયું, ત્યારે વિપક્ષી સાંસદોએ કહ્યું કે અહેવાલમાંથી તેમની અસંમતિ નોંધો સંપાદિત કરવામાં આવી છે જ્યારે સરકારે આરોપોને નકારી કાઢ્યા. ત્યારબાદ વિપક્ષી સભ્યોએ વોકઆઉટ કર્યું. "વક્ફ બોર્ડ પર JPC રિપોર્ટમાં, ઘણા સભ્યોનો અસંમતિ અહેવાલ છે. તે નોંધો દૂર કરવી અને અમારા મંતવ્યોને બુલડોઝ કરવી યોગ્ય નથી. આ લોકશાહી વિરોધી અને નિંદનીય છે. શેરધારકોને બહારથી બોલાવવામાં આવ્યા હતા અને તેમના નિવેદનો લેવામાં આવ્યા હતા. અસંમતિ અહેવાલો કાઢી નાખ્યા પછી રજૂ કરવામાં આવેલા કોઈપણ અહેવાલની હું નિંદા કરું છું," કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું. તેને "બનાવટી અહેવાલ" ગણાવતા, તેમણે ઉમેર્યું કે તેને પાછો ખેંચી લેવો જોઈએ અને સમિતિને પાછો મોકલવો જોઈએ."અમે આવા ખોટા અહેવાલોને ક્યારેય સ્વીકારીશું નહીં. જો અહેવાલમાં અસંમતિના મંતવ્યો ન હોય, તો તેને પાછો મોકલવો જોઈએ અને ફરીથી રજૂ કરવો જોઈએ," ખડગેએ કહ્યું.લોકસભામાં, વક્ફ બિલ પર JPC રિપોર્ટ રજૂ થયા પછી વિપક્ષી સાંસદોએ વોકઆઉટ કર્યો. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ પત્રકારોને જણાવ્યું હતું કે સાંસદો ૬૫૫ પાનાનો રિપોર્ટ વાંચવા માટે એક રાતનો સમય આપી રહ્યા છે.

"એક રાત માટે ૬૫૫ પાનાનો રિપોર્ટ વાંચીપ અમારી પાસે અમારા વાંધા રજૂ કરવા માટે ભાગ્યે જ સમય હતો. જો તમે બેઠકોની મિનિટ્સ તપાસો, તો તમને ખબર પડશે કે કોઈ કલમ-દર-કલાક ચર્ચા થઈ ન હતી. અમે બધા ઘણી JPCનો ભાગ રહ્યા છીએ, અને કલમ-દર-કલાક ચર્ચા સૌથી મહત્વપૂર્ણ છે, પરંતુ તેને બાયપાસ કરવામાં આવી હતી. ચેરમેન કોના પ્રભાવ હેઠળ કાર્ય કરી રહ્યા છે? આના વિરોધમાં, અમે આજે વોકઆઉટ કર્યું," તેમણે ANI ને જણાવ્યું.

AIMIM સાંસદ અસદુદ્દીન ઓવાસીએ કહ્યું કે વક્ફ બિલ ગેરબંધારણીય છે અને બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૨૯નું ઉલ્લંઘન કરે છે. "પઆ બિલ ફક્ત ગેરબંધારણીય નથી અને બંધારણની કલમ ૧૪, ૧૫ અને ૨૯નું ઉલ્લંઘન કરે છે, તે વક્ફને બચાવવા માટે નથી પરંતુ તેને બરબાદ કરવા અને મુસ્લિમો પાસેથી છીનવી લેવા માટે છેપઅમે આ બિલની નિંદા કરીએ છીએપસ્પીકરે ખાતરી આપી છે કે સાંસદોના ૭૦% અસંમતિ અહેવાલોના સંપાદિત સંસ્કરણો શામેલ કરવામાં આવશેપ" ઓવૈસીએ કહ્યું.

## બે ડેપ્યુટી CM બનાવવાની તૈયારીમાં ભાજપ

# દિલ્હીની નવી સરકારમાં દેખાશે મિનિ ઈન્ડિયાની ઝલક

### રાજધાનીને 'મિની ભારત'ના રૂપે દર્શાવવા માટે નવી કેબિનેટમાં બે નાયબ મુખ્યમંત્રી સામેલ કરવાના વિકલ્પ પર ચર્ચા કરવામાં આવી રહી છે

નવીદિલ્હી,૧૩

દિલ્હી ચૂંટણીમાં શાનદાર જીત હાંસલ કર્યા બાદ ભાજપ મુખ્યમંત્રી પસંદ કરવાના પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન પાર્ટી અન્ય રાજ્યોની જેમ દિલ્હીમાં પણ બે નાયબ મુખ્યમંત્રી બનાવવાનો ફોર્મ્યુલા અપનાવશે તેવી અટકળો પણ તેજ થઈ છે. રાજધાનીને 'મિની ભારત'ના રૂપે દર્શાવવા માટે નવી કેબિનેટમાં બે નાયબ મુખ્યમંત્રી સામેલ કરવાના વિકલ્પ પર ચર્ચા કરવામાં આવી રહી છે.

ભાજપના અમુક નેતાઓનું કહેવું છે કે, દિલ્હી સરકારમાં બે નાયબ મુખ્યમંત્રીના કારણે પાર્ટીને વિવિધ જાતિ, સમુદાય અને પ્રાદેશિક પૃષ્ઠભૂમિના ધારાસભ્યોને સમાવવામાં મદદ મળશે. બે નાયબ મુખ્યમંત્રી બનવાની સંભાવના વધારે છે. કારણકે, આવું અન્ય અનેક રાજ્યોમાં પણ કરવામાં આવ્યું છે, જ્યાં વિભિન્ન પૃષ્ઠભૂમિના નેતાઓનો સમાવેશ કરવા માટે બે નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે. ભાજપ શાસિત મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં પણ આ જ નીતિ અપનાવવામાં આવી છે.

દિલ્હીના ભાજપ નેતાઓનું કહેવું છે કે, આ પ્રસ્તાવ પર રાષ્ટ્રીય નેતૃત્વ વિચાર કરી રહ્યું છે, જે તેના પર અંતિમ નિર્ણય લેશે. આ સિવાય મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓના નામ પર પણ અંતિમ નિર્ણય લેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસ બાદ દિલ્હીમાં સરકાર રચવાની પ્રક્રિયામાં તેજી આવવાની સંભાવના છે. ગૃહના નેતા પસંદ કરવા માટે ભાજપ ધારાસભ્ય દળની બેઠક રવિવારે યોજે તેવી સંભાવના છે. મુખ્યમંત્રી પદના દાવેદારોમાં અનેક ભાજપ ધારાસભ્યના નામની ચર્ચા છે. તેમાં પરવેશ વર્માનું નામ સામેલ છે, જે નવી દિલ્હી બેઠકથી આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને હરાવી ધારાસભ્ય બન્યા છે.

આ સિવાય દિલ્હી ભાજપના પૂર્વપ્રમુખ વિજેન્દ્ર ગુપ્તા, સતીશ ઉપાધ્યાય અને મનજિંદર સિંહ સિરસા, પવન શર્મા, આશીષ સૂદ, રેખા ગુપ્તા તેમજ શિખા રાય જેવા વરિષ્ઠ નેતા પણ મુખ્યમંત્રી પદની હોડમાં સામેલ છે. પાર્ટી નેતાઓએ કરનેલ સિંહ અને રાજકુમાર ભાટિયા જેવા અમુક નવનિર્મિત ધારાસભ્યોનું નામ પણ લીધા છે, જે મુખ્યમંત્રી પદ માટે સંભવિત દાવેદાર જણાવવામાં આવી રહ્યા છે.

## આધુનિક સુવિધાઓથી સજ્જ

# દિલ્હીમાં ૧૫૦ કરોડના ખર્ચે RSSનું નવું આલિશાન હેડક્વાર્ટર બનીને તૈયાર થયુ

### આ ભવનનું નિર્માણ સાર્વજનિક દાનથી ૧૫૦ કરોડના ખર્ચે થયું છે તેનો ઉદ્દેશ્ય આરએસએસના વધતા કામોને સમર્થન આપે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી,૧૩

દિલ્હીમાં ૧૫૦ કરોડના ખર્ચે RSSનું નવું આલિશાન હેડક્વાર્ટર બનીને તૈયાર થઇ ગયું છે. આધુનિક સુવિધાઓથી સજ્જ પોતાના નવા કાર્યાલય પરિસર કેશવ કુંજનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ બુધવારે દિલ્હીમાં ઉદ્ઘાટન કર્યું છે. આ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. તે લગભગ ૫ લાખ વર્ગ ફુટમાં ફેલાયેલું છે. તેમાં ટાવર ઓડિટોરિયમ, એક લાઈબ્રેરી, એક હોસ્પિટલ અને એક હનુમાન મંદિર આવેલું છે. આ ભવનનું નિર્માણ સાર્વજનિક દાનથી ૧૫૦ કરોડના ખર્ચે થયું છે. તેનો ઉદ્દેશ્ય આરએસએસના વધતા કામોને સમર્થન આપે છે.

કેશવ કુંજની ડિઝાઈન એ રીતે બનાવી છે કે તેમાં આ કાર્યક્રમો, ટ્રેનિંગ અને બેઠકો માટે એક આદર્શ જગ્યા બનશે. લાઈબ્રેરી સંશોધન કાર્યોમાં મદદ કરશે. જ્યારે ઓડિટોરિયમમાં મોટા આયોજન કરી શકાશે. આ પરિસરમાં પાંચ બેડવાળી એક હોસ્પિટલ પણ આવેલી છે.

આ પરિસર દિલ્હીના ઝંડેવાલામાં આવેલું છે અને ૪ એકરમાં ફેલાયેલું છે. તેને બનાવવામાં ૧૫૦ કરોડનો ખર્ચ થયો છે. તેનો આકાર ભાજપ હેડક્વાર્ટર કરતા પણ મોટો છે. તેમાં આરએસએસની ઓફિસ, આવાસીય જગ્યા અને ગતિવિધિઓ માટેની સુવિધાઓ હશે.આરએસએસના નવા હેડક્વાર્ટરમાં ત્રણ ટાવર આવેલા છે. તેનું નામ સાધના, પ્રેરણા અને અર્ચના રાખવામાં આવ્યું છે. આ ટાવરોમાં કૂલ મળીને ૩૦૦ રુમ છે. સાધના ટાવરમાં સંગઠન કાર્યાલય છે. બાકી બંનેમાં આવાસીય પરિસર છે. આ બંને આવાસીય ટાવરોની વચ્ચે એક ખુલ્લી જગ્યા છે. જેમાં એક સુંદર બગીચો અને આરએસએસના સંસ્થાપક કેશવ બાલિરામ હેડગેવારની મૂર્તિ પણ આવેલી છે.

કેશવ કુંજ પરિસરમાં ૧૩૫ કારની પાર્કિંગ સુવિધા પણ આવેલી છે. જેને ભવિષ્યમાં ૨૭૦ કાર સુધી વિસ્તારિત કરી શકાશે. રિપોર્ટ અનુસાર, આરએસએસ કાર્યકર્તાઓ અને સંઘ સાથે જોડાયેલ લોકો આ પરિસરમાં દાન આપ્યું છે. લગભગ ૭૫,૦૦૦ લોકોએ ૫ રુપિયાથી લઈને લાખો રુપિયા સુધીનું ડોનેશન આપ્યું છે.

## સુડોકુ નં. ૧૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 7 | 9 | | 1 | 8 | | 6 |
| | 1 | | | 6 | | | 7 | |
| 6 | | | | | | | | 9 |
| | | | 7 | 5 | 4 | | | |
| | 7 | 4 | | | | 1 | 2 | |
| | | | 1 | 9 | 2 | | | |
| 8 | | | | | | | | 4 |
| | 4 | | | 2 | | | 9 | |
| 1 | | 6 | 4 | | 5 | 2 | | 3 |

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૬૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 8 | 6 | 4 | 9 | 3 | 7 | 2 |
| 2 | 6 | 3 | 7 | 1 | 8 | 9 | 5 | 4 |
| 9 | 7 | 4 | 3 | 5 | 2 | 6 | 1 | 8 |
| 7 | 4 | 6 | 1 | 9 | 3 | 8 | 2 | 5 |
| 8 | 1 | 9 | 5 | 2 | 4 | 7 | 6 | 3 |
| 3 | 2 | 5 | 8 | 6 | 7 | 1 | 4 | 9 |
| 4 | 3 | 2 | 9 | 7 | 1 | 5 | 8 | 6 |
| 5 | 9 | 1 | 2 | 8 | 6 | 4 | 3 | 7 |
| 6 | 8 | 7 | 4 | 3 | 5 | 2 | 9 | 1 |

## રાશિ ભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** સંતાનો તમારા કહ્યામાં ન રહેતા મન અશાંત રહે. પત્ની સાથે વિવાદ ટાળવા. મોટા સાહસ કે ખોટા રોકાણો કરવા નહીં. વિવાદમાં ઉતરવું નહીં .પેટ,આંતરડા સંબંધી તકલીફ સર્જાય.

**વૃષભ(બ.વ.ઉ) :** ભૂતકાળમાં કરેલુ આયોજન સફળ થાય. સગા સ્નેહીઓની ગેરસમજ દૂર થાય. દામ્પત્યજીવન મધુર બને. વ્યવસાયિક કાર્ય અર્થે યાત્રા--વાસ સરળતાથી પાર પાડી શકશો.

**મિથુન(ક.છ.ઘ) :** કચેરીમાં શુભ સમચાર મળે. ભાગ્યોદયમાં વૃધ્ધિ થાય. આર્થિક ઉન્નતિ થાય. રોકાયેલા નાણાં છુટા થાય. પરિવારમાં -સન્નતાનુ વાતાવરણ રહે. મનોબળ મજબૂત બનશે.

**કર્ક(ડ.હ.):** વડીલોના સહકારથી ધારેલી સફળતા મેળવી શકશો. શુભ દિવસ છે. વાહન અકસ્માતમાથી ઉગરી જવાય. દિવસના પૂર્વાધમાં વધુ આનંદ મળે. હરિફો,-તિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી શકશો.

**સિંહ(મ.ટ.) :** દામ્પત્ય જીવનમાં મતભેદના કારણે મન અશાંત રહે.-ેમ અને નિષ્ઠાની કસોટી થાય.પરિવારમાં ખટરાગ ઉત્પન્ન કરનાર પરિબળો પેદા થાય. વિશ્વાસમાં આવી નિર્ણય લેવો નહીં.

**કન્યા(પ.ઠ.ણ.):** પરિવારમાં સુમેળ રહે. નોકરિયાત વર્ગને -ગતિની ઉત્તમ તકો મળી રહેશે. આધ્યાત્મિક ધાર્મિક ક્ષેત્રે વધુ -ગતિ થાય. સંતાનોના આરોગ્યની ચિંતા દૂર થાય. રમણિય સ્થળોની મુલાકાત લઇ શકશો.

**તુલા(ર.ત.) :** આકસ્મિક ધન લાભ થાય.પરિવારમાં સુમેળ જળવાય. શુભ અવસરમાં હાજરી આપી શકશો. ઘરમાં અને કાર્યક્ષેત્રમાં વૈભવ સમૃદ્ધિની ,સુંદર ચીજવસ્તુઓની ખરીદી કરી શકશો. સ્વાસ્થ્ય સારુ.

**વૃશ્ચિક(ન.ય.) :** સફળતા શોધતી આવે. નેતાગીરીમાં યશ મળે. પરિવાર અને દામ્પત્યજીવનમાં સ્નેહ અને મધુરતા રહે. ધાન્ય ધાતુ અને કાપડમાં નફો થાય. મિત્રોના સાથ-સહકારથી કાર્યક્ષેત્રે -ગતિ વધે.

**ધન(ભ.ધ.ફ.ઢ.):** વડીલોના સ્વાસ્થ્યની ચિંતા રહે. કૌટુંબિક વિખવાદ ઉગ્ર બને. સફળતા આડે અવરોધ અને અણધાર્યા ખર્ચા થાય. હીરાના વેપારમાં ફાયદો રહે. સ્થાયી -ોપર્ટીની ખરીદી કરી શકશો.

**મકર(જ.ખ.):** પૂર્વે કરેલા આયોજનોમાં સફળતા મળે. કાર્યક્ષેત્રને આધુનિક બનાવી શકશો. સગા સ્નેહીઓની ગેરસમજ દૂર થાય. દામ્પત્ય વિવાદમાં સમાધાન વૃત્તિ રહે. પરોપકારવૃત્તિમાં વધારો થાય.

**કુંભ(ગ.શ.સ.) :** કામના સ્થળે સમય સારો જાય. સ્વભાવે ચતુર અને વિનયી બનશો. નવા આયોજનોમાં સફળતા મળે. કાપડના વેપારમાં ફાયદો રહે. તેલના વેપારમાં ફાયદો રહે.આરોગ્ય એકંદરે સારુ રહેશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** લાંબા ગાળાના આયોજનો અને મહત્વના નિર્ણયોમાં સફળતા અને સરળતા રહે. પારાવારિક વિવાદનો અંત આવે. રક્તની પીડામાં ઘટાડો થાય. ધાર્મિક, આધ્યાત્મિક -વૃત્તિઓથી પ્રગતિ.

**જયોતિષાચાર્ય : ડૉ. મહેશભાઈ દશોરા**
**જયોતિષ કાર્યાલય, ડી-૬૧૯, છઠ્ઠા માળે, ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર, મજૂરાગેટ ચાર રસ્તા સુરત -૩૯૫૦૦૨.**
**ફોન નં: (૦૨૬૧) ૨૪૭૭૮૮૦**

## સુવિચાર

■ જે તમારું મૌન સમજી શકતો નથી તે તમારા શબ્દો પણ નહીં સમજી શકે. - એલ્બર્ટ હુબાર્ડ

## પંચાંગ

તા ૧૪-૦૨-૨૦૨૫
વાર : શુક્ર
વિક્રમ સંવત: ૨૦૮૦
મહાવીર જૈન સંવત: ૨૫૪૬
શાલીવાહન શક સંવત : ૧૯૪૧
ખ્રિસ્તી સંવત : ૨૦૨૯
માસ: મહા
પક્ષ: વદ
તિથી : બીજ
પારસી તા. : ૧૮
મુસ્લિમ તા.: ૦૫
નક્ષત્ર: રેવતી
યોગ : સાધ્ય
કરણ : ગર
દિશાશૂલ : પશ્ચિક્મ દિશા ( આ દિશામાં યાત્રા કરવાથી મુંઝવણ રહે )
રાહુકાળ : ૧૦.૩૦ થી ૧૨.૦૦ સુધી ( રાહુકાળમાં કોઇપણ કાર્યનું શુભારંભ ન કરવુ )

ચંદ્ર રાશિ: આજે જન્મેલા બાળકોની રાશિ મીન છે. જેથી જન્મેલા બાળકોના નામ દ.ચ.ઝ.થ. અક્ષર પર રાખી શકાય. સાંજે ક.૧૮ મિ. ૧૧ થી મેષ રાશિ શરૂ થશે. જેથી ક. ૧૮ મિ.૧૧ થી જન્મેલા બાળકોના નામ અ.લ.ઈ અક્ષર પર રાખી શકાય

ગ્રહોનું રાશિ ભ્રમણ આ -માણે છે: સૂર્ય: મકર ચંદ્ર: મીન/મેષ મંગળ: વૃશ્ચિક બુધ: કુંભ ગુરુ: ધનશુક્ર: કુંભ શનિ: મકર રાહુ: મિથુન કેતુ: ધન હર્ષલ: મેષ નેપ્ચ્યુન: કુંભ પ્લુટો: ધન

દિવસના ચોઘડીયા: (૧) ચલ (૨) લાભ (૩) અમૃત (૪) કાળ (૫) શુભ (૬) રોગ (૭) ઉદ્વેગ (૮) ચલ

રાત્રિના:- (૧) રોગ (૨) કાળ (૩) લાભ (૪) ઉદ્વેગ (૫) શુભ (૬) અમૃત (૭) ચલ (૮) રોગ

અમદાવાદ બ્યુરો ઓફિસ : કોશિશ એસ. શાહ (બ્યુરો ચીફ) ૩૦૨, આરંભ કોમ્પ્લેક્ષ, પંચવટી પેટ્રોલ પંપની પાછળ, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન (૦૭૯) ૪૦૦૪૦૫૭૫, ૯૯૨૫૦ ૪૭૦૯૨, ફેક્સ (૦૭૯) ૪૦૦૪૦૫૭૫

### ૧૨.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે દાહોદ રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું : નલિયામાં ૧૩.૨ ડિગ્રી ઠંડી નોંધાઈ

## શિયાળાની ધીમા પગલે વિદાય: આવનારા દિવસોમાં અકળાવનારી ગરમી જોવા મળશે

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

અમદાવાદ સહિત રાજ્યભરમાંથી શિયાળાએ જાણે ધીમા પગલે વિદાય લેવાનું શરૂ કર્યું હોય તેવું લાગી રહ્યું છે. ઠંડીમાં ધીમે ધીમે ઘટાડો નોંધાતા ગુજરાતવાસીઓ હવે ગરમીનો અનુભવ કરી રહ્યા છે. છેલ્લા થોડા દિવસોથી ઠંડીમાં વિચિત્ર વલણ જોવા મળી રહ્યું હતું. હવામાનમાં આવી રહેલા પલટાના કારણે હવામાન નિષ્ણાતો અને હવામાન વિભાગ પણ ગોથે ચડી ગયા હતા. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતનાં મોટા ભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય વધારો જોવા મળ્યો છે. એકાએક જ લઘુત્તમ તાપમાનનો પારો ઉંચકાતાં અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં લોકો મિશ્ર ઋતુના કારણે ભારે પરેશાન થઈ ગયા છે. આ દરમિયાન હવામાન નિષ્ણાતોએ મોટી આગાહી કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતીઓએ હવે આકરી ગરમી સહન કરવા માટે તૈયાર રહેવું પડશે.

હવામાન નિષ્ણાતો દ્વારા આપવામાં આવેલી નવી આગાહીમાં ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીમાં વધારો થાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના હવામાન પર વધુ એક નવી સિસ્ટમની અસર થાય તેવી પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના હવામાન પર વધુ એક નવી સિસ્ટમની અસર થાય તેવી પણ સંભાવના દેખાઈ રહી છે. ગુજરાતના હવામાન વિભાગે આ અંગેની આગાહી આપતાં જણાવ્યું છે કે, આગામી સાત દિવસ રાજ્યનું વાતાવરણ મોટા ભાગે શુષ્ક રહેશે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રએ આપેલી માહિતી મુજબ, આગામી સાત દિવસ ગુજરાતનું તાપમાન શુષ્ક રહેવાની ધારણા છે. આગામી પાંચ દિવસ તાપમાનમાં ધીમે ધીમે વધશે. પરંતુ, લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થવાની શક્યતા હાલ દેખાઈ રહી નથી. હવે સિઝન ધીમે ધીમે બદલાઈ રહી છે. જેના કારણે આગામી દિવસોમાં થોડી ગરમીનો અનુભવ થશે. હાલ લઘુત્તમ તાપમાન સામાન્યની આસપાસ જ નોંધાઈ રહ્યું છે.

આજે સવારે રાજ્યના અનેક શહેરોના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. આશ્ચર્ય વચ્ચે દાહોદ ૧૨.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. ડાંગમાં ૧૨.૯ ડિગ્રી અને કચ્છના નલિયામાં ૧૩.૨ ડિગ્રી ઠંડી નોંધાઈ છે. સામાન્ય રીતે રાજ્યનું કોલ્ડેસ્ટ સિટી બની રહેલું નલિયા લઘુત્તમ તાપમાન વધવાથી આ યાદીમાં પાછળ ધકેલાયું છે. નલિયામાં નોંધાયેલું ૧૩.૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧.૭ ડિગ્રી જેટલું છે. અમદાવાદમાં આજે સવારે ૧૭.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય કરતાં ૩.૪ ડિગ્રી જેટલું વધુ હતું.

### સગીરાનો અંગત પળોનો વિડીયો વાયરલ કરવાની આપેલ ધમકી

## શહેરમાં સગીરા સાથે તેના મિત્રોએ દુષ્કર્મ આચર્યુ: પોલીસે ૨ આરોપીની કરેલ ધરપકડ

**બ્યુરો દ્વારા** **અમદાવાદ, તા. ૧૩**

અમદાવાદની એક સગીરાને કેટલાક નબીરાઓ સાથે મિત્રતા કરવી ભારે પડી છે. આ સગીરા નબીરાઓ સાથે ફરવા ગઈ હતી. ત્યાં નબીરાઓ એ સગીરાને ત્રણ દિવસ સુધી દારુ પીવડાવીને નશામાં રાખી હતી તેમજ સગીરા સાથે બળાત્કારના વિડીયો પણ બનાવ્યા હતા. જે વીડિયોના આધારે બ્લેઈકમેઈક કરી પૈસા પણ પડાવ્યા છે.

જોકે, અંતે સગીરાએ પરિવારને જાણ કરતા આ મામલે ખાડિયા પોલીસે ગુનો દાખલ કર્યો છે. આ કેસમાં સગીર સહિત ૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપી અને તેની સાથેના સગીર મિત્રોએ ભેગા મળી ૧૫ વર્ષીય સગારીને પહેલા પ્રેમજાળમાં ફસાવી અને બાદમાં હવસનો શિકાર બનાવી હતી. ૧૫ વર્ષીય સગીરા ગત ૨ ફેબ્રુઆરીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેતી બહેનપણીને મહેંદી મુકવાના નામે નીકળી અને ૭મીએ સગીરાને એક યુવક અને યુવતી નશાની હાલતમાં ઘરે મુકી ગયા હતા. જે બાદ સગીરા ભનામાં આવતા તેણે પરિવારજનો સમક્ષ પોતાની આપવીતી જણાવી હતી. જેમાં સગીરા સાથે બળાત્કાર થયો હોવાની હકીકત સામે આવતા ખાડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેની તપાસ એસટીએસસી સેલને સોંપાતા પોલીસે આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાએ પોતાના પરિવાર જનોને કહ્યું કે, ડિસેમ્બર ૨૦૨૪ માં તેની મુલાકાત એક સગીર યુવક સાથે થઈ હતી. બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાતા તે કાંકરિયા કાર્નિવલમાં ગઈ. જ્યાંથી તેનો પ્રેમી તેને ગીતામંદિર ખાતે એક મિત્રના ઘરે લઈ ગયો હતો અને કેફી પીણું પીવડાવી તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. તે વખતે સગીરાના પ્રેમીના મિત્ર પુષ્પકે તેની અંગતપળોનો વીડિયો પોતાના ફોનમાં ઉતાર્યો હતો. જે પછી સગીરાના પ્રેમીએ તેની ઓળખાણ એક યુવક સથે કરાવી હતી અને તેની સાથે મિત્રતા કરવાનું દબાણ કર્યુ હતું. સગીરા મિત્રતા નહીં રાખે તો તેનો વીડિયો વાયરલ કરી દઈશ તેવી પ્રેમીએ ધમકી આપી હતી. જે બાદ સગીરાનો પ્રેમી અને તેનો મિત્ર અવારનવાર પૈસાની માગણી કરતા હોવાથી સગીરાએ ૯૦ હજાર રુપિયા આપ્યા હતા.

### સગીરાને સતત દારુ પીવડાવી ૩ દિવસ સુધી નશામાં રાખવામાં આવી

**બ્યુરો દ્વારા** **અમદાવાદ, તા. ૧૩**

૨ ફેબ્રુઆરીએ સગીરા તેની મિત્ર પાસે હોસ્ટેલમાં ગઈ હતી અને ત્યાં તેના પ્રેમી સહિતના મિત્રો આવ્યા હતા. ત્યાંથી ક્રિષ્ના પટેલ અને મેહુલ ચુનારા સહિતના મિત્રો રાયપુર ખાતે લઈ ગયા હતા. જ્યાં ત્રણેય નબીરાઓએ સગીરાને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી દારુ પીવાનું દબાણ કરી સગીરાને સતત દારુ પીવડાવી ત્રણ દિવસ સુધી નશામાં રાખવામાં આવી હતી. જે દરમિયાન ક્રિષ્ના પટેલે સગીરાને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યુ હતું. આ મામલે પોલીસે સગીરાના સગીર પ્રેમી ક્રિષ્ના પટેલ અને મેહુલ ચુનારા નામના આરોપીની ધરપકડ કરી લીધી છે. જોકે, આ ગુનામાં અન્ય પુષ્પક નામનો આરોપી ફરાર થઈ ગયો છે જેની પોલીસ સઘન તપાસ હાથ ધરીને ઝડપી પાડશે. છેલ્લાં ઘણાં સમયથી શહેરમાં સગીરાને ફોસલાવીને તેણી ઉપર પ્રેમી અને તેમના મિત્રો દ્વારા બળાત્કારની ઘટનાઓ અને ત્યારબાદ બ્લેકમેઈલ કરીને પૈસા પડાવવાના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે.

### રાજ્યભરમાં એબીવીપીના કાર્યકરો દ્વારા ઠેર ઠેર રસ્તા રોકો આંદોલન છેડાયું

## રાજ્ય સરકારના જનજાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ બંધ કરાતા એબીવીપીનો વિરોધ

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા જનજાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બંધ કરાતા વિદ્યાર્થી સંગઠન એબીવીપી દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. રાજ્યભરમાં ઠેર ઠેર એબીવીપીના કાર્યકરો દ્વારા રોડ રોકો આંદોલન છેડાયું. આજે મહીસાગર અને સાબરકાંઠામાં એબીવીપીના કાર્યક્રમો દ્વારા ચક્કાજામ કરવામાં આવ્યા. વિદ્યાર્થીના ઉગ્ર વિરોધ સામે પોલીસે અટકાયતી પગલાં પણ ભર્યા છે.

ગુજરાત એસટી-એસસીના વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન આપવામાં આવતી શિષ્યવૃત્તિ અચાનક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. રાજ્ય સરકારના જનજાતિના શિષ્યવૃત્તિના આ નિર્ણયને લઈને રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ આંદોલન છેડ્યું. નારાજ વિદ્યાર્થીઓ દ્વારા સરકારી ડોક્યુમેન્ટની હોળી કરી આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓ સરકારના નિર્ણય વિરુદ્ધ ઉગ્ર દેખાવો કરવા મોટી સંખ્યામાં રોડ રોકી ટ્રાફિકને બાનમાં લેતા ચક્કાજામ કર્યો. પોલીસ દ્વારા રસ્તા રોકી પોતાનો આક્રોશ વ્યક્ત કરતા વિદ્યાર્થીઓને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી. જેમાં કેટલાક ઉગ્ર તત્વોને ડીટેન પણ કરવામાં આવ્યા.

સાબરકાંઠા સહિત ગુજરાત ભરમાં એસટીએસસીના વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે શિષ્યવૃત્તિ આપવામાં આવતી હોય છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ તેમજ જનજાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે આપવામાં આવતી શિષ્યવૃત્તિ બંધ કરાય છે. જેના પગલે તાજેતરમાં ગાંધીનગર ખાતે પણ ઉગ્ર આંદોલન કરાયું હતું. જોકે, રાજ્ય સરકારે આ મામલે કોઈ ગંભીરતા ના દાખવતા આજે સાબરકાંઠા સહિત જિલ્લાઓમાં કોંગ્રેસની એબીવીપી દ્વારા ઉગ્ર દેખાવો કરાયા હતા. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે રિદ્ધિ સિદ્ધિ કોલેજની બહાર વિદ્યાર્થીઓ દ્વારા દેખાવો કરી સૂત્રોચ્ચાર કરાયા હતા. જોકે, આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા ચોક્કસ નિર્ણય ના લેવાય તો સમગ્ર રાજ્યભરમાં વ્યાપક આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ છે.

નોંધનીય છે કે, ભારત સરકારના વર્ષ ૨૦૨૨ની નવી માર્ગદર્શિકાનું પાલન કરતા ગુજરાત સરકાર દ્વારા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

## મહેસાણાં નિવૃત્ત આર્મીમેન તીક્ષ્ણ વસ્તુ વડે પત્નીની હત્યા કરી દેતાં ચકચાર

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

મહેસાણાના વડસામ ગામમાં હત્યાના બનાવે ચકચાર મચાવી. વડસામા ગામમાં નિવૃત્ત આર્મીમેને તીક્ષ્ણ હથિયાર વડે પત્ની પર હુમલો કર્યો. ગંભીર હુમલાને પગલે આર્મીમેનની પત્નીનું મોત નિપજ્યું. પોલીસને હત્યાની ઘટનાની જાણ થતાં સ્થળ પર પહોંચી ગયા હતા. લાંઘણજ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મહેસાણામાં વડસમા ગામમાં નિવૃત્ત આર્મીમેન પત્ની સાથે લાંબા સમયથી રહે છે. નિવૃત્ત આર્મીમેન રમેશભાઈ પ્રજાપતિ તેમના પત્ની મીનાબહેન વચ્ચે અવારનવાર કોઈને કોઈ બાબતે ઝઘડા થતા હતા. દરમિયાન દંપતિ વચ્ચેનો ઘર કંકાસ એટલો બધો વધી ગયો કે પતિએ પત્ની પર ઘાતકી હુમલો કર્યો. પતિ-પત્ની વચ્ચે થતી દલીલો ઉગ્ર બની અને નિવૃત્ત આર્મીમેન એટલો બધો ક્રોધે ભરાયો કે તીક્ષ્ણ હથિયાર વડે પત્નીને માર માર્યો. પતિના ઘાતકી હુમલાને પગલે ૪૬ વર્ષીય મીનાબેન પ્રજાપતિનું ઘટના સ્થળ પર મોત થયું છે.

અગાઉ પણ મહેસાણામાં પતિએ પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી હોવાનો કિસ્સો બન્યો હતો. આ ઘટનામાં પતિએ પહેલા પત્નીએ આપઘાત કર્યો હોવાનું રટણ કર્યુ હતું. પરંતુ, પત્નીના પિયરીયાને શંકા જતા પોસ્ટમોર્ટમ કરવાનું કહેતા સમગ્ર મામલો સામે આવ્યો. વડસમા ગામમાં નિવૃત્ત આર્મીમેનની પત્ની પર ઘાતકી હુમલો કરી ઢીમ ઢાળી દીધું હતું. પતિ-પત્નીના સંબંધોમાં શંકા વધતાં મામલો ઉગ્ર બન્યો હતો.

## પાટણમાં ખનીજ માફિયાઓ પરના દરોડામાં રુ. ૫.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

**બ્યુરો દ્વારા** **અમદાવાદ, તા. ૧૩**

પાટણમાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે, ત્યારે ખનીજ માફિયાઓ પર પાટણ ખાણ ખનીજ વિભાગની ટીમે દરોડા પાડ્યા છે. સરસ્વતી તાલુકાના ઉંદરા ગામેથી પાટણ ખાણ ખનીજની ટીમે દરોડા પાડીને રુ. ૫.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખનીજ માફિયાઓના ૧૦ ડમ્પર તેમજ ૧ મશીન જપ્ત કર્યુ છે.

ઉલ્લેખનીય છે કે, કોઈપણ જાતની લીઝની પરવાનગી લીધા વગર જ ગેરકાયદેસર રીતે ખનીજ માફિયાઓ સરકારની રોયલ્ટીની ચોરી કરતા હતા. બનાસ નદીમાં ગેરકાયદેસર રીતે ખનન કરવાના ગુનાની તપાસ ચાલુ છે ત્યારે આશરે ૧૦ લાખનો દંડ ખનીજ માફિયાઓને ફટકારવામાં આવશે. કંબોઈ ગામના વિક્રમસિંહ સોલંકી દ્વારા ગેરકાયદેસર ખનન કરીને સરકારની તિજોરીને મળતી કરોડો રુપિયાની રકમની સીધી જ ચોરી કરાતી હતી.

થોડ દિવસ પહેલા જ ગીર સોમનાથના ઉનામાંથી મોટા પ્રમાણમાં ખનીજ ચોરી ઝડપાઈ હતી. ઉના તાલુકાના ખડા ગામેથી ખનીજ ચોરી ખાણ ખનીજ વિભાગે ઝડપી પાડી હતી. ૪ ટ્રેક્ટર અને ૪ ટ્રોલી સહિત આશરે ૨૦ લાખ રુપિયાનો મુદ્દામાલ પકડી પાડ્યો હતો. નવા બંદર પોલીસ સ્ટેશન વિસ્તારના ઝાંખરવાડા, ખડા, સિમર બીચમાંથી રોજ બેફામ દરિયાઈ રેતની ચોરી થાય છે. ત્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા માત્ર ૪ ટ્રેક્ટર પકડીને સંતોષ માન્યો હતો. આ સિવાય થોડા દિવસ અગાઉ જ પંચમહાલના ખાણ ખનીજ વિભાગે ગેરકાયદે રેતી ખનન કરનારા સામે લાલ આંખ કરતા ૭ ટ્રેક્ટર સહિત ૬૦ લાખનો મુદ્દામાલ ઝડપ્યો હતો.

## અમદાવાદમાં ૧૩થી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન "વર્લ્ડ કોંગ્રેસ ઓફ ડાયાબિટીઝ"નું આયોજન

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

અમદાવાદમાં ૧૩થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન ડાયાબિટીસ ઈન્ડિયા એન્ડ ડાયાબિટીસ ઈન એશિયા સ્ટડી ગ્રુપ (ડીએએસજી) દ્વારા "વર્લ્ડ કોંગ્રેસ ઓફ ડાયાબિટીઝ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં હજારો ડોક્ટરો, રિસર્ચર્સ અને હેલ્થકેર પ્રોફેશનલ્સ એકત્ર થયા હતા. જ્યાં ડાયાબિટીસ ઈન્ડિયા એન્ડ ડાયાબિટીશ ઈન એશિયા સ્ટડી ગ્રુપ (ડીએએસજી)એ સંયુક્ત રીતે અમદાવાદ ડીક્લેરેશન રિલીઝ કર્યુ. આ ડીક્લેરેશનમાં યુવા એશિયનોમાં ટાઈપ ૨ ડાયાબિટીસ (T2D) ભયજનક રીતે વધી રહ્યો છે તેને પહોંચી વળવા તાત્કાલિક પગલાં લેવાની ચર્ચા કરવામાં આવી હતી. વિશ્વભરના ૫૯ અગ્રણી નિષ્ણાતોની ભાગીદારી સાથે તૈયાર કરાયેલા આ ડીક્લેરેશન પ્રતિષ્ઠિત જર્નલ ડાયાબિટીસ એન્ડ મેટાબોલિઝમ-રિસર્ચ એન્ડ રિવ્યુઝમાં પણ પ્રકાશિત કરવામાં આવેલ છે. ૧૪મી ફેબ્રુઆરીએ ઉદ્‌ઘાટન પ્રસંગે ચીફ ગેસ્ટ તરીકે ડો. જીતેન્દ્રસિંહ, મિનિસ્ટર ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાની ખાસ ઉપસ્થિતિ રહેશે. ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડો. પીટર શ્વાર્ઝ, પ્રેસિડેન્ટ ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન અને ડો. હેલેના ટીડે-પ્રેસિડન્ટ, ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ એન્ડોક્રિનોલોજીની હાજરી મહત્વની બની રહેશે. ડો. નદીમા શેગા ડીએએસજીને ખાસ આમંત્રિત કરાયા હતા.

### એન્ટી-સ્મગલિંગ ડે પર ભારતમાં

## બ્લેક માર્કેટને નાબૂદ કરવા ક્રોસ સેક્ટર આંતરરાષ્ટ્રીય સહયોગની હાકલ કરતું પીએમઆઈ

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

એન્ટિ-સ્મગલિંગ ડે ૨૦૨૫ પર, ફિલિપ મોરિસ ઈન્ટરનેશનલ ઈન્ક. (PMI) ના ભારત સંલગ્ન, આઈપીએમ ઈન્ડિયાએ કાળા બજારના તમાકુના વેપારને નાબૂદ કરવા માટે ક્રોસ-સેક્ટર, આંતર રાષ્ટ્રીય સહયોગની હાકલ કરી છે, જે ભારતના આર્થિક હિત, રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્યની સુરક્ષા માટે મૂળભૂત છે.

ફિક્કી કાસ્કેડના અહેવાલ અનુસાર, ગેરકાયદેસર વેપાર એ વૈશ્વિક કટોકટી છે, જે વૈશ્વિક જીડીપીના ૩ ટકાથી વધુની સમકક્ષ વાર્ષિક ૨ ટ્રિલિયન ડોલરના અંદાજિત છાયા અર્થતંત્રને બળ આપે છે. અંદાજે વપરાશમાં લેવાયેલી વૈશ્વિક સિગારેટમાંથી ૧૧.૬ ટકા ગેરકાયદેસર છે, જે સમગ્ર વિશ્વની સરકારોને ૪૦.૫ બિલિયન ડોલરના કર નુકસાનનો અસર કરે છે. ગેરકાયદેસર વેપાર કાયદેસર ના વ્યવસાયોને નબળો પાડે છે. સરકારોને નિર્ણાયક આવકથી વંચિત કરે છે, ગુનાહિત સંગઠનોને ભંડોળ પુરું પાડે છે અને ગ્રાહકોને અનિયંત્રિત ઉત્પાદનો માટે ખુલ્લા પાડે છે.

મીડિયા અહેવાલો મુજબ ફીક્કી કાસ્કેડ રિપોર્ટ સૂચવે છે કે, ગેરકાયદે તમાકુના વેપારને કારણે ભારત સરકારનો ૨૦૨૨માં કુલ નુકસાન રુ.૧૩,૩૩૧ કરોડ હતું. યુરોમોનિટર ઈન્ટરનેશનલ ૨૦૨૩ના અહેવાલ અનુસાર ભારતમાં ગેરકાયદે સિગારેટનું પ્રમાણ ૨૦૨૨માં 30.2 bn સ્ટીક્સ પર પહોંચી ગયું છે.

### રુ. ૧૬૦થી રુ. ૧૬૮ પ્રતિ ઈક્વિટી શેરની પ્રાઈસ બેન્ડ નિયત કરાઈ

## તેજસ કાર્ગો ઈન્ડિયા લિ.ની એસએમઈ પ્રારંભિક જાહેર ઓફર ૧૪ ફેબ્રુઆરીના રોજ ખૂલશે

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

તેજસ કાર્ગો ઈન્ડિયા લિમિટેડ સમગ્ર ભારતમાં રોડ દ્વારા લાંબા અંતરની સપ્લાય ચેઈન ટ્રાન્સપોર્ટેશન સેવાઓ પૂરી પાડવાના વ્યવસાયમાં સંકળાયેલી છે. તેઓ લોજિસ્ટિક્સ, સ્ટીલ અને સિમેન્ટ, ઈ-કોમર્સ, ઔદ્યોગિક અને રસાયણો, એફએમસીજી અને વ્હાઈટ ગુડ્સ ક્ષેત્રોમાં સંકળાયેલી વિવિધ કંપનીઓને કુલ ટ્રક લોડ હેઠળ એક્સપ્રેસ સપ્લાય ચેઈન ટ્રાન્સપોર્ટેશન સેવાઓ પ્રદાન કરે છે. કંપનીએ તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રુ. ૧૦/- પ્રતિ મૂળ કિંમતના ઈક્વિટી શેર દીઠ રુ. ૧૬૦થી રુ. ૧૬૮ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે.

આ જાહેર ઈશ્યૂ સંપૂર્ણપણે ૬૩,૦૦,૦૦૦ ઈક્વિટી શેરનો નવો ઈશ્યૂ છે. જેમાં કોઈ ઓફર-ફોર-સેલ ઘટક નથી. કંપનીએ કર્મચારી અનામત ભાગ હેઠળ ૬૩,૨૦૦ ઈક્વિટી શેર લાયક કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે અનામત રાખ્યા છે અને ૩,૧૫,૨૦૦ ઈક્વિટી શેર માર્કેટ મેકર અનામત ભાગ માટે અનામત રાખ્યા છે.

નવા ઈશ્યૂમાંથી મળનારી રકમમાંથી રુ. ૩૧.૭૬ કરોડ કંપની માટે વધારાના ટ્રેઈલર્સ ખરીદવા માટે ઉપયોગમાં લેવાશે. રુ. ૩૦ કરોડ કાર્યકારી મૂડીની જરુરિયાતોને પૂર્ણ કરવા માટે, રુ. ૧૫ કરોડ કંપની દ્વારા લેવામાં આવેલા ચોક્કસ ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અને/અથવા પૂર્વ ચૂકવણી માટે અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ સાધવા માટે ઉપયોગમાં લેવાશે. કંપનીના શેર એનએસઈના એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટ થશે.

## પ્લેટિનમ લવ બેન્ડસ સાથે વેલેન્ટાઈન સીઝનની ઉજવણી

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

વેલેન્ટાઈન સિઝનમાં પ્રેમને તેના સૌથી સાચા અને દુર્લભ સ્વરુપમાં ઉજવો ત્યારે તેને યાદગાર બનાવવા અને #SealltwithPlatinum-તેના સારને કેદ કરવા લાયક એકમાત્ર ધાતુ છે. ૯૫ ટકા શુદ્ધ અને અપવાદરુપે દુર્લભ પ્લેટિનમમાંથી બનાવેલ, જે વિશ્વભરમાં ફક્ત થોડા જ સ્થળોએ જોવા મળે છે અને સોના કરતાં ૩૦ ગણું દુર્લભ છે. પ્લેટિનમ લવ બેન્ડ ફક્ત ઘરેણાં નથી, તે પ્રેમનું અંતિમ પ્રતિક છે.

તેમની સમકાલીન ડિઝાઈન સાથે, પ્લેટિનમ લવ બેન્ડસ આધુનિક સંબંધોના મૂલ્યોની ઉજવણી કરે છે. એકબીજાના વ્યક્તિત્વને મહત્વ આપે છે, પરસ્પર સફળતાઓની ઉજવણી કરે છે અને જીવનની જવાબદારીઓને સમાન રીતે વહેંચે છે.

પ્લેટિનમની અજોડ શક્તિ ખાતરી કરે છે કે તે સ્વરુપ બદલતું નથી અથવા તેનો કુદરતી સફેદ રંગ ગુમાવતું નથી. જે ખરેખર અનન્ય પ્રેમની સ્થિતિસ્થાપકતા અને સ્થિરતાનું પ્રતિબિંબ પાડે છે. જેમ પ્લેટિનમ ઝાંખા પડ્યા વિના ટકી રહે છે, તેવી જ રીતે તે જે પ્રેમનું અટલ અને સાશ્વત પ્રતિક છે.

## લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો નાણાંકિય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક ગાળાનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો ૨૦.૭૭ કરોડ થયો

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

ભારતની અગ્રણી હેલ્થકેર કંપનીઓમાં સ્થાન ધરાવતી લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂરા થતા નાણાકિય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે રુ. ૨૦.૭૭ કરોડનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો નોંધાવ્યો છે જે ગત નાણાંકિય વર્ષના સમાન ગાળામાં રુ. ૨૮.૦૪ કરોડ હતો. નાણાંકિય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં કામગીરીમાંથી આવકો રુ. ૧૪૬.૫૫ કરોડ નોંધાઈ હતી જે ગત નાણાંકિય વર્ષના સમાન ગાળામાં રુ. ૧૪૬.૪૫ કરોડ હતી. કંપનીએ વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં રુ.૩૨.૬૩ કરોડની એબિટા નોંધાવી હતી જે ગત નાણાંકિય વર્ષના આ જ ગાળામાં ૪૦.૬૮ કરોડ હતી. નાણાંકિય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે ઈપીએસ શેરદીઠ રુ. ૧૦.૩૭ રહી હતી.

ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂરા થતા નવ માસ માટે કંપનીએ રુ. ૯૨.૯૪ કરોડનો કરવેરા પૂર્વેનો નફો નોંધાવ્યો હતો જે નાણાંકિય વર્ષ ૨૦૨૪ના નવ મહિનામાં રુ. ૧૦૦.૦૩ કરોડ હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ કંપનીમાં તેમનો હિસ્સો ડિસેમ્બર, ૨૦૨૩માં ૩.૨૨ ટકાથી સ્થિર ગતિએ વધારીને ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૫.૧૬ ટકા કર્યો છે.

પરિણામો અને કામગીરી અંગે ટીપ્પણી કરતાં લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિ.ના એમ.ડી. મહેન્દ્ર પટેલે જણાવ્યું કે, નાણાંકિય વર્ષ ૨૦૨૫ના પ્રથમ નવ માસમાં તમામ બિઝનેસ વર્ટિકલ્સમાં મજબૂત વૃદ્ધિ થવા પામી છે.

## વડોદરાની વિશ્વામિત્રી નદીને ઉંડી અને પહોળી કરવાનો માર્ગ મોકળો બન્યો

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

વડોદરાની વિશ્વામિત્રી નદીને ઉંડી અને સાફ તથા પહોળી કરવાનો માર્ગ મોકળો થયો છે. કેન્દ્ર સરકારના વાઈલ્ડ લાઈફ વિભાગે પાલિકાને મગર અને કાચબાને અન્ય સ્થળે ખસેડવા પ્રાથમિક મંજૂરી આપી દેવાઈ છે પરંતુ મગર પ્રેમીઓ પક્ષમાં નથી.

વડોદરામાં વિનાશક પૂર આવ્યા બાદ વિશ્વામિત્રી નદીને પુન:જીવિત કરવાની માગ ઉઠી હતી. જેને લઈને પાલિકાએ વિશ્વામિત્રી પ્રોજેક્ટ હાથ પર લીધો છે. પરંતુ, તેને સાફ કે ઉંડી કરવી હોય તો જળચર જીવોને નુકસાન થઈ શકે છે અથવા તેઓ હુમલો કરી શકે છે, જેને લઈને પાલિકાએ તેમને અન્ય સ્થળે ખસેડવા લાઈફ વિભાગ પાસે મંજૂરી માગી હતી. જે ધ્યાને લઈ વાઈલ્ડ લાઈફ વિભાગે પ્રાથમિક રીતે ૫૦ મગર અને ૧૫૦ કાચબાને અન્ય સ્થળે ખસેડવાની મંજૂરી આપી છે. પરંતુ શરત એ છે કે, જળચર જીવોને નુકસાન ન થવું જોઈએ અને ગેરરીતિ ન થવી જોઈએ. નહીં તો આ પરમીશન રદ કરી દેવામાં આવશે.પરંતુ, મગર એક્સપર્ટ અને મગર પ્રેમીઓનું કહેવું છે કે, નદીમાં હાલ ૯૦૦ જેટલા મગર છે અને આ મગરો અને કાચબા જે આ નદીને સાફ રાખવામાં મદદરુપ છે. તેને અન્ય સ્થળે કેવી રીતે લઈ જઈ શકાય?

## એરપોર્ટ પરથી ૬૯ લાખના ડોલર સાથે પકડાયેલા ત્રણ પેસેન્જર્સની તપાસમાં અમદાવાદના ત્રણ શખશને સમન્સ

**બ્યુરો દ્વારા**
**અમદાવાદ, તા. ૧૩**

અમદાવાદ એરપોર્ટ પરથી ગત ૨૨ અને ૨૩ જાન્યુઆરી એ ત્રણ પેસેન્જર્સ પાસેથી કુલ રુપિયા ૬૯ લાખના ડોલર (ભારતીય મૂલ્ય પ્રમાણે) મળી આવ્યા હતા. સ્પાઈસ જેટની ફ્લાઈટમાં અમદાવાદથી દુબઈ જઈ રહેલા એક પેસેન્જરે ચંપલની અંદર ૧૯,૦૦૦ યુએસ ડોલર છુપાવ્યા હતા. જેનું ભારતીય મૂલ્ય ૧૬ લાખ થવા જાય છે. જ્યારે બીજા દિવસે બે પેસેન્જર્સ આ જ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી ૩૨૦૦૦ અને ૩૧૦૦૦ યુએસ ડોલર કે જેની ભારતીય મૂલ્યમાં કિંમત રુ. ૫૩ લાખ થવા જાય છે તે કસ્ટમ વિભાગે ઝડપી પાડ્યા હતા. હવાલાના આ રુપિયા દુબઈમાં સોનાનું સ્મગલિંગ કરનાર દાણચોરોની સિન્ડિકેટને ચુકવવાના હતા. જોકે, તે એરપોર્ટ કસ્ટમના હાથે ઝડપાઈ ગયા હતા. એરપોર્ટ કસ્ટમના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ ત્રણેય પેસેન્જર્સ અમદાવાદના રહેવાસી છે અને અમદાવાદના ત્રણ શખશને સમન્સ પાઠવવામાં આવ્યા છે. જોકે, ત્રણેય ઈસમનો કસ્ટમનો સમન્સ મળવાની સાથે અંડરગ્રાઉન્ડ થઈ ગયા છે.

કસ્ટમ વિભાગે તેમની સઘન શોધખોળ ચાલુ કરી છે. આ સમગ્ર ઘટનામાં હજુ કેટલા લોકો સંકળાયેલા છે તેની પણ તપાસ કરવામાં આવી રહી છે અને અગાઉ પણ કેટલા ડોલર દુબઈમાં મોકલવામાં આવ્યા અને તેના બદલામાં કેટલું સોનું અમદાવાદ એરપોર્ટ પરથી બહાર કાઢવામાં આવ્યું હતું.

**૨૦૨૪માં આવેલી ઓટીટી ફિલ્મ 'અગ્નિ'માં જોવા મળી**

# ફિલ્મોએ મને ડિટેચમેન્ટ શીખવાડ્યું: સૈયામી ખેર

## એક્ટ્રેસ અને એથલીટ સૈયામી ખેરનો દૃષ્ટિકોણ એક્ટિંગ અને રમત-ગમતની સિદ્ધિઓ બંને માટે ઘણો અલગ છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૩

એક્ટ્રેસ અને એથલીટ સૈયામી ખેરનો દૃષ્ટિકોણ એક્ટિંગ અને રમત-ગમતની સિદ્ધિઓ બંને માટે ઘણો અલગ છે. તેની રમત-ગમતને લગતી સિદ્ધિઓ અંગત છે, જ્યારે ફિલ્મ બાબતે તે ડિટેચમેન્ટના નિયમને અનુસરે છે. છેલ્લે તે ૨૦૨૪માં આવેલી ઓટીટી ફિલ્મ 'અગ્નિ'માં જોવા મળી. હાલ તે હૈદ્રાબાદમાં શૂટ સની દેઓલ સાથે શૂટ કરી રહી છે. સૈયામી કહે છે, "ફિલ્મમાંથી હું જે સૌથી મોટી વાત શીખી છું તે છે – ડિટેચમેન્ટ. જ્યારે હું પરફોર્મ કરું અને ફિલ્મ પુરી થાય ત્યારે હું ખુશ થઈ જઉં છું કે મેં મારી જાતનો મહત્તમ ઉપયોગ કર્યો છે."સૈયામીએ કહ્યું, "જોકે, ફિલ્મ એક મોટી કૉમર્શિયલ હિટ છે કે નહીં, તેના પર મારી ખુશી આધારિત નથી. કારણ કે એવી ઘણી બાબતો હોય છે, જે તમારા હાથમાં નથી હોતી. આ ઘણું અઘરું છે પણ મને લાગે છે કે જો તમારું મુલ્ય બોક્સ ઓફિસની સફળતા પર આધારીત હશે તો તમે ગાંડા થઈ જશો."સૈયામી જર્મન આયર્નમેન ટ્રાએથલોનમાં ભાગ લેનારી પહેલી ભારતીય મહિલા અભિનેત્રી બની છે. હવે જુલાઈમાં તે બીજી વખત આ ટ્રાએથલોનમાં ભાગ લેવાની છે. તેના માટેની તૈયારીઓ સૈયામી શરૂ કરી ચુકી છે. તેણે કહ્યું, "જ્યારે તમે તમારી જાત માટે કોઈ રમત પસંદ કરો છો, ત્યારે જીત બહુ અંગત અનુભવ બની જાય છે. દર વખતે એવી કેટલીક સીમાઓ હોય છે, જે તમારે પાછળ છકેલવી પડે. હું તેના માટે મારી જાતને જેટલી આગળ ધકેલી શકું એટલી હું મારી જાતને વધુ સજ્જ સમજું છું. તેથી મારા માટે રમત મારા માટે નાની અંગત જીત છે, તેનાથી મને ઘણી ખુશી મળે છે."

**આ એટલીની છઠ્ઠી ફિલ્મ હશે**

# સલમાન- એટલીની ૫૦૦ કરોડની ફિલ્મ શરૂ થતાં પહેલાં જ અટવાઈ?

## છેલ્લા ઘણા સમયથી આ બંનેની ફિલ્મ અને તેમના વચ્ચે ચાલતી વાટાઘાટો અંગે ચર્ચાઓ ચાલતી હતી



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૩

એટલીએ 'જવાન'માં શાહરુખ ખાન સાથે કામ કર્યા પછી હવે તે સલમાન ખાન સાથે મોટા બજેટની ફિલ્મ બનાવવા તૈયારી કરી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી આ બંનેની ફિલ્મ અને તેમના વચ્ચે ચાલતી વાટાઘાટો અંગે ચર્ચાઓ ચાલતી હતી. આ એટલીની છઠ્ઠી ફિલ્મ હશે. હાલ આ ફિલ્મ પ્રી પ્રોડક્શનના સ્ટેજ પર છે અને ૨૦૨૬ના ઉનાળા સુધીમાં તેનું શૂટિંગ શરૂ થવાની શક્યતા છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં અટલીએ કન્ફર્મ કર્યું છે કે એ સલમાન ખાન સાથે એવી ધમાકેદાર ફિલ્મ બનાવશે કે આખી દુનિયાને તેના પર ગર્વ થશે. આ બિગ બજેટ ફિલ્મ શરૂ થતાં પહેલાં જ પડતી મૂકાઈ હોવાની ચર્ચા છે. કેટલાંક સૂત્રોના જણાવ્યા અનુસાર, એટલી સલમાન સાથે પોતાની છઠ્ઠી ફિલ્મ ૫૦૦ કરોડના મહાકાય બજેટ સાથે બનાવશે, જેમાં તે એક અલગ દુનિયા બનાવવા જઈ રહ્યો છે. સૂત્રના જણાવ્યા અનુસાર, "આ એક પીરિયડ ડ્રામા છે, જેમાં પુનર્જન્મની વાત છે, જેમાં અટલી એક ક્યારેય ન જોઈ હોય એવી દુનિયા રચવા જઈ રહ્યો છે. સાથે સલમાન પણ કશુંક નવું કરવા માટે અને અટલી સાથે કામ કરવા ઉત્સાહિત છે. આ ફિલ્મમાં અટલીને એક ચોક્કસ પ્રકારનો હિરો જોઈએ છે, તેથી સલમાન ખાન તેના માટે વજન ઘટાડવાની પણ તૈયારી કરી રહ્યો છે."સલમાન સાથેની આ ફિલ્મ માટે રજનીકાંત સાથે પણ ચર્ચા વિચારણા કરી રહ્યો છે. જો તે આ પ્રકારનું મોટું કાસ્ટિંગ કરવામાં સફળ રહ્યો તો આ ફિલ્મ ચોક્કસ ભારતીય સિનેમાની સૌથી મોટી ફિલ્મ બની રહેશે, જેમાં બે લોકપ્રિય સુપરહિરો સલમાન ખાન અને રજનીકાંત પહેલી વખત એકસાથે જોવા મળશે.આ ફિલ્મમાં રજનીકાંતના રોલમાં કમલ હસનને લેવાની પણ ચર્ચા હતી. એટલી છેલ્લા એક વર્ષથી આ ફિલ્મ માટે મહેનત કરી રહ્યો છે. જેમાં ભૂતકાળ અને આજ એમ બે સમયગાળાની વાત હશે. તેના માટે એક કાલ્પનિક દુનિયા બનાવવાની પણ તૈયારી કરવામાં આવી રહી છે. સલમાન આ ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળશે. આ ફિલ્મના બધાં જ પાત્રોના ભૂતકાળ અને આજ એકબીજા સાથે જોડાયેલા હશે. સલમાન ખાન 'સિકંદર'નું કામ પૂરું કરીને આ ફિલ્મ હાથ પર લેવા માગે છે. ફિલ્મ પડતી મૂકવા બાબતે સલમાન કે એટલી તરફથી કોઈ ખુલાસો થયો નથી.

**રાજ્યસભામાં કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ પર ચર્ચા**

# ફિલ્મ ઉદ્યોગને બચાવવા થોડી રહેમ કરો : જયા બચ્ચન

## જયા બચ્ચને સંસદમાં નાણામંત્રી નિર્મલા સીતારમણને ફિલ્મ ઉદ્યોગ માટે પણ કેટલાક પ્રસ્તાવ લાવવા અપીલ કરી હતી



મુંબઈ, તા.૧૩

જયા બચ્ચને સંસદમાં નાણામંત્રી નિર્મલા સીતારમણને ફિલ્મ ઉદ્યોગ માટે પણ કેટલાક પ્રસ્તાવ લાવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે ઉદ્યોગને સંપૂર્ણપણે અવગણવામાં આવી રહ્યો છે.તેમને કહ્યું કે સિનેમાને પણ નિશાન બનાવવામાં આવી રહ્યું છે'.સમાજવાદી પાર્ટીના રાજ્યસભા સભ્ય અને પીઢ અભિનેત્રી જયા બચ્ચને ઘણીવાર ગૃહમાં ફિલ્મ ઉદ્યોગ માટે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે નાણામંત્રી નિર્મલા સીતારમણને ફિલ્મ ઉદ્યોગને બચાવવા અને તેને જીવંત રાખવા માટે કેટલાક પ્રસ્તાવો લાવવા અપીલ કરી.વાસ્તવમાં, રાજ્યસભામાં કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ પર ચર્ચા થઈ રહી હતી. દરમિયાન, અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા જયા બચ્ચને સરકાર પર ફિલ્મ ઉદ્યોગને 'નાશ' કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. આ સાથે તેમણે કહ્યું કે દૈનિક વેતન પર કામ કરતા મજૂરો માટે જીવવું મુશ્કેલ બની ગયું છે અને સિંગલ-સ્ક્રીન થિયેટરો બંધ થઈ રહ્યા છે, લોકો સિનેમા હોલમાં જઈ રહ્યા નથી કારણ કે બધું ખૂબ મોંઘું થઈ ગયું છે.તેમણે કહ્યું, 'તમે એક ઉદ્યોગને સંપૂર્ણપણે અવગણ્યો છે. પહેલાની સરકારો પણ આ જ કામ કરતી રહી. પણ આજે તમે તેને આગલા સ્તર પર લઈ ગયા છો. તમે ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગને સંપૂર્ણપણે અવગણ્યા છે કારણ કે તમે તેનો ઉપયોગ ફક્ત તમારા પોતાના હેતુ માટે કરો છો. બચ્ચને ઉપલા ગૃહમાં કહ્યું, 'શું તમે આ ઉદ્યોગનો અંત લાવવા માંગો છો?' તમે આનાથી મોટી ભૂલ ન કરી શકો... આ એકમાત્ર ઉદ્યોગ છે જે સમગ્ર વિશ્વને ભારત સાથે જોડે છે.તેમણે દેશના ઑડિયો-વિઝ્યુઅલ ઉદ્યોગ માટે થોડી "રાહત" ની હાકલ કરી અને આરોપ લગાવ્યો કે સિનેમાને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. તેણીએ કહ્યું, 'હું મારા ફિલ્મ ઉદ્યોગ વતી અને ઑડિઓ-વિઝ્યુઅલ ઉદ્યોગ વતી બોલી રહી છું, હું આ ગૃહને વિનંતી કરી રહી છું કે કૃપા કરીને તેમના પર થોડી દયા કરો. તમે આ ઉદ્યોગને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યા છો. કૃપા કરીને આવું ના કરો..તેમણે નાણામંત્રી નિર્મલા સીતારમણને આ મુદ્દાને ખૂબ ગંભીરતાથી લેવા વિનંતી કરી, અને કહ્યું કે આ એક 'ખૂબ જ મુશ્કેલ ઉદ્યોગ' છે. જયા બચ્ચને કહ્યું, 'હું નાણામંત્રીને વિનંતી કરું છું કે તેઓ આ અંગે વિચાર કરે અને કૃપા કરીને આ ઉદ્યોગને જીવંત રાખવા માટે કંઈક લાવે.'

**શાહિદ કપૂરનું નામ ઘણી સુંદરીઓ સાથે જોડાયેલું**

# શાહિદ અને મીરા: એરેન્જ મેરેજ છતાં લવ સ્ટોરી પરીકથા સમાન

## બોલિવૂડના સફળ યુગલો વિશે વાત કરીએ, તો શાહિદ કપૂર અને મીરા રાજપૂત નામના એક યુગલનો પણ તેમાં સમાવેશ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૩

શાહિદ કપૂરનું નામ ઘણી સુંદરીઓ સાથે જોડાયેલું છે. પણ તેણે તેના માતાપિતાની પસંદગીની છોકરી એટલે કે મીરા સાથે લગ્ન કર્યા. ગોઠવાયેલા લગ્ન હોવા છતાં, આ કપલની પ્રેમકથા કોઈ પરીકથાથી ઓછી નથી. બોલિવૂડના સફળ યુગલો વિશે વાત કરીએ, તો શાહિદ કપૂર અને મીરા રાજપૂત નામના એક યુગલનો પણ તેમાં સમાવેશ થશે. બોલિવૂડનો ચોકલેટી બોય એક સમયે હિરોઈનોનો ક્રશ હતો અને આજે પણ તેની ફેન ફોલોઈંગ કરોડોમાં છે. પરંતુ લાખો દિલો પર રાજ કરનારા આ અભિનેતાએ પ્રેમ લગ્ન નહોતા કર્યા, પરંતુ તેના માતાપિતા દ્વારા પસંદ કરાયેલી છોકરી સાથે ગોઠવાયેલા લગ્ન કર્યા હતા.મીરા રાજપૂત સાથે લગ્ન પહેલા શાહિદ કપૂરનું નામ ઘણી સુંદરીઓ સાથે જોડાયું હતું. કરીના કપૂર સાથેના તેમના અફેરની અફવાઓ લાંબા સમય સુધી ચાલી. વર્ષ ૨૦૦૪ માં, બંનેનો કિસિંગ ફોટો પણ વાયરલ થયો હતો. એવું કહેવાય છે કે વર્ષો સુધી ડેટિંગ કર્યા પછી, ૨૦૦૭ માં બંને અલગ થઈ ગયા. આ પછી, શાહિદ અને કરીના પોતપોતાના જીવનમાં આગળ વધ્યા.શાહિદ કપૂર અને મીરા રાજપૂત એક ગોઠવાયેલા લગ્નમાં મળ્યા હતા. જ્યારે મીરા પહેલી વાર શાહિદને મળી ત્યારે તે ફક્ત ૨૦ વર્ષની હતી. શાહિદ કપૂર ૩૪ વર્ષનો હતો. શાહિદ કપૂરે પોતે એક વાર મિડ-ડેને આપેલા ઈન્ટરવ્યુમાં મીરા સાથેની પોતાની પહેલી મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો. પછી તેણે કહ્યું હતું કે પહેલી મુલાકાત દરમિયાન તેને થોડી શરમ આવી હતી.શાહિદે કહ્યું હતું કે, 'જ્યારે હું અને તે મળ્યા, ત્યારે મેં મીરા વિશે પહેલી વાત નોંધી કે તે ૨૦ વર્ષની હતી, હું ૩૪ વર્ષનો હતો અને હું થોડો શરમ અનુભવતો હતો.' મેં કહ્યું ઠીક છે, તે યુવાન છે. મને કોઈને પણ મળવાનો અને તેમની સાથે જોડાવાનો આનંદ થતો હતો અને જ્યારે હું તેને મળ્યો, ત્યારે તે એ હકીકતથી બિલકુલ પ્રભાવિત ન થઈ કે હું એક અભિનેતા છું.શાહિદ કપૂરે એક વખત એવો પણ ખુલાસો કર્યો હતો કે તેણે લગ્ન પહેલા મીરાને ડેટ કરી નહોતી. તે તેણીને ૩-૪ વાર મળ્યો અને ત્યારબાદ તેમણે લગ્ન કરવાનું નક્કી કર્યું. ૧૪ વર્ષનો ઉંમરનો તફાવત અને અલગ અલગ પૃષ્ઠભૂમિ હોવા છતાં, શાહિદ અને મીરા પ્રેમમાં પડ્યા અને તેમણે ૨૦૧૫ માં લગ્ન કર્યા. શાહિદ અને મીરા બે બાળકોના માતા-પિતા છે. લગ્નના એક વર્ષ પછી, મીરાએ ૨૦૧૬ માં તેની પુત્રી મીશાને જન્મ આપ્યો.

**ડિરેક્ટર તરીકે કલાકારની પસંદગી વખતે આર્થિક પાસું વિચારવું પડે**

# ડિરેક્ટર્સ હિરોઈનને રિપીટ નથી કરતા, ઓડિયન્સ હિરોને જોવા ખેંચાય છે

## જો તમે ડિરેક્ટર તરીકે કોઈ કલાકારને પસંદ કરતા હોય, તો તમારે પૈસાના દૃષ્ટિકોણથી પણ વિચારવું પડે છે

મુંબઈ, તા.૧૩

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડિરેક્ટર્સ એક હિરો સાથે તો એકથી વધુ વખત કામ કરે છે પરંતુ ફાતિમા સના શેખ એવી બહુ ઓછી હિરોઈનમાંની એક છે, જે એક ડિરેક્ટર સાથે ફરી વખત કામ કરી રહી છે. આ પ્રકારના ધોરણો પાછળના કારણો વિશે ફાતિમાએ કહ્યું, "કારણ કે એ લોકો જ ફિલ્મને કમાણી કરાવે છે. જો શાહરુખ ખાન વધુ પૈસા કમાઈ આપે છે, તેનો મતલબ અવો પણ છે કે એ તમને ઓડિયન્સ પણ લાવી આપે છે. કેટલાક કલાકારો સાથે કેટલાક દર્શકો પણ જોડાયેલાં હોય છે. જો તમે ડિરેક્ટર તરીકે કોઈ કલાકારને પસંદ કરતા હોય, તો તમારે પૈસાના દૃષ્ટિકોણથી પણ વિચારવું પડે છે. તેમાં પણ ખાસ તો કેટલાંક કલાકારો એવા હોય છે, જેના પર કમાણીનો ભરોસો મુકી શકાય છે. તો એ ડિરેક્ટર્સ આવા કલાકારો સાથે એકથી વધુ વખત કામ કરશે. જેના પર કમાણીનો ભરોસો મુકી શકાય એવી હિરોઈન કેટલી? તેમાં કંગના રણૌત, આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ જેવા ઘણા ઓછા નામનો સમાવેશ થાય છે. તેથી ડિરેક્ટર્સ અમારી સાથે ફરીથી કામ કારતા નથી. જો અમે વધારે ઓડિયન્સ ખેંચી શકીશું તો અમને પણ રિપીટ કરશે." ફાતિમા સના શેખે તાજેતરમાં જ આર માધવન સાથે 'આપ જૈસા કોઈ' ફિલ્મની જાહેરાત કરી છે. આ એક લવ સ્ટોરી છે અને ફાતિમા તેના માટે માધવનના વખાણ કરતાં ધરાતી નથી. ફાતિમા કહે છે, "હંમેશાથી માધવન પાછળ ઘેલી રહી છું. એટલે મેં એને કહ્યું કે મને તેના પર સૌથી મોટો ક્રશ છે. એને ખબર છે કે એના કામ માટે હું એને કેટલો પ્રેમ કરું છું અને મને એમના કામ માટે કેટલું માન છે. એ પણ મને ઘણું માન આપે છે. એ પણ બહુ અભ્યાસુ છે. એને નવા નવા ગેજેટ્સ લેવાનો શોખ છે અને તેના માટે તે નાના બાળકો જેટલો ઉત્સાહમાં આવી જાય છે."તાજેતરમાં જ સનાએ અનુરાગ બાસુની ફિલ્મ 'મેટ્રો ઈન દિનોં..'માટે શૂટ પૂરું કર્યું છે. આ ફિલ્મ વારંવાર ડિલે થવા અંગે ફાતિમાએ કહ્યું, "હું તો ઈચ્છિશ કે ગમે તેમ ફિલ્મ રિલીઝ કરી દે એના કરતાં અનુરાગ દાદા પોતાનો સમય લે અને સારી ફિલ્મ બનાવે. એ એક એવા ફિલ્મ મેકર છે, જેઓ સ્પષ્ટ રીતે જાણે છે કે તેમને શું બનાવવા માગે છે. લોકોને લાગે છે કે એ એકલાં જ ફિલ્મ બનાવે છે, પણ એ એક મોટી કાસ્ટ સાથે કામ લઈ રહ્યા છે. દરેક કલાકાર પાસે અલગ તારીખો હોય છે અને તેમને આ સિવાય પણ ઘણી બાબતો પર કામ કરવાનું છે. તેથી બધાની તારીખો મળે તે બહુ અઘરું કામ છે, આ સહેલું નથી."

**કરોડરજ્જુમાં ઈજાના પગલે બે મહિના બ્રેક લેવાની ફરજ પડી**

# ૮૦ કિલો વજન ઉંચકી કસરત કરવા જતાં રકુલ હેરાન થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૩

રકુલપ્રીત એક અતિશય હેલ્થ કોન્શિયસ એક્ટ્રેસ છે. ૮૦ કિલો વજન ઊંચકી કસરત કરતી વખતે ઓક્ટોબર મહિનામાં રકુલને મોટી ઈજા થઈ હતી. રકુલપ્રીત સિંઘે તાજેતરમાં તેની કરોડરજ્જુમાં ઈજા અંગે ખુલીને વાત કરી હતી. આ ઈજાને કારણે તેને એક મહિના સુધી પથારીવશ રહેવું પડ્યું હતું. તેનાં પડકારો અને સાજાં થવાની પ્રક્રિયા અંગે રકુલપ્રીતે વાત કરી હતી. આ ઈજા છતાં તે ફરી ફિટનેસ પાછી મેળવવા ઉત્સુક હતી. રકુલપ્રીત ઓક્ટોબર મહિનામાં સેફ્ટી બેલ્ટ પહેર્યા વિના ૮૦ કિલોનું વજન ઉપાડીને કસરત કરવાની કોશિશ કરતી હતી એ વખતે તેને કરોડરજ્જુમાં ઈજા થઈ હતી. તેના પછી કેટલાક દિવસોમાં તેની પીડા વધી ગઈ અને તેને લાંબા સમય સુધી પથારીવશ રહેવું પડ્યું હતું.રકુલે આ ઈજા વિશે કહ્યું, "મારે તેના કારણે બે મહિનાનો બ્રેક લેવો પડ્યો હતો. બે મહિના પછી, મેં શરૂઆત કરી, એક એડ શૂટથી શરૂ કર્યું, પણ એ પ્રોપર શૂટ હતું. મેં ડિસેમ્બરમાં માત્ર એક જ દિવસ માટે શૂટ કર્યું. પછી મારી સમગ્ર સફર આ ગીત પર કેન્દ્રીત હતી, મને ખબર હતી કે અમારી ફિલ્મ બહુ જલ્દી રિલીઝ કરવાની હતી. તેથી આ પ્રકારની કોઈ પણ ઈજા તમને ભાવુક રીતે પાછા પાડે છે. પરંતુ પહેલાં જ અઠવાડિયાની અંદર મેં મારી જાતને સોંપી દીધી. મેં કહ્યું ઓકે, આ એક શીખ છે, મારા માટે પણ આ શીખવાની બાબત હતી. હવે મારું ૨૦૨૫નું લક્ષ્ય છે કે હું મારી કરોડરજ્જુને સ્ટીલ જેવી મજબૂત બનાવી દઈશ."આગળ રકુલપ્રીતે કહ્યું, "બિલકુલ, એવા કેટલાંક દિવસો હોય છે, જે સારા હોય છે. પરંતુ કેટલાંક એવા પણ દિવસો હોય છે, જે ખરાબ હોય છે. હું ડાન્સ કરવાના પ્રયત્ન કરવા માટે આગળ વધી રહી હોય, ત્યારે કોઈ એવો દુ:ખાવો થાય જે મારા માટે તકલીફદાયક હોય અને તેનાથી હું નિ:રાશ થઈ જઉં અને મને શંકા થવા લાગે કે મારાથી થશે કે નહીં, મારા માટે બધાને મોડું ન થવું જોઈએ. તેથી કોઈ મારા જેવા વર્કોહોલિક હોય તેના માટે આપણને ખરાબ પણ લાગે. તમને ખરાબ લાગે કે તમારા કારણે બધાનું કામ બગડે છે અને તમારા હાથમાં કશું પણ હોતું નથી. પરંતુ મારી પણ એક વિશ્વસનીયતા છે તેથી હું મારી જાતને ધકેલ્યા કરું છું કે હું કશુંક કામ આપી શકું."રકુલપ્રીતે કહ્યું કે તેને આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે માનસિક રીતે પણ ઘણો સંઘર્ષ કરવો પડ્યો.

**રકુલપ્રીતે કહ્યું કે તેને આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે માનસિક રીતે પણ ઘણો સંઘર્ષ કરવો પડ્યો**

### અલ્હાબાદ હાઈકોર્ટે પીડિતાને ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી

# જાતીય શોષણનો શિકાર બનેલી મહિલાને ગર્ભપાતનો અધિકાર

## પીડિતાના પિતાએ સગીરા તરફથી ગર્ભને મેડિકલ રીતથી સમાપ્ત કરવાની માંગ સાથે અરજી કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
પ્રયાગરાજ, તા.૧૩

જાતીય શોષણનો શિકાર બનેલી પીડિત મહિલાને મેડિકલ રીતથી ગર્ભને સમાપ્ત કરવાનો અધિકાર છે, તેમ અલ્હાબાદ હાઈકોર્ટે પોતાના એક ચુકાદામાં કહ્યું છે. આ સાથે હાઈકોર્ટે કહ્યું કે જાતીય શોષણના મામલામાં કોઈ પણ મહિલાને ગર્ભ સમાપ્ત કરવાથી મનાઈ કરવી અને તેને માતૃત્વની જવાબદારીથી બાંધવી એ તેને સન્માનની સાથે જીવવાના માનવીય અધિકારથી વંચિત કરવા સમાન છે. મહિલાને મા બનવા માટે 'હા કે ના' કહેવાનો અધિકાર છે. પીડિતાને જાતીય શોષણ કરનાર વ્યક્તિથી બાળકને જન્મ આપવા માટે મજબૂર કરવી અકલ્પનીય દુખોનું કારણ ગણાશે. જસ્ટિસ મહેશચંદ્ર ત્રિપાઠી અને જસ્ટિસ પ્રશાંત કુમારની બેન્ચે પીડિતાને મેડિકલ રીતથી ગર્ભને સમાપ્ત કરવાની મંજૂરી આપીને આ ટિપ્પણી કરી છે. ઉત્તરપ્રદેશના ભદોહીની ૧૭ વર્ષીય કિશોરીના પિતાએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં સગીર દિકરીને લાલચ આપીને ભગાડીને બળાત્કાર કર્યો હોવાના આરોપ અંતર્ગત એફઆઈઆર નોંધાવી હતી. પોલીસે શોધીને પુત્રી પિતાને સોંપી હતી. આ દરમિયાન સગીરાના પેટમાં દુખાવો ઉપડ્યો હતો, અને તેની મેડિકલ તપાસ કરાવી તો ૧૫ સપ્તાહનો ગર્ભ હોવાનો રિપોર્ટ આવ્યો હતો. આ બાબતને લઈ પીડિતાના પિતાએ સગીરા તરફથી ગર્ભને મેડિકલ રીતથી સમાપ્ત કરવાની માંગ સાથે અરજી કરી હતી. અરજદાર તરફથી કોર્ટમાં વકીલ મનમોહન મિશ્રાએ દલીલ આપી હતી કે અરજદાર(પીડિતા)ની સાથે બળાત્કાર કરવામાં આવ્યો છે. એ હવે ગર્ભવતી છે. જેનાથી તેના માનસિક સ્વાસ્થ્ય પર હાનિકારક પ્રભાવ પડી રહ્યો છે. અરજદાર સગીરા હોવાના કારણે એ બાળકની જવાબદારી લેવા ઈચ્છતી નથી. હાઈકોર્ટે પણ કહ્યું કે આ સંબંધિત કાયદાની જોગવાઈ અંતર્ગત જાતીય શોષણ કે બળાત્કારની પીડિતા કે સગીરા હોવા પર ૨૪ સપ્તાહ સુધી ગર્ભપાત કરવાની જોગવાઈ છે. આ સાથે હાઈકોર્ટે તમામ મેડિકલ સુવિધા મફત ઉપલબ્ધ કરાવી અને એક સપ્તાહની અંદર રિપોર્ટ રજૂ કરવા માટે ચીફ મેડિકલ ઓફિસર(સીએમઓ)ને સૂચના આપી છે. ભ્રૂણ અને લોહીના નમૂના સાચવી રાખવા પણ કહ્યું છે.

### આ વિવાદના પડઘા સંસદમાં પણ પડ્યા

# મુંબઈ પોલીસે ઈન્ફ્લુએન્સર અપૂર્વા સહિત ૪નાં નિવેદન નોંધ્યાં

## અશ્લીલ વાણી-વિલાસ ઉપરાંત દિવ્યંગો વિષે પણ અણછાજતી ટિપ્પણી મામલે તપાસ કરાઈ

નવી દિલ્હી, તા.૧૩

યુ ટ્યૂબ શો ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ દરમિયાન રણવીર અલાહાબાદિયા અને ટોળકીના અશ્લીલ વાણી-વિલાસ મામલે મુંબઈ પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. બુધવારે પોલીસે ઈન્ફ્લુએન્સર અપૂર્વા માખીજા અને રણવીરના મેનેજર સહિત ચાર વ્યક્તિનાં નિવેદન નોંધ્યા હતા. રણવીરનું નિવેદન આગામી દિવસોમાં નોંધવામાં આવશે. રિયાલિટી શોમાં અપૂર્વાએ પણ ભાગ લીધો હતો. મંગળવારે મહારાષ્ટ્રના સાયબર વિભાગે શોને વિવાદાસ્પદ બનાવનારા ઈસમો સામે ગુનો દાખલ કર્યો હતો. મહારાષ્ટ્ર ભાજપના ઉત્તર ભારતીય મોરચાના પદાધિકારી નિલોત્પલ મૃણાલ પાંડેય દ્વારા સોમવારે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદીએ દાવો કર્યો હતો કે, રિયાલિટી શોમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે વાંધાજનક ભાષાનો ઉપયોગ થયો હતો. તેઓ પોતે દિવ્યાંગ છે અને તેથી આ મામલે શોના પાર્ટિસિપન્ટ્સ સામે પણ કાર્યવાહી થવી જોઈએ. રિયાલિટી શો દરમિયાન રણવીર તથા અન્યોના વાણી-વિલાસના પગલે બંધારણમાં અપાયેલા મૂળભૂત અધિકારો બાબતે ચર્ચા શરૂ થઈ છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે બંધારણે આપેલા અધિકારનો આ ટોળકીએ દુરુપયોગ કર્યો હોવાનું ઘણાં લોકો માને છે. આ વિવાદના પડઘા સંસદમાં પણ પડ્યા છે અને સોશિયલ મીડિયા પર સેન્સરશિપ મૂકતો કાયદો ઘડવા શિવસેના સાંસદ નરેશ માસકે દ્વારા માગણી થઈ છે. રાષ્ટ્રીય મહિલા આયોગે મંગળવારે રણવીર અને સમય રૈના સહિત અન્યોને નિવેદન આપવા ૧૭મીએ બોલાવ્યા છે.

### ભારતમાં ગેરકાયદે

# ઘૂસણખોરી કરનારને પાંચ વર્ષની જેલ અને રૂ.૫ લાખનો દંડ થશે

## કેન્દ્ર સરકાર દ્વારા સંસદના ચાલુ સત્રમાં રજૂ થનારા ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ-૨૦૨૫માં જોગવાઈઓ કરવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩

સરકાર માન્ય પાસપોર્ટ અને વિઝા વિના ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનાર વિદેશી નાગરિકને પાંચ વર્ષની આકરી કેદની સજા અને રૂ. ૫ લાખનો દંડ ફટકારવામાં આવશે. તદઉપરાંત નકલી પાસપોર્ટ અને નકલી દસ્તાવેજોની મદદથી ભારતમાં પ્રવેશનાર કે લાંબો સમય રોકાણ કરનાર વિદેશીને બે વર્ષ કરતા ઓછી નહી એવી મુદતની જેલની સજા થશે જે વધીને સાત વર્ષ સુધીની થઈ શકે છે. તે ઉપરાંત આવા વિદેશીઓને રૂ. ૧ લાખથી લઈને મહત્તમ રૂ. ૧૦ લાખ સુધીનો દંડ ફટકારવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા સંસદના ચાલુ સત્રમાં રજૂ થનારા ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ-૨૦૨૫માં આ મુજબની જોગવાઈઓ કરવામાં આવી છે.આ કાયદો બનશે ત્યારે ઈમિગ્રેશનને લગતા અગાઉના ચાર કાયદા નાબૂદ થઈ જશે, કેમ કે તેમાં ગેરકાયદે દેશમાં ઘૂસણખોરી કરનારા વિદેશીઓ માટે જુદા જુદા વિષયો માટે ઓછી સજા અને ઓછા દંડની જોગવાઈઓ કરાઈ હતી. અગાઉના ચારે ચાર કાયદાઓની અને અમલમાં આવનાર નવા કાયદાની તમામ જોગવાઈઓને સંકલિત કરીને એક નવો કાયદો અમલમાં આવશે. નવો કાયદો અમલમાં આવવાથી રદ થનારા ચાર કાયદાઓમાં ફોરેનર્સ એક્ટ-૧૯૪૬, પાસપોર્ટ (ભારતમાં પ્રવેશ) એક્ટ-૧૯૨૦, રજિસ્ટ્રેશન ઓફ ફોરેનર્સ એક્ટ-૧૯૩૯ અને ઈમિગ્રેશન એક્ટ-૨૦૦૦નો સમાવેશ થાય છે. હાલના કાયદા મુજબ પાસપોર્ટ, વીઝા અને મુસાફરીને લગતાં અન્ય દસ્તાવેજો વિના ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનારા વિદેશી માટે પાંચ વર્ષની જેલની સજા અને દંડની જોગવાઈ કરેલી છે, જ્યારે નકલી પાસપોર્ટ અને નકલી દસ્તાવેજો સાથે ભારતમાં ઘૂસણખોરી કરનાર વિદેશી માટે મહત્તમ આઠ વર્ષની જેલની સજા અને રૂ. ૫૦,૦૦૦ના દંડની જોગવાઈ કરેલી છે. અમલમાં આવનારા નવા કાયદામાં તમામ કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટિઓને તેઓને ત્યાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ લેનારા વિદેશી વિદ્યાર્થીઓની તમામ વિગતો સરકારને પૂરી પાડવા માટે જવાબદાર બનાવવામાં આવી છે.

### પતિ-પત્નીના અલગ-અલગ ટ્રેડિંગ એકાઉન્ટ હતા

# પત્નીએ શેરબજારમાં કરેલું દેવું ચૂકવવાની જવાબદારી પતિની : સુપ્રીમ કોર્ટ

## ટ્રિબ્યુનલે દંપતીને દેવાદાર જાહેર કરતા પતિએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદામાં જણાવ્યું કે, જો દંપતી વચ્ચે મૌખિક કરાર થાય છે, તો પત્નીનું દેવું ચૂકવવાની જવાબદારી પતિ પર આવી શકે છે. આ મામલો સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પીએસ નરસિંહા અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચ સમક્ષ આવ્યો હતો. આ કેસ એક એવા દંપતી સાથે જોડાયેલો છે જેમણે શેરબજારમાં રોકાણ કર્યું હતું. કેસની વિગતો એવી છે કે, પત્નીને શેરબજારમાં ભારે નુકસાન થયું હતું અને તે દેવામાં ડૂબી ગઈ હતી. જ્યારે મામલો મધ્યસ્થી ટ્રિબ્યુનલ સુધી પહોંચ્યો ત્યારે તેણે પતિ અને પત્ની બંનેને દેવાદાર જાહેર કર્યા હતા. આ નિર્ણય સામે પતિએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો પરંતુ તેને ત્યાં કોઈ રાહત મળી નહીં. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ કે, મૌખિક કરારના આધારે પણ પતિને પત્નીના શેરબજારના દેવા માટે જવાબદાર ઠેરવી શકાય છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જના ૧૯૪૭ના કાયદાનો ઉલ્લેખ કરતા કોર્ટે કહ્યું કે, જો ટ્રિબ્યુનલ ઈચ્છે તો તે પતિ પર નાણાકીય જવાબદારી લાદી શકેછે. પતિ-પત્નીના અલગ-અલગ ટ્રેડિંગ એકાઉન્ટ હતા પરંતુ તેઓ તેને સાથે મળીને ચલાવતા હતા. પત્નીને થયેલા નુકસાનની ભરપાઈ પતિના ખાતામાંથી કરવામાં આવી હતી, જેના કારણે તેનું ડેબિટ બેલેન્સ વધ્યું હતું. જ્યારે પતિએ આને પડકાર્યો ત્યારે ટ્રિબ્યુનલે સ્પષ્ટપણે કહ્યું કે આ લોન બંનેની સંયુક્ત જવાબદારી છે. સુપ્રીમ કોર્ટે પણ આને મંજૂરી આપી અને આદેશ આપ્યો કે પતિએ ૯ ટકા વાર્ષિક વ્યાજ સાથે ૧.૧૮ કરોડ રૂપિયા ચૂકવવા પડશે.

**છેલ્લા પાનાનું ચાલુ**

**સુરતના**

પતિને નીચે બંધક બનાવી પત્નીને ધાબા પર લઈ જઈ બંને યુવકે વારાફરતી ગેંગરેપ આચર્યું હતું ત્યારબાદ બંને ઈસમો ફરાર થઈ ગયા હતા. આ અંગે સવારે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પુણા પોલીસ દ્વારા આ ઘટનાને ગંભીરતાથી લઈને તપાસ કરવામાં આવી છે.

આલોક કુમાર (ડીસીપી)એ જણાવ્યું હતું કે, બે ઈસમો દ્વારા લૂંટ અને ગેંગરેપની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. ભોગ બનેલી યુવતીના જણાવ્યા પ્રમાણે, એક સિલ્વર બ્રેસલેટ અને ૩૦ હજારની ચપ્પુની અણીએ લૂંટ કરી હતી ત્યારબાદ ગેંગરેપ આચરવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે સાથે મળીને સીસીટીવી સહિતના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે. આ સાથે જ આરોપીઓને ઝડપથી ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

વધુમાં જણાવ્યું હતું કે, પતિ-પત્ની બંને ઘરમાં હાજર હતા ત્યારે રાત્રે ૩ વાગ્યા આસપાસ બંને અજાણ્યા શખ્સો ઘરે ઘૂસી આવ્યા હતા અને ચપ્પુની અણીએ પતિને બંધક બનાવી લીધો હતો. નીચે પતિને બંધક રાખ્યો હતો અને ધાબા પર પત્નીને લઈ ગયા હતા અને બંને યુવકોએ વારાફરતી ગેંગરેપ આચર્યું હતું. આ સાથે જ જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. જેથી પતિ પત્ની ડરી ગયા હતા અને સવારે હિંમત કરીને ફરિયાદ નોંધાવા આવ્યા હતા.

લૂંટ સાથે ગેંગરેપની ઘટના બનવાના પગલે પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. આ સાથે જ ઉચ્ચ અધિકારીઓ સહિતના એ તપાસ કરી હતી. આ સાથે જ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી પણ ઘટના સ્થળે દોડી ગયા હતા અને આ મામલે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફરિયાદી મહિલા પણ શંકાના દાયરામાં હોવાથી તેની પણ ઉલટ તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે સીસીટીવીમાં બે શંકાસ્પદ પણ કેદ થઈ ગયા છે.

**સિવિલે**

સિવિલ હોસ્પિટલમાંથી ભાગી ગયા હતા. જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી.

ડો. જિગીશા પાટડિયાએ જણાવ્યું હતું કે, ૧૫ જાન્યુઆરીના રોજ મહિલાએ બાળકને સિવિલમાં જન્મ આપ્યો હતો. બાળકને જન્મથી જ બીમારીઓ હતી જેથી તેની આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તપાસ કરતા શ્વાસ લેવામાં તકલીફ, હૃદયમાં કાણું અને પાછળના ભાગે એક ગાંઠ હતી. આ તમામ ગંભીર બાબત હતી. જેથી પાંચ દિવસ જરૂરી સારવાર આપી પરિવારના જણાવતા રજા આપવામાં આવી હતી. આ બાળકને ૨૩ દિવસ બાદ ૭ ફેબ્રુઆરીના રોજ ફરી તેમને સિવિલના તંત્ર દ્વારા બોલાવવામાં આવ્યા હતા.

બાળકને જે ગંભીર બીમારીઓ હતી, તેની વધુ સારવાર આપવા માટે તમામ -કારના ટેસ્ટ કરાવામાં આવ્યા હતા. માતા સીધા ઘરેથી સિવિલ હોસ્પિટલ આવ્યા હતા. તેમના રહેવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળકની હાલત જોતા આઈસીયુંમાં જ રાખવામાં આવ્યું હતું. બાળક સાથે માતા-પિતા અને અન્ય એક વ્યકિત પણ સાથે આવ્યો હતો. જેની ઓળખ નજીકના સગા તરીકે આપવામાં આવી હતી. પાંચથી સાત દિવસ આ બાળક અહીં રહ્યું હતું. આ દરમિયાન માતા અને બાળક પાસે આ નજીકનો યુવક પિતાની હાજરી અને ગેરહાજરીમાં જતો હતો.

બાળકને સ્તનપાન કરાવવા માટે આઈસીયુમાંથી બાળકને લઈને માતાને બહાર પણ આપવામાં આવતું હતું. જેમાં આ યુવક પણ બાળક લેવા આવતો હતો. મોટાભાગે પતિ હાજર ન રહેતો અને નજીકનો સંબંધી એવો યુવક જ સાથે રહેતો હતો. ગત રોજ સવારે સાડા પાંચ વાગ્યે બાળકને સ્તનપાન કરાવવા માટે યુવક બાળકની માતા પાસે લઈને ગયો હતો. આ એક થોડા દિવસનો નિત્યક્રમ થઈ ગયો હતો. જેથી ડોક્ટર કે નર્સિંગ સ્ટાફ માટે અજુગતું થયું હોય તેવું લાગતું ન હતું. જોકે, બાળકને આપ્યા બાદ બેથી અઢી કલાકનો સમય વીતી ગયો હોવાથી પરત ન આવતા તપાસ હાથ ધરવામાં આવી હતી.

બાળક તેની જગ્યા પર હાજર ન હોવાથી અને પરિવાર પણ ન હોવાથી સિક્યોરિટીને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ બાળક અને પરિવારની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જોકે, વધુ બે કે ત્રણ કલાક બાદ પણ કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્યારબાદ બાળકને લઈને નીકળી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી આરએમઓ સહિતને જાણ કરી પોલીસની કાર્યવાહી પૂર્ણ કરી હતી. બાળકને પિતાને પણ બોલાવી લેવામાં આવ્યા હતા. આ બાબતે તેમને પણ જાણ કરી હતી. આગળની કાર્યવાહી પોલીસ કરી રહી છે.

**શાળા**

સમયગાળા દરમ્યાન કરવામાં આવેલી આરોગ્ય તપાસણી અંતર્ગત સુરત મનપાવિસ્તારની કુલ-૧૭૨૪ (ઉપર જણાવ્યા મુજબની આંગણવાડીથી લઈને ધોરણ ૧૨ સુધીની) શૈક્ષણીક સંસ્થાઓના બાળકો અને શાળાએ ન જતા બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન કુલ ૧૧,૭૫,૫૩૮ જેટલા બાળકોની આરોગ્ય તપાસણીનું ભગીરથ કાર્ય પૂરૂ કરવામાં આવ્યું છે, જે દરમ્યાન જન્મજાત હૃદયની ખામી વાળા ૩૧૯, ન્યુરલ ટ્યુબ ડીફેક્ટના ૧૧, ફાટેલા હોઠ અને તાળવાના ૫૮, ક્લબ ફુટ -૫૧, કેન્સરના -૧૨૪, થાઈરોઈડના -૬૭, ડાયાબીટીસ -૭૩, થેલેસેમીયા -૩૩ બાળકો ઉપરાંત નાની મોટી ખામીઓ સંદર્ભે બાળકોને જરૂરીયાત મુજબ વિનામૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવી છે.

**કેદાર મૃત્ય**

વિભાગના અધિકારીઓ દ્વારા કેદારને શોધવાની શરૂઆત તો કરી દેવામાં આવી પરંતુ, ડ્રેનેજની લાઈન અને વરસાદી પાણીના નિકાલની લાઈન કઈ તરફ જઈ રહી છે તે પણ સમજવી મુશ્કેલ હતી એવા સમયે ડ્રેનેજ લાઈનનો નકશો મંગાવવામાં આવ્યો હતો, જે કલાકો સુધી ન આવ્યા હોવાની ફરિયાદો ઉઠી હતી. ગેરકાયદેસર જોડાણ હોવાને કારણે ઝડપથી નકશો રજૂ કરવામાં ન આવ્યો હોવાનું ચર્ચા રહ્યું હતું.

સમગ્ર ઘટનાની અંદર પોલીસને કોર્પોરેશન દ્વારા રિપોર્ટ સોંપવામાં આવશે ત્યારબાદ જ પોલીસ દ્વારા પગલાં લેવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા કેદારના મૃત્યુ કેસની અંદર જવાબદાર અધિકારી નક્કી થઈ ગયા બાદ તેનો રિપોર્ટ પોલીસ કમિશનરને સોંપવામાં આવશે અને ત્યારબાદ જે-તે જવાબદાર વ્યક્તિ સામે સાપરાધ મનુષ્યવધનો ગુના નોંધવામાં આવનાર છે. પોલીસ દ્વારા બે વખત મ્યુનિસિપલ કમિશનરને રિમાઈન્ડર મોકલી દેવામાં આવ્યું છે કે, જવાબદાર અધિકારીનો રિપોર્ટ ઝડપથી સોંપવામાં આવે પરંતુ, મ્યુનિસિપલ કમિશનર દ્વારા હજી સુધી પોલીસ કમિશનરને સમગ્ર ઘટનામાં જવાબદાર અધિકારી વિશેની કોઈ વિગત આપવામાં આવી નથી. મ્યુનિસિપલ કમિશનરનું વલણ પણ આ બાબતે ગંભીર જણાતું નથી. આ ઘટનાને સાત દિવસ પૂર્ણ થઈ ગયા બાદ કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલે જવાબ રજૂ કરી દીધો છે. હવે બંધ કવરમાં આપેલા જવાબમાં તેમણે પોતાનો કેવી રીતે બચાવ કર્યો છે, તે જોવુ મહત્વનું છે અને ત્યારબાદ જવાબ બાબતે મ્યુનિસિપલ કમિશનરનો અભિગમ કેવું રહેશે? તેના પર સૌ કોઈની મીટ મંડાયેલી છે.

**પોલીસકર્મીઓના**

જરદોશી હેન્ડવર્ક શીખીને કુશળ બને સાથો સાથ સ્વનિ ર્ભર પણ બને એ વો આ તા લી મ નો હે તુ છે. [illegible] હ ે ન્ડ ી ક્ર ા ફ ્ ટ દ્વારાતાલીબદ્ધકરવામાંઆવીછે, [illegible] જરદોશીહહેન્ડવર્કનેજીવંતરાખીરહીછે, ત્યારેપોલીસપરિવારની બહેનો પણસુરતનીપરંપરાગત- ૫ ્ ા ચ ી ન જ ર ી - જરદોશીહેન્ડવર્કનીકલાનેજીવંત રાખવામાંનિમિત્તબનશે.

નાયબ પોલીસ કમિશનર ભક્તિબા ડાભીએજણાવ્યું કે, કેન્દ્રસરકારનીસમર્થ યોજના [illegible] અનેઉત્તીર્ણથયેલાતાલીમાર્થીઓએજરી- જ ર દ ા ે શ ી [illegible] િ ચ ત ્ ા ા ે , જરીગિફ્ટઆર્ટિકલ્સનુંવેચાણમાટે કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયના સહયોગથી મંચ પૂરો પાડવામાં આવશે. અમી સુરતનું જરી એસોસિએશન નજીવાદરેજરી- જરદોશીનોકાચોમાલપૂરોપાડશે.

**પહેલા પાનાનું ચાલુ**

**નાણામંત્રી**

જટિલ સમજૂતીઓ અને જોગવાઈઓ દૂર કરવામાં આવી છે, જેનાથી તેને સમજવામાં સરળતા રહે છે. ક્રિપ્ટોકરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિઓને હવે અઘોષિત આવક હેઠળ ગણવામાં આવશે. પારદર્શિતા વધારવા અને કરચોરીને રોકવા માટે ડિજિટલ વ્યવહારો અને ક્રિપ્ટો સંપત્તિઓ પર કડક જોગવાઈઓ લાગુ કરવામાં આવી છે. નવા બિલમાં કરદાતા ચાર્ટરનો પણ સમાવેશ થાય છે, જે કરદાતાઓના અધિકારોનું રક્ષણ કરશે અને કર વહીવટને પારદર્શક બનાવશે. નવી કર વ્યવસ્થા હેઠળ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર થશે નહીં અને બજેટમાં જાહેર કરાયેલા દરો એ જ રહેશે.

જાણો કર વિશે

૪ લાખ રૂપિયા સુધીની આવક- કોઈ કર નહીં

૪ લાખ રૂપિયા ૧ થી ૮ લાખ રૂપિયા- ૫ ટકા ટેક્સ

૮ લાખ રૂપિયા ૧ થી ૧૨ લાખ રૂપિયા- ૧૦ ટકા ટેક્સ

૧૨ લાખ (૧ રૂપિયાથી ૧૬ લાખ રૂપિયા) ૧૫% ટેક્સ- ૧૬ લાખથી ૨૦ લાખ રૂપિયા સુધી ૨૦% ટેક્સ

૨૦ – ૨૪ લાખ ૨૫% ટેક્સ

૨૪ લાખ રૂપિયાથી વધુ ૩૦% ટેક્સ

**હવે**

કરદાતા) પર દરેક તબક્કે સર્વિસ ટેક્સ વસૂલવા માટે નાણા અધિનિયમ, ૧૯૯૪ માં કરવામાં આવેલા સુધારા નિષ્ફળ ગયા છે. ન્યાયાધીશ નાગરત્નાએ કહ્યું હતું કે પ્રતિવાદી-કરદાતા દ્વારા સિક્કિમ સરકારને કોઈપણ એજન્સી અથવા એજન્ટ તરીકે કોઈ સેવા પૂરી પાડવામાં આવી નથી, તેથી લોટરી ટિકિટ ખરીદનાર (પ્રતિવાદી-કરદાતા) અને સિક્કિમ સરકાર વચ્ચેના વ્યવહાર પર સર્વિસ ટેક્સ વસૂલ કરી શકાતો નથી. ચુકાદો આપતાં ન્યાયાધીશ નાગરત્નાએ કહ્યું કે આ સંદર્ભમાં કોઈ એજન્સી ન હોવાથી પ્રતિવાદીઓ (લોટરી વિતરકો) સર્વિસ ટેક્સ ચૂકવવા માટે જવાબદાર નથી. જોકે પ્રતિવાદીએ લોટરી વિતરકોને ભારતના બંધારણની યાદી ૨ ની એન્ટ્રી ૬૨ હેઠળ રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલ ગેમ્બલિંગ ટેક્સ ચૂકવવો જરૂરી છે. બેન્ચે કહ્યું કે લોટરી ટિકિટ ખરીદનાર અને પેઢી વચ્ચેના વ્યવહાર પર સર્વિસ ટેક્સ વસૂલવામાં આવતો નથી. ઉપરોક્ત ચર્ચઓનિ ધ્યાનમાં રાખીને, અમને ભારતીય સંઘ અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલમાં કોઈ યોગ્યતા દેખાતી નથી. તેથી, આ અપીલો ફગાવી દેવામાં આવે છે.સુપ્રીમ કોર્ટે સિક્કિમ હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો અને કહ્યું કે લોટરી પર ફક્ત રાજ્ય સરકાર જ કર લાદી શકે છે, કેન્દ્ર સરકાર નહીં. કોર્ટે કહ્યું કે હાઈકોર્ટનો નિર્ણય યોગ્ય હતો કે લોટરી સટ્ટા અને જુગાર ની શ્રેણીમાં આવે છે, જે બંધારણની રાજ્ય યાદીની એન્ટ્રી ૬૨ નો ભાગ છે અને ફક્ત રાજ્ય સરકાર જ તેના પર કર લાદી શકે છે. કેન્દ્રએ ૨૦૧૩માં હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. હાઈકોર્ટે આ નિર્ણય લોટરી ફર્મ 'ફ્યુચર ગેમિંગ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આપ્યો હતો.

**જર્મનીમાં**

આરોપી જ્યારે ભીડમાં લોકોને કચડી રહ્યો હતો ત્યારે અનેક લોકો જીવ બચાવવા માટે આસપાસની ઈમારતમાં જતા રહ્યા હતાં.

નોંધનીય છે કે, ગત વર્ષે ૨૦ ડિસેમ્બરે પણ જર્મનીના જ મેગડેબર્ગ શહેરના ક્રિસમસ માર્કેટમાં એક શખસે લોકો પર કાર ચઢાવી દીધી હતી.

આ ઘટનામાં ૫ લોકોની મોત નિપજ્યા હતાં અને ૨૦૦ થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. હુમલાનો આરોપી ૫૦ વર્ષનો એક સાઉદી અરબનો ડૉક્ટર હતો, જે ૨૦૦૬થી જર્મનીના પૂર્વી રાજ્ય સેક્સોની-અહાલ્ટમાં રહેતો હતો. જોકે, આરોપીની તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી લેવાઈ હતી.

**ગાંધીનગરમાં**

BIMSTEC દેશોએ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે એક સંકલિત પ્રાદેશિક સ્ટાર્ટઅપ નેટવર્ક બનાવવા માટે સહયોગ કરવો જોઈએ. વધુમાં, ડૉ. માંડવિયાએ BIMSTEC ને ભારતના પ્રસ્તાવની જાહેરાત કરી, જે "યુવા સેતુ" તરીકે કામ કરશે, જે જ્ઞાન-વહેંચણી, નેતૃત્વ કાર્યક્રમો અને પ્રાદેશિક નેટવર્કિંગ તકો દ્વારા યુવા નેતાઓને સશક્ત બનાવવા માટે એક બહુ-ક્ષેત્રીય પહેલ છે. આ પહેલનો ઉદ્દેશ્ય એક પરિવર્તનશીલ પ્લેટફોર્મ બનાવવાનો છે જે ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શિક્ષણ અને ટેકનોલોજીને એકીકૃત કરે છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમના ભાષણમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનનો પુનરોચ્ચાર કર્યો, બંગાળની ખાડીને જોડાણ, સમૃદ્ધિ અને સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ સેતુ તરીકે વર્ણવી, જે પ્રાદેશિક એકીકરણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે. વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) શ્રી જયદીપ મઝુમદારે, BIMSTEC દેશોને બાંધતા સહિયારા ઈતિહાસ અને સામાન્ય મૂલ્યો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ૧.૭ અબજથી વધુ લોકોનું ઘર, આ પ્રદેશ પ્રચંડ તકો અને પડકારો પ્રદાન કરે છે, અને ભાર મૂક્યો હતો કે BIMSTEC ની તાકાત સરહદો પાર તેના ઊંડા સંબંધોમાં રહેલી છે.

**જામિયા**

વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ કેન્ટીન સહિત યુનિવર્સિટીની સંપત્તિને નુકસાન પહોંચાડ્યું અને સુરક્ષા સલાહકારની ઓફિસનો દરવાજો તોડી નાખ્યો હતો, જેના કારણે વહીવટીતંત્રને કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. તેમણે યુનિવર્સિટીના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે અને તે વાંધાજનક અને પ્રતિબંધિત વસ્તુઓ વહન કરતા જોવા મળ્યા. યુનિવર્સિટી વહીવટીતંત્રો યુનિવર્સિટીની મિલકત, દિવાલોને થયેલા નુકસાન અને ક્લાસમાં વિક્ષેપને ગંભીરતાથી લીધો છે અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સામાન્ય રીતે ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે આ પગલાં લીધાં છે.'

**ફ્રાન્સે**

રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળની શરૂઆત પછી પીએમ મોદીની આ પહેલી અમેરિકા મુલાકાત છે. જે ભારત-અમેરિકા દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં હશે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે પીએમ મોદી ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

# વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે ચોર્યાસી તાલુકાના રાજગરી, દામકા, સુવાલી અને જુનાગામ ખાતે વિવિધ વિકાસકામો લોકાર્પણ

## પ્રતિષ્ઠિત કંપનીઓના CSR ફંડના ઉપયોગથી નાના અને કાંઠા વિસ્તારના ગામોનો વિકાસ શક્ય બન્યો છે: વન-પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ










સુરતગુરુવાર

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે AMNS કંપનીના CSR ફંડમાંથી ચોર્યાસી તાલુકાના રાજગરી, દામકા, સુવાલી અને જુનાગામ ખાતે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરાયું હતું.

વિકાસકામો હેઠળ રાજગરી ગામ ખાતે રૂ.૩૮ લાખના ખર્ચે તૈયાર થયેલા સ્મશાન ગૃહ, સુવાલી અને જુનાગામ ખાતે રૂ.૨૫-૨૫ લાખના ખર્ચે નિર્માણ થયેલા અમૃત્ત સરોવરોનું લોકાર્પણ, દામકા ગામ ખાતે રૂ.૪૦ લાખના ખર્ચે તૈયાર થયેલા ક્રિકેટ ગ્રાઉન્ડ અને રૂ.૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલ સોલાર લિફ્ટ ઈરિગેશનનું લોકાર્પણ અને AMNS ઈન્ડિયા કંપની ખાતે સંખી મંડળ સંચાલિત કેન્ટીનનું ઉદ્દઘાટન કરાયું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રોત્સાહક વિકાસ નીતિના પરિણામે પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા મોટા પ્રમાણમાં રોકાણ થઈ રહ્યું છે, જેના કારણે હજીરા વિસ્તારનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. આ કંપનીઓના સહયોગથી દ્બ્લ્ય ફંડ મારફતે આજુબાજુના ગામોમાં પીવાનું પાણી, આરોગ્ય, રમતગમત સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ખ્ફ્ફ્લ કંપની દ્વારા દિકરીઓ અને મહિલાઓ પ્રાધાન્ય આપવામા આવી રહ્યું છે. કંપની દ્વારા હજીરાના આજુબાજુના વિસ્તારની દિકરીઓ અને મહિલાઓને ક્રેન ઓપરેટર ટ્રેનિંગ આપી આર્થિક રીતે પગભર કરવાનું અવિતર કામ થઈ રહ્યું છે. ૧૦૦ મહિલાઓને ક્રેન ઓપરેટરને ટ્રેનિંગ આપી કંપનીમાં નોકરી આપી આત્મનિર્ભર બનાવી છે જે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે રાજયમંત્રીશ્રીએ AMNS કંપની દ્વારા નાના અને કાંઠાના ગામોમાં શિક્ષણ, આરોગ્ય તેમજ પાણીની મૂળભૂત સુવિધાઓ માટે કરવામાં આવતા વિકાસ કાર્યોને બિરદાવ્યા હતા. આ તકે મંત્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્યશ્રી નિલેશભાઈ તડવી, દામકા સરપંચ શ્રીમતી રેવાબેન પટેલ, ઉપસરપંચ તુલસીભાઈ પટેલ, ખ્ફ્ફ્લ કંપની કોર્પોરેટ અફેર્સના હેડ શ્રી ડૉ.અનિલભાઈ ભટ્ટ, AMNS કંપની સી.એસ.આર.હેડ કિરણસિંહ સિંધા, AMNS કંપનીના અધિકારીઓ, વિવિધ ગામના સરપંચશ્રીઓ સહિત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા કાનૂની સત્તા મંડળ-સુરત દ્વારા તા.૮મી માર્ચે સુરત જિલ્લાની તમામ કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

## સમાધાનથી ટાર્ગેટેડ કેસોનું નિરાકરણ કરાશે પક્ષકારો તથા તેમના વકીલોએ સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો

સુરતગુરૂવાર

સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા રાષ્ટ્રીય કાનુની સેવા સત્તામંડળના નેજા હેઠળ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન તેમજ સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષાની અધ્યક્ષતામાં આગામી તા.૮/૩/૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે. સુરત જિલ્લાની તમામ કોર્ટોમાં શહેરઅનેતાલુકા કોર્ટોમાંપેન્ડીંગ જુના સમાધાન લાયક કેસોનું લોક અદાલતના માધ્યમથી નિકાલ કરી શકાય એવા કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ નાકેસો, નાણાવસુલાતનાકેસો, મજૂરતકરાર, ઈલેક્ટ્રીસીટી એન્ડ વોટર બિલ્સ (નોન કંપાઉન્ડેબલ કેસોને બાદ કરતા), જમીન સંપાદન રેફરન્સના કેસો,વૈવાહિક તકરારોના (છુટાછેડા સિવાયના) કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃતિના લાભોને લગતા કેસો, મહેસૂલ કેસો, અન્ય દીવાની કેસો (ભાડા તકરાર, સુખાધિકાર, મનાઈ હુકમનાં, વિશિષ્ટ પાલનના દાવા) જેવા ટાર્ગેટેડ કેસોનાનિકાલમાટે પક્ષકારો તથા તેમના વકીલોએ સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો.

વધુમાં, સીસીટીવી કંટ્રોલરૂમ, સુરત દ્વારાટ્રાફિક નિયમનો ભંગ કરતા હોય તેવા વાહન ચાલકોને મોટર વ્હિકલ એકટ હેઠળઈ-ચલણના નાણાં ઓનલાઈન તથા ઓફલાઈન મધ્યમથી લોક અદાલતમાં ભરી શકશે તેમજ સંભવ ઈનીશિએટીવ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ સાથે મળી રૂબરૂ તથા ટેલિફોનીક માધ્યમથી ઈ-ચલણ ભરવા માટે લોકોને શિક્ષીત કરવામાં આવશે. લોકઅદાલતનો લાભ લઈ બાકી ઈ-ચલણના નાણાની ચુકવણી કરી દેવાથી ભવિષ્યમાં તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી થશે નહીતો તેનો પણ લોકો લાભ લઈ શકે છે.

રાષ્ટ્રીય લોક અદાલતમાં કેસોનો નિકાલ થવાથી બંન્ને પક્ષકારોના હિતમાં કેસનો ફેસલો થશે, જેથી કોઈ પક્ષકાર પોતાના કેસો લોક અદાલતમાં મૂકવા માંગતા હોય તો તેઓ જે તે અદાલતમાં અથવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-સુરત તથા તાલુકા કાનૂની સેવા સમિતીનો સંપર્ક કરી પોતાનો કેસો આગામી રાષ્ટ્રીય લોક અદાલતમૂ મુકી શકશે તેમ જિ.કાનૂની.સેવા સત્તામંડળના સચિવ સી.આર.મોદીની યાદીમાં જણાવ્યું છે.

# સુરતના પુણામાં લૂંટ વીથ ગેંગરેપ છરીની અણીએ લૂંટ ચલાવી પતિને બંધક બનાવ્યો; પત્નીને ધાબા પર લઈ જઈ દુષ્કર્મ આચર્યું






■ **સુરત, તા. ૧૩**

સુરતના પુણા વિસ્તારમાં એક ગેંગરેપ વિથ રોબરીની ઘટના બની હોવાથી ચકચાર મચી જવા પામી છે. બે અજાણ્યા યુવકો ઘરમાં ઘૂસી ગયા હતા અને ચપ્પુની અણીએ ઘરમાં લૂંટ ચલાવી હતી ત્યારબાદ પતિને બંધક બનાવી યુવતી પર ગેંગરેપ આચર્યું હતું. આ અંગે પુણા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ આદરી હતી. આ અંગે ઉચ્ચ અધિકારીઓ એસીપી અને ડીસીપી સહિતના પણ દોડી ગયા હતા અને તપાસ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસે તપાસ કરતા એક સીસીટીવીમાં બે શંકાસ્પદ કેદ થઈ ગયા છે.

મળતી માહિતી પ્રમાણે પુણા વિસ્તારમાં આવેલા ગીતાનગરમાં એક મકાનમાં રાતે દંપતી ઘરે હાજર હતું. દરમિયાન બે અજાણ્યા ઈસમો ઘરમાં ઘૂસી પતિને બંધક બનાવી લીધો હતો અને ચપ્પુની અણીએ ઘરમાં લૂંટ ચલાવી હતી. એટલું જ નહીં પણ લૂંટ ચલાવ્યા બાદ ઘરમાં બંધક બનાવવામાં આવેલી યુવતી પર ગેંગરેપ આચરવામાં આવ્યું હતું.

અનુસંધાન પાના ૭ પર

# સિવિલે માનવતા દાખવી પણ માતા માનવતા ભૂલી

## NICUમાંથી બાળક લઈ માતા અને તેનો મિત્ર ફરાર, ટ્રેનમાં બેસ્યા પછી ઉતરી ગયા, મિત્ર બાળકને લઈને હજુ ફરાર




■ **સુરત, તા. ૧૩**

સુરતની સિવિલ હોસ્પિટલમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. સુરત સિવિલ હોસ્પિટલના તબીબો જે બાળકને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, તેને લઈને માતા અને તેનો મિત્ર ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા માતા મળી આવી હતી જ્યારે તેનો મિત્ર બાળક લઈને ફરાર થઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલે બાળકને બચાવવા માનવતા દાખવી હતી. જોકે, માતા માનવતા ભૂલી ગઈ હતી અને ગંભીર હાલતમાં બાળકને લઈને મિત્ર સાથે ભાગી ગઈ હતી.

મળતી માહિતી પ્રમાણે, સુરત સિવિલ હોસ્પિટલમાં ગત જાન્યુઆરી મહિનામાં એક મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો. જન્મથી જ બાળકની ગંભીર હાલત હતી. જેથી તેમને ફરી સુરત સિવિલ હોસ્પિટલ બોલાવવામાં આવ્યા હતા ત્યારે તેમનો પતિ અને અન્ય એક પરિચિત યુવક સાથે હતો. બાળકને સ્તનપાન કરાવવા માટે આઈ સી યુ માંથી માતા પાસે બહાર લઈ જવામાં આવતું હતું. આ દરમિયાન છ દિવસની સારવાર બાદ ગતરોજ સવારે પહેલા મહિલા અને ત્યારબાદ યુવક બાળકને લઈને સુરત

અનુસંધાન પાના ૭ પર

# શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૧,૭૫,૫૩૮ બાળકોની આરોગ્ય તપાસણી

માહિતી બ્યુરોઃ

સુરત ગુરુવારઃ- સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય-રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી / બાલવાડીના તમામ બાળકો, ધો. ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ, શાળાએ ન જતા ૧૮ વર્ષ સુધીના તમામ બાળકો, આશ્રમ શાળાના વિધાર્થીઓ, ચિલ્ડ્રન હોમ / અનાથાશ્રમના બાળકો અને પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ મદ્રેસાઓના બાળકોની વર્ષમાં બે વાર આરોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમની શરૂઆત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૬ થી કરવામાં આવી હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૧૪માં ભારત સરકારના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની શરૂઆત થતા વર્ષ ૨૦૧૪થી આ કાર્યક્રમ શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્યકાર્યક્રમ નાના મથી અમલમાંછે.

આ આરોગ્ય તપાસણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ખાતે ૩૯ ડેડીકેટેડ મોબાઈલ હેલ્થ ટીમ કાર્યરત છે, દરેક ટીમમાં ૨ આયુષ તબીબ, એક ફાર્માસીસ્ટ અને એક ફીમેલ હેલ્થ વર્કર મળી ચાર સભ્યો હોય છે. તેઓને ફિલ્ડ અને શાળાઓમાં બાળકોની -નથમિક તપાસણી માટે ટીમ દીઠ વાહનની ફાળવણી કરવામાં આવે છે. આ ટીમો માઈક્રોપ્લાન મુજબ જે તે શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ બાળકોની ૪-ડી એટલેકે જન્મજાત ખામી (ડીફેક્ટ), ઉણપ (ડેફીસીયંસી), રોગ (ડીસીઝ) અને અવિકસિત (ડેવલપમેન્ટલ ડીલે) જેવા માપદંડો મુજબ પ્રાથમિક આરોગ્ય તપાસણીને આધારે ખામીવાળા બાળકોને અલગ તારવીને તેઓને આરોગ્ય કેંદ્રના મેડીકલ ઓફિસર પાસે સારવાર અને વધુ તપાસણી માટે મોકલી આપે છે. મેડીકલ ઓફિસર દ્વારા -નથમિક સારવાર આપી જો આ બાળકો પૈકી કોઈને વધુ સારવારની જરૂરીયાત જણાય તો તેમને સંદર્ભ કાર્ડ ભરીને સિવિલ હોસ્પિટલ કે સ્મીમેર હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે, જ્યાં આ બાળકોને યોગ્ય સારવાર વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે, આ હોસ્પિટલ ખાતેથી વિશેષ સુપર સ્પેશ્યાલીટી ટર્શરી સારવાર કે ઓપરેશન ની જરૂરીયાત હોય તેવા બાળકોને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીની વિના મૂલ્યે સારવારની મંજુરી આપી રાજ્ય સરકાર દ્વારા આ કાર્યક્રમ માટે નિયત કરેલી હોસ્પીટલો ખાતે રીફર કરવામાં આવે છે, જ્યાં બાળકોને તમામ નાની મોટી બિમારીઓની સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે, આ રીતે આપવામાં આવતી સારવારમાં હૃદય, કીડની, કેન્સર, થેલેસેમીયા, બોર્નમેરો ટ્રાન્સપ્લાંટ, લીવર ટ્રાન્સપ્લાંટ, કોકલીયર ઈમ્પલાંટ જેવી ખર્ચાળ સારવાર પણ વિનામૂલ્યે પ્રાપ્ત થાય છે.

એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ ના

અનુસંધાન પાના ૭ પર

# કેદાર મૃત્યુ કેસમાં વધુ એક જવાબ રજૂ થયો તાપણું કરતા ઝડપાયેલા કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલે બંધ કવરમાં જવાબ રજૂ કયો

■ **સુરત, તા. ૧૩**

સુરતમાં કેદારના મોત બાદ ભલે મેયર દ્વારા મોટા ઉપાડે તાત્કાલિક પગલાં લેવાની વાતો કરવામાં આવી હોય પરંતુ, વાસ્તવિકતા વિપરીત છે. મેયરે કહ્યું હતું કે, ઝડપથી એક્શન લેવાઈ જશે પરંતુ, હજી સુધી જવાબદાર પણ નક્કી થઈ શક્યા નથી જે દુઃખદ બાબત છે.

વરિયાવ વિસ્તારમાં ગટરમાં પડી જવાથી બે વર્ષના માસૂમ બાળક કેદારનું મોત થયું હતું. જેને લઈને શહેરભરમાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે. રાંદેર ઝોનના ધર્મેશ મિસ્ત્રીને બંધ કવરમાં



કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલે જવાબ રજૂ કરી દીધો છે. અત્યાર સુધીમાં ત્રણ અધિકારી દ્વારા જવાબ રજૂ કરવામાં આવી ચૂક્યો છે પરંતુ, જેનો ઉલ્લેખ કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યો છે. તેને લઈને કર્મચારીઓની માનસિકતા પણ છતી થઈ ગઈ છે. હવે બંધ કવરમાં તેજસ પટેલ દ્વારા જવાબ આપી દેવામાં આવ્યો છે, ત્યારબાદ શું નિર્ણય કરાશે તેના પર સૌ કોઈની નજર છે.

રાંદેર ઝોનના કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી. કેદારના મોત બાદ ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની લાઈનના નકશા બાબતે વિવાદમાં આવેલા કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલ ઘટના બાદ તાપણું કરતા ઝડપાયા હતા. અધિકારીઓના આ વલણને કારણે કોર્પોરેશનની કામગીરીની ભારે ટીકા થઈ હતી. ફાયર

અનુસંધાન પાના ૭ પર

# પોલીસકર્મીઓના ધર્મપત્નીઓને જરી-જરદોશીની તાલીમનો પ્રારંભ કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ ૩૦ બહેનો તાલીમ મેળવી આત્મનિર્ભર બનશે







માહિતી બ્યુરોસુરતગુરૂવાર

રાજ્યમાં પ્રથમવાર સુરત પોલીસ કમિશનરશ્રીઅનુપમસિંહ ગહલૌતના ધર્મપત્ની શ્રીમતી સંધ્યાબેન ગહલૌત તથા નાયબ પોલીસ કમિશનર ભક્તિબા ડાભીના માર્ગદર્શન હેઠળ પોલીસકર્મચારીઓની ધર્મપત્નીઓને આત્મનિર્ભર કરવા માટે જરી જરદોશીની તાલીમનો -નરંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ પ્રથમતબક્કામાં૩૦ બહેનો તાલીમ મેળવી આત્મનિર્ભર બનશે. અમી હેન્ડીક્રાફટનાઉપક્રમેતાલીમાર્થીઓ મહિલાઓનેજરી-જરદોશીવર્કની ક ી ટ સ એનાયતકરવામાંઆવીહતી.

પૂર્વ કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશનીવિશેષઉપસ્થિતિમાંસુરત પોલીસ મુખ્ય મથક, કોમ્યુનિટી હોલ પાસેના પોલીસ તાલીમ કેન્દ્ર ખાતેથીતાલીમનો પ્રારંભ કરાવતા સ ં ધ ્ય ા બ ે ન ગહલૌતેજણાવ્યું હતું કે,અમી હેન્ડીક્રાફટ પ્રોડયુસર કંપનીના માધ્યમથી કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળપોલીસપરિવારનીબહેનોને ૩૦ દિવસની જરદો શીતાલીમ અનેબાદ ૧૫ દિવસની વિશેષ બેઝિક તાલીમ એમ મળીકુલ૪૫દિવસનીતાલીમ આપવામાં આવશે.

કેન્દ્રની સમર્થ યોજનાનુ ંઅમલી કરણ કરનાર અમી હેન્ડીક્રાફટ દ્વારા તાલીમાર્થીઓને સર્ટિફીકેટ આપી તેમનો જરીફ્રેમવર્ક, ગિફ્ટઆર્ટીકલ્સ, વસ્તુઓની પ્રોડકટના ડેવલપ મેન્ટ માં સક્ષમ બનાવાશે.આ તાલીમના માધ્યમથી પોલીસ પરિવારની મહિલાઓ ક્રિએ ટિવથિન્કીંગ સ ા થ ે - વ ્ ર િ ત ા મ ય બનેએવોઅમારોહેતુછે એમ સંધ્યાબેન ગહલૌતેઉમેયુંહતું.

પૂર્વ કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, સુરતનીજરીનીવૈશ્વિકઓળખછે. પોલીસપરિવારનીમહિલાઓ તેમના ફ્રી-ટાઈમમાં પરંપરાગત

અનુસંધાન પાના ૭ પર

**PRINTED BY** GANESH PANDURANG SAWANT AND **PUBLISHED BY** GANESH PANDURANG SAWANT **ON BEHALF OF SHREE SAI PRAKASHAN AND PRINTED AT** SHREE SAI PRAKASHAN 26-27, SAHYOG SOCIETY, GUJARAT HOUSING BOARD, SACHIN- KANSAD ROAD, SURAT, **AND PUBLISHED AT** 1 TO 6, SANKALP SHOPPING CENTER OPP. ALTHAN TENAMENT,BHATAR ROAD, SURAT. **AND EDITOR** GANESH PANDURANG SAWANT , **RNI No. 54951/93** E-MAIL : navgujarat@yahooo.co.in, navgujarattimes@rediffmail.com phone No. 0261-2264749 Fax No. 0261-2264849.